


દિવસનો આરંભ (ફોટો · ચંદ્રકાન્ત પટેલ)

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

તંત્રી
ધીરુ પરીખ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
વર્ષ ૬૫મું · નવેમ્બર · ૧૯૯૨ · સળંગ અંક ૭૭૮

સંપાદક : બિહારીલાલ ટાંક



ઊંટયુદ્ધ : હાથી, સિંહ, બકરા, કૂકડા, સાપનોળિયો વગેરેને અરસપરસ લડાવવાની રમતમાંથી સદીઓથી લોકો મનોરંજન મેળવતા રહ્યા છે અજંતાનાં ભીંતચિત્રોમાં બે આખલાના યુદ્ધનું ચિત્ર તેની એક સાક્ષીરૂપ છે. અને આવી રમતનાં અનેક ચિત્રો આલેખાયાં છે. રાજસ્થાની અને મુઘલ લઘુચિત્રો આ રીતે પ્રખ્યાત છે. અહીં બાદશાહ જહાંગીરના સમયનું ઊંટની લડાઇનું એક લઘુચિત્ર આપ્યું છે. એકબીજાના પેટ નીચે ગરદન પેસાડી બચકાં ભરતા ઊંટોની દેહવળાંક દ્વારા ચિત્રકારે જે સુંદર ચિત્રસંયોજન રચ્યું છે તેમાં તેની આલેખન-શક્તિ સાથે તેની નિરીક્ષણ શક્તિ પણ દેખાઈ આવે છે. પશ્ચાદ્‌ભૂમાં દેખાતી વાદળીઓ એ ચીની ચિત્રશૈલીની ઇરાને ઝીલેલી અસર છે, અને પવનમાં ડોલતાં વૃક્ષછોડનું આલેખન એ ઇરાની લાક્ષણિકતા છે. મુઘલ કલમ ઇરાની-શૈલીમાંથી વિકસી હોઈ તેમાં પણ તેનો પ્રભાવ જોવા મળે છે.

અત્તરિયાને

અત્તરિયાને ! અત્તરના સોદા ન કીજીએ :
અત્તરિયાને ! અત્તર તો એમનેમ દીજીએ.

હાટડી પૂછીને કોક આવી ચડે તો એને
પૂમડું આલીને મન રીઝીએ;
દિલની દિલાવરીનો કરીએ વેપાર, ભલે
છોગાની ખોટ ખમી લીજીએ.

ઊભે બજાર લોક આવે હજાર, એની
ઝાઝી ન પડપૂછ કીજીએ;
આપણને વહોરવા આવે, એને તે એલા
ગંધને રે બંધ બાંધી લીજીએ.

આઘેથી પગલાંને પરખી લઈએ, ને એના
ઉરની આરતને પ્રીછીએ;
માછીડો ગલ જેમ નાખે છે જલ, એમ
નજરુંની ડૂબકી દીજીએ.

આછી આછી છાંટ જરી દઈએ છાંટી ને એવો
ફાયો સવાયો કરી દીજીએ-
રૂંવે રૂંવે સૌરભની લેર્યું લે'રાય, એવાં
ઘટડાંમાં ઘેન ભરી દીજીએ.

બાલમુકુન્દ દવે

નવેમ્બર **કુમાર** ૧૯૯૨

કુમાર સળંગ અંક ૭૭૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૭૫; પરદેશમાં રૂ. ૩૫૦; આજીવન રૂ. ૭૫૦ -
આ અંકની છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે..

શિવમહિમ્ન સ્તોત્ર વિશે

શિવ પરત્વેની ભાવનાનું ભક્તિમય ગાન અનેક ભક્તો-કવિઓ દ્વારા ગવાયું છે. આ પરંપરામાં 'શિવમહિમ્ન સ્તોત્ર'નું સ્થાન મોખરે છે. પુષ્પદંત આ સ્તોત્રનો રચયિતા હોવાનું કહેવાય છે. આ પુષ્પયદંત અંગે એક દંતકથા પ્રચલિત છે. કોઈ એક રાજાના ઉદ્યાનમાંથી પુષ્પદંત ગન્ધર્વરાજ દરરોજ પુષ્પ તોડી લાવતો હતો. એ અન્તર્ધાન પણ થઈ શક્તો. રાજાએ વિચાર્યું કે જો ગન્ધર્વરાજ શિવ-નિર્માલ્યને ઓળંગે-કૂદે તો એની અન્તર્ધાન થવાની શક્તિ નષ્ટ થઈ જાય. રાજાએ એવી યુક્તિ કરી અને પુષ્પદંત આ વાતથી અજ્ઞાત હોઈ ઉદ્યાનમાં પ્રવેશતાં શક્તિ-હીન થઈ ગયો. પાછળથી આ રહસ્ય એણે જાણ્યું. શિવ-નિર્માલ્યને ઓળંગવાથી-કૂદવાથી પોતાની શક્તિનો નાશ થયો હોવાનું સમજાયું. પુષ્પદંતે શિવકૃપા મેળવવા એના અપાર મહિમાનું ગાન ગાયું. આ ગાન એટલે 'શિવમહિમ્ન સ્તોત્ર'. એનો રચયિતા પુષ્પદંત હોવાનું સુપ્રચલિત છે. પરંતુ આ હકીકત શંકાથી પર નથી. આખી રચનાનું પઠન કરતાં સમજાય છે કે આ રચના કોઈ ઉત્તમ કવિની જરૂર છે. આ પુષ્પદંત 'કથા-સરિત્સાગર'માં આવતો પુષ્પદંત હોવાનું પ્રમાણ પ્રાપ્ત નથી. એમ તો કાશ્મીરી વિદ્વાન જયન્ત ભટ્ટે પોતાની 'ન્યાયમંજરી'માં પુષ્પદંતનો ઉલ્લેખ કર્યો છે, જે દેવીના શાપનો ભોગ બન્યો હતો. 'શિવમહિમ્ન સ્તોત્ર'નો રચનાકાર જો આ જ પુષ્પદંત હોય તો તે જયન્ત ભટ્ટનો પૂર્વકાલીન હોવો જોઈએ. 'શિવમહિમ્ન સ્તોત્ર'નો સમય સાતમી સદીથી પહેલાં અને દસમી સદી પછી હોઈ ન શકે. ઇ.સ. ૧૦૬૩માં તો 'શિવમહિમ્ન સ્તોત્ર' શિલા પર કોતરાઈ ચૂક્યું હતું. અર્થાત્ ઇ.સ. ૧૦૬૩ પૂર્વે આ સ્તોત્ર રચાઈ ગયું હતું. એટલું જ નહીં વ્યાપક ખ્યાતિ પણ પ્રાપ્ત કરી ચૂક્યું હતું.

મધ્યભારતમાં ઇન્દોરથી લગભગ પચાસ માઈલ દૂર દક્ષિણ-પૂર્વમાં નીમાડ જિલ્લામાં ઓંકારેશ્વર નામક એક પ્રાચીન કસ્બો છે. એનું સ્થાન ભારતના મુખ્ય તીર્થસ્થાનોમાં છે. દ્વાદશ જ્યોતિર્લિંગમાં આ ઓંકારેશ્વરનો ઉલ્લેખ છે. એને અમલેશ્વર કે માન્ધાતા તરીકે પણ ઓળખવામાં આવે છે. ઓંકારેશ્વર સાથે અમલેશ્વરનું નામ પણ લેવામાં આવે છે. અલબત્ત, બન્નેનું અસ્તિત્વ અલગ છે. એકમાં શિવ પ્રણવરૂપે વિરાજે છે તે ઓંકારેશ્વર અને પાર્થિવલિંગમાંથી પ્રકટ્યા તે પરમેશ્વર અર્થાત્ અમલેશ્વર અથવા અમરેશ્વર. ઓંકારેશ્વરમાં મમલેશ્વર નામક શિવાલય છે. આ મમલેશ્વર એ જ અમલેશ્વર. આ મંદિરમાં શિલાલેખમાં 'અમરેશ્વર' નામ પ્રાપ્ત થાય છે. નર્મદાની ઉત્તરે ઓંકારેશ્વર અને દક્ષિણે મમલેશ્વર અર્થાત્ અમલેશ્વર. અહીં જ જ્યોતિર્લિંગ હોવું જોઈએ. આ જ મંદિરના સભામંડપ અને ગર્ભગૃહની વચ્ચેના ખંડની જમણી-ડાબી બાજુની દીવાલો પર લેખ કોતરેલ છે. જેમાં વિ.સ. ૧૧૨૦નાં ચાર સ્તવ ઉલ્લેખનીય છે, નર્મદાષ્ટક, અમરેશ્વરાષ્ટક, શિવસ્તોત્ર અને શિવમહિમ્ન સ્તવ. શિવસ્તોત્રનો રચયિતા છે હલાયુધ નામક પંડિત. ચોથું શિવમહિમ્ન સ્તવ, ૩ ફૂટ, ૧ ઇંચ લાંબું અને એક ફૂટ ત્રણ ઇંચ પહોળું કંડારેલું છે. એની લિપિ દેવનાગરી છે અને કંડારનાર છે ભટ્ટારક ગન્ધધ્વજ. આ સ્તવના ૩૧ - એકત્રીસ શ્લોકો અહીં કંડારેલ છે. આજે શિવમહિમ્ન સ્તોત્રમાં ૪૩ શ્લોક જોવા મળે છે. એકત્રીસ પછીના શ્લોકો પાછળની રચના છે. સ્તવનો બારીકાઈથી અભ્યાસ કરતાં જણાઈ આવશે કે એકત્રીસ શ્લોક સુધી જે લય-છંદ છે તે પછીથી એ જ રૂપે જોવા મળતા નથી. ભાષા પણ બદલાઈ છે. વળી એકત્રીસમા શ્લોકના બીજા ચરણમાં કવિ કહે છે કે

इति चकितममंदीकृत्य मां भक्तिराधाद्दरद्
वरद चरणयोस्ते वाक्य पुष्पोपहारम्

અહીં 'ઇતિ' દ્વારા જ અંતનો નિર્દેશ છે અને કથન છે વાક્યરૂપી પુષ્પો ચરણમાં સમર્પિત કરવાનું. 'શિવમહિમ્ન સ્તોત્ર'ની છાયામાં જયચન્દ્રના શિષ્ય સોમસુન્દરે રચેલ 'શ્રી યુગાદિદેવ મહિમ્નસ્તવ'માં પણ એકત્રીસ શ્લોકો જ છે અને એ જ રીતે શ્રી મધુસૂદન સરસ્વતીએ માત્ર એકત્રીસ શ્લોકોની જ ટીકા લખી છે. આમ, 'શિવમહિમ્ન સ્તોત્ર' ૩૧ - એકત્રીસ શ્લોકોની કૃતિ છે. એના અનેક ભારતીય ભાષાઓમાં અનુવાદ થયા છે. ગુજરાતી ભાષામાં વિશ્વનાથ સદારામ પાઠકનો અનુવાદ સુપ્રચલિત છે. હમણાં - તાજેતરમાં મહેન્દ્ર અ. દવે દ્વારા સમશ્લોકી અનુવાદ થયો છે. એ વધુ ભાવાનુવાદ લાગે છે. પ્રફુલ્લ રાવલ (વીરમગામ)

¤

સપ્ટેમ્બરના અંકમાં જગમોહનજી વિશેનો માહિતીસભર લેખ વાંચીને પ્રસન્નતા ઊપજી. એક સાચો કલાકાર કેવો નિખાલસ તેમ જ સરળ હોય છે તેનું દર્શન જગમોહનના ચરિત્રે કરાવ્યું. લેખિકાને અભિનંદન.. જગમોહનજીની નજીકના - સમકાલીન "વૉઈસ ઑફ સાયગલ" સ્વ. શ્રી હરીશ ભટ્ટ પણ તેમની વાતો રસપ્રદ રીતે કરતા ત્યારે ખૂબ આનંદ ઊપજતો. તે પછી જ તેમનાં ગીતો જાણ્યાં, માણ્યાં ને ગાયાં.... આજે જ્યારે લોકો નવાં ગીતોના મોહમાં સપડાયાં છે ત્યારે જગમોહજીનાં ગીતોની કિંમત સમજાય છે ! દુર્ગેશ ઓઝા (પોરબંદર)

¤

શ્રાન્ત મનને

(શાર્દૂલ-સૉનેટ)

ઓ મારા મન ચાલ, ચાલ હજી ના પૂરો થયો છે પથ.
વચ્ચે આમ ઘટે વિરામ, તુજને, લક્ષ્યૈકગામી તને ?!
તારે તો હજી દૂર દૂર જવું છે કૈં આડ ઓળંગીને
કાન્તારો ઘનઘોર ઊંડી નદીઓ આકાશભેદી નગ.

તું તો આદિમ જ્યોત ધ્વાન્તભરિયા આ જીવને જાગતી
દોરે તું ત્યહીં જાય ઇન્દ્રિયગણોની તારી પ્રેરી ગતિ;
જે કૈં થાય તુંથી જ થાય, જડ આ કાયા ગણું અન્યથા
ના ઊંડે ન ઊંચે ય જાય, પડી રહે પાષાણ ભોમે યથા.

તારો પંથ સળંગ આદિ ઉગમોથી છેક અંતો લગી;
તારો સંગ જ આંખ-પાંખ મુજ આ પુરુષાર્થપંખી તણો;
તારી હામથી તો મથું છું ગ્રહ ને નક્ષત્ર જાવા વહી
ઓ મારા મન જાણ, હું સબલ ને, તારા વિના વામણો.

તું થા આગળ ભાઈ, ચાલ, હજી તો જાવું ઘણે દૂર છે
યાત્રાનો પથ-જિંદગી-જટિલ છે ને નિયતિ ક્રૂર છે.

જયન્ત પાઠક

ખૂલી જઈએ

(ગઝલ)

ઘાસ જેવું કોઈ પળમાં ઊગી જઈએ,
ને હવાનો હાથ ઝાલી ઝૂલી જઈએ.

પાંખ લૈ ઊડવું એ પંખીની રસમ છે,
આપણે પણ આંખ મીંચી ઊડી જઈએ !

ચિત્રમાં સૌ રંગ ભરવાની ફિકર છોડ,
આપણા હિસ્સાના રંગો પૂરી જઈએ.

કેટલું છે સ્હેલું, સગપણનું ઉખાણું ?
તું કહે જે, હું કહું જે, ભૂલી જઈએ !

આપમેળે આવી મળશે દશ્ય 'સુધીર'
દ્વાર પર દસ્તક વગર પણ ખૂલી જઈએ !

સુધીર પટેલ

હિંડોળો

(શિખરિણી-સૉનેટ)

સદા પ્રાત:કાલે નિયત સમયે દેવચકલી
ખરી કાળી રંગે ચકચિકત ! ચંચૂ સૂચિ સમી
ઘણી લાંબી, સીવી શકત નભ ફાટ્યું ! નયન શાં
ભર્યાં 'નંદે ઝીણાં, લઘુક અમથા બાગ વિકસ્યા
થુવેરે બેસે જે મુજ સમ ભર્યો કંટક નર્યો.
જુએ આભે મીઠું, ગગન લપસી જાય મલકી
મરોડે સુંવાળા, ભયરહિત; ક્યારેક અમથી
કરે આછી આછી ચકચક નિરાળી - ઉર ઠરે.
ઉચાટે હિંડોળો સ્થિર, ગગનનો ભાર વહતો,
ગ્રહો-નક્ષત્રોની અસહ ગતિની ખેંચ સહતો.
અદીઠી; ખેંચાતો અવશ સ્થિર બે બિંદુ વચમાં,
દિશા ના એંધાણો નવ, વિકલ ઊંડું ચૂચવતો.
ત્યહીં ઝીણી ઝીણી ચકચક ભરે અંતર કશું;
અને હિંડળો ત્યાં અમિત ગતિમાં ફૂલહળવો.

શશિશિવમ્

ગામ

(ગઝલ)

ક્યાંક અવળું ક્યાંક સવળું ત્યાં જ ઘેરાઈ ગયું,
લ્યો મુખીની પાઘડીમાં ગામ બંધાઈ ગયું.

આવતાં વરસો પછી જે દેખતા બસ હાલ તે
ક્યાંક કાગળ જેમ ફાટ્યું ક્યાંક સંધાઈ ગયું.

જે ભણેલાની કલમમાં દૂરથી છે આકરું,
તે અભણના હળ વડે તો સરળ સમજાઈ ગયું.

જેમને ઊભા રહેતાં શીખવ્યું છે પગ પરે,
એ જ પગના ભારથી તે આજ ચગદાઈ ગયું.

લાખ મોઢે લાખ નિંદા હો, ભલેને પણ મને,
સાવ તે કોમળ સુગંધીદાર પરખાઈ ગયું.

મેહુલ ત્રિવેદી

વીસમી સદીની એક મહાન આધ્યાત્મિક વિભૂતિ

શ્રી મા આનંદમયી

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

મહાત્મા ગાંધીજી, પંડિત જવાહરલાલ નેહરુ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, જમનાલાલ બજાજ, નૃત્યકાર ઉદયશંકર, પરમહંસ યોગાનંદજી, ડૉ. રાજેન્દ્રપ્રસાદ જેવા અનેક મહાનુભાવોના જીવન પર પ્રભાવ પાડનાર, વીસમી સદીની એક મહાન આધ્યાત્મિક વિભૂતિ શ્રી મા આનંદમયીનો જન્મ તા. ૩૦ એપ્રિલ ૧૮૯૬, ગુરુવારના રોજ રાત્રે ત્રણ વાગ્યે (અર્થાત્ શુક્રવારની વહેલી પરોઢે) હાલના બાંગલાદેશના ત્રિપુરા જિલ્લાના ખેવરા ગામમાં ભટ્ટાચાર્ય દંપતીને ત્યાં થયો હતો. પિતાનું નામ બિપિનબિહારી અને માતાનું નામ મોક્ષદાસુંદરી. તેમના જન્મ પૂર્વે જ બિપિનબિહારી વૈરાગ્ય જાગૃત થવાથી ગૃહત્યાગ કરી ચાલ્યા ગયેલા. મોક્ષદાસુંદરીને પુત્રીના જન્મ પૂર્વે અને પછી પણ સ્વપ્નમાં દેવ-દેવીઓનાં દર્શન થયાં હતાં. પુત્રીનું નામ નિર્મળાસુંદરી રાખવામાં આવ્યું. તેના જન્મ સમયે મક્ષદાસુંદરીને સહેજ પણ પ્રસવપીડા થઈ ન હતી.

નિર્મળા જન્મ સમયે રડી ન હતી. તે દેખાવે નમણી અને સુંદર હતી તો સ્વભાવે સીધી, સાલસ, નિર્દોષ હતી. ગુસ્સે થવાનું કે રિસાવાનું તે જાણતી જ ન હતી. આવા સ્વભાવને કારણે તે સર્વપ્રિય બની ગઈ હતી. બાળપણમાં તેને 'નિરી' કે 'નાની'ના હુલામણા નામથી બોલાવવામાં આવતી. તે હસમુખી હતી તેથી તેને 'હસી' કે 'ખુશીર મા' પણ કહેતાં.

બાળકો માતાપિતા તથા વડીલો પાસેથી જે સ્પર્શસુખનો અનુભવ કરે છે તેનાથી નિર્મળા વંચિત રહેલી. બાળકોને સારું ખાવાનું, સારાં કપડાં પહેરવાનું, બહાર હરવાફરવા જવાનું સ્વાભાવિક રીતે જ ગમે. નિર્મળા આ બાબતમાં પણ અપવાદ હતી. ખાવા માટે તે ક્યારેય માગણી કરતી નહીં. મોક્ષદાસુંદરીએ તેના જમવાનું ધ્યાન રાખવું પડતું. તેઓ જ તેને ખોળામાં બેસાડી પોતાના હાથે ખવડાવતાં. લગભગ ત્રણ વર્ષની ઉંમર સુધી નિર્મળાએ પોતાના હાથે ખાધું ન હતું. વળી, જમતી વખતે તેનું ધ્યાન ખાવામાં રહેતું નહીં.

એક દિવસ મોક્ષદાસુંદરી નિર્મળાને ખવડાવતાં હતાં. થોડી જ વારમાં નિર્મળા આકાશ તરફ જોવા લાગી. તેને ધમકાવતાં માતાએ કહ્યું, 'ખાવામાં જીવ રાખને. આકાશમાં શું જુએ છે ?'

નિર્મળાએ કહ્યું, 'મા, જોને, આકાશમાં દેવ-દેવીઓ આવે છે ને જાય છે !' આ સાંભળી માતા પુત્રી વિશે વિચાર કરતી થઈ ગઈ.

નિર્મળાના જન્મ પહેલાં એક બહેન જન્મીને ગુજરી ગઈ હતી. નિર્મળાના જન્મ પછી ત્રણ ભાઈ જન્મ્યા અને અલ્પાયુ ભોગવી મૃત્યુ પામ્યા. ત્યારબાદ બે બહેનો અને એક ભાઈનો જન્મ થયો, જે પૈકી માત્ર એક ભાઈ જીવતો રહ્યો. એનું નામ યદુનાથ ભટ્ટાચાર્ય. મોટો થયા પછી તે માના કાર્યમાં સહાયક બની રહ્યો.


નિર્મળાસુંદરીએ બાળપણમાં માત્ર પ્રાથમિક શાળાનો અભ્યાસ કર્યો હતો. ઘરના વિપરીત સંજોગોને કારણે તે પ્રાથમિક શિક્ષણ પણ પૂરું કરી શકી નહીં. અલબત્ત, ઓછું ભણેલી નિર્મળાએ જે પરમ જ્ઞાન પ્રકટ કર્યું તે મોટા મોટા વિદ્વાનોને પણ વ્યક્ત કરવું દુર્લભ છે.



નિર્મળા જન્મથી જ નિર્ભય હતી. તે સદા ભયમુક્ત દશામાં રહેતી. એક વાર તે પોતાના મોસાળ સુલતાનપુરમાં સખીઓ સાથે સાંજે ગામના પાદરે ફરવા ગઈ. તેઓ ત્યાં વાતો કરતી હતી એવામાં ગાયોનું ધણ દોડતું આવ્યું. અન્ય છોકરીઓ ગભરાઈને દૂર ભાગી ગઈ. નિર્મળાએ પ્રેમથી તે ગાયોને પંપાળી. થોડીવાર પછી તે ચાલી ગઈ.

પિતા બિપિનબિહારી સારા ભજનિક અને ગાયક હતા. તેમના મધુર કંઠનો વારસો નિર્મળાને મળ્યો. માતા મોક્ષદાસુંદરી ભક્તિગીત રચતાં હતાં. નિર્મળા એ ગીતો અનેકવાર ભાવવિભોર બનીને ગાતી. નિર્મળાને કુટુંબમાં ધર્મના સંસ્કારોની સાથે સંગીતનો વારસો પણ પ્રાપ્ત થયો હતો.

નિર્મળાની ઉંમર બારેક વર્ષની થતાં માતાપિતા પુત્રીના વિવાહ અંગે સચિંત થયાં. નિર્મળા માટે મુરતિયાની શોધ ચાલતી હતી તેવામાં એક દિવસ



શ્રી મા, બાબા ભોળાનાથ તથા ભાઈજી સાથે

તેણે માતાને કહ્યું, 'મેં પોલીસ જોયા.' બાજુમાં બેઠેલાં ઠાકુરમા બોલ્યા; 'ક્યાં?' નિર્મળાએ કહ્યું, 'આ ઘરમાં'. કોઈને આ વાત સમજાઈ નહીં. આ વાતને થોડા દિવસ થયા ત્યારે આટપાડાના પ્રતિષ્ઠિત સીતાનાથ કુશારીના સાળા અંગે બિપિનબિહારીએ માગું કર્યું. તેમણે સહર્ષ સ્વીકાર કર્યો. બધે વાત પ્રસરી ગઈ કે આટપાડાના જગતબંધુ ચક્રવર્તીના ત્રીજા પુત્ર રમણીમોહન સાથે નિર્મળાસુંદરીનું લગ્ન નક્કી થયું છે. રમણીમોહન ત્યારે પોલીસની નોકરીમાં હતા. નિર્મળાએ પલીસને જોયાની વાત કરી હતી તેનો તાળો હવે મળી ગયો. ૭ ફેબ્રુઆરી ૧૯૦૯ના રોજ ઢાકા જિલ્લાના વિક્રમપુર તાલુકાના આત્પુરા ગામમાં નિર્મળા- રમણીમોહનનાં લગ્ન થયાં. તે વખતે નિર્મળાની ઉંમર બાર વર્ષ, દસ માસની હતી.

લગ્ન વખતે રમણીમોહનના પિતા હયાત હતા. માતા મૃત્યુ પામ્યાં હતાં. તેમનાં લગ્ન પછી બે વર્ષ બાદ પિતાનું પણ અવસાન થયું. રમણીમોહનના બે મોટાભાઈ પરિણીત અને બાળકોવાળા હતા. બે નાના ભાઈ કુંવારા હતા. પાંચ નાનીમોટી બહેનો હતી. આવા વિશાળ સંયુક્ત કુટુમ્બમાં નિર્મળા સુંદરી વહુ બનીને ગઈ.

લગ્ન પછી રમણીમોહનની નોકરી છૂટી ગઈ. પત્નીને મોટા ભાઈ રેવતીમોહનના આશ્રયે મૂકી રમણીમોહન નોકરીની શોધમાં ઢાકા ગયા. રેવતીમોહન ઢાકા-જગન્નાથ રેલવેના સ્ટેશન માસ્તર હતા અને આટપાડામાં રહેતા હતા. નિર્મળાને પતિથી વિખૂટા પડી ચાર વર્ષ સુધી તેમને ત્યાં રહેવું પડ્યું.

નિર્મળા નવા વાતાવરણમાં બરાબર ગોઠવાઈ ગઈ. તેના સદ્‌વ્યવહાર અને કાર્યકુશળતાને કારણે તે ઘરમાં સહુની પ્રિય બની ગઈ. રસોઈ કરવી, વાસણ માંજવાં, પાણી ભરવું, ઘરમાં કચરાપોતાં કરવાં, કપડાં ધોવાં, બાળકોને તૈયાર કરવાં વગેરે બધાં કામ નિર્મળા સ્ફૂર્તિથી સૂઝપૂર્વક અને ઊંડા રસથી કરતી. બપોરે આરામ કરવાને બદલે તે ભરતગૂંથણ અને કાંતણ કરતી તથા પાડોશી બહેનોને શીખવતી. બધા સાથેના સદ્‌વ્યવહારને કારણે તે ઘર અને ગામમાં કેન્દ્રવર્તી બની ગઈ.

નિર્મળા ગૃહકાર્ય કરતાં પોતાના શરીરનો ખાસ ખ્યાલ રાખતી નહીં. પાણીમાં વધુ વખત રહેવાને કારણે તેના હાથ ફોગાઈ ગયેલા અને તેમાંથી પરુ નીકળવા લાગેલું. એ જાણીને જેઠાણીએ તેને ઠપકો આપ્યો અને દવા-દારુ કરાવ્યાં. જમવા વિશે પણ નિર્મળા ઉદાસીન રહેતી. અંતે જે કંઈ બચ્યું હોય તે ખાઈ તે સંતોષ માનતી.

રમણીમોહનને નોકરી મળતી ન હતી છતાં નિર્મળા કશી ચિંતા કરતી ન હતી. એ અંગે રેવતીબાબુ એકવાર તેમનાં પત્ની પ્રમદાદેવીને કહેતા હતા, 'સેજવહુમાં થોડીયે બુદ્ધિ છે કે નહીં ? તેને કશી ચિંતા જ નથી ? પોતાના કામમાં જ, બસ, તલ્લીન છે !'

રેવતીબાબુની તબિયત અસ્વસ્થ રહેવાને લીધે નિર્મળાના માથે વિશેષ જવાબદારી આવી. રેવતીબાબુના અવસાન પછી રમણીમોહન બધાને લઈ આત્પુરા જતા રહ્યા. અંતિમ ક્રિયાકર્મ થઈ ગયા પછી નિર્મળા માતાપિતા પાસે વિદ્યાકૂટ ગઈ.

ખૂબ શોધખોળ પછી રમણીમોહનને ઢાકાના નવાબના તાબા હેઠળના અષ્ટગ્રામમાં 'સર્વે એન્ડ સેટલમેન્ટ' વિભાગમાં નોકરી મળી. બેકારી જતાં બેચેની દૂર થઈ. તેમને મકાન પણ મળી ગયું. એ ઈ.૧૯૧૪નું વર્ષ હતું. નિર્મળા ૧૭-૧૮ વર્ષની થઈ હતી. તેણે હવે પતિ સાથે પ્રસન્ન દામ્પત્યનો પ્રારંભ કર્યો. સાલસ સ્વભાવને કારણે નિર્મળા ત્યાં પણ સહુની સ્નેહભાજન બની ગઈ. મકાનમાલિક શારદાશંકર સેનનાં પત્ની તો નિર્મળાના વખાણ કરતાં ધરાતાં નહીં. એક વાર તળાવના ઘાટ પર તેમણે સહુની સમક્ષ નિર્મળાની પ્રશંસા કરતા કહ્યું, 'જ્યારે ખુશીર મા (નિર્મળા) તળાવના ઘાટે આવે છે ત્યારે તેના અલૌકિક સૌંદર્યથી ઘાટ દીપી ઊઠે છે.' સહુએ આ કથનનું અનુમોદન કર્યું.

અષ્ટગ્રામના પોતાના નિવાસસ્થાન પાસે નિર્મળાએ બાળપણના સંસ્કારને કારણે એક સરસ તુલસીક્યારો બનાવ્યો. ત્યાં તે ફૂલ, દીવો વગેરે મૂકતી. એક વાર બાજુના ગામની કીર્તનમંડળી તેમને ત્યાં આવી. તેણે તુલસીક્યારાની આસપાસ વીંટળાઈને કીર્તન શરૂ કર્યું. રાતનો સમય હતો. એ કીર્તનની નિર્મળા પર એવી ગાઢ અસર થઈ કે તે ઢળી પડી. તે બેભાન થઈ ગઈ. કેટલાકને લાગ્યું કે હિસ્ટીરિયાનો હુમલો થયો છે તો કેટલાકને

વળગાડ જેવું લાગ્યું. આ સંદર્ભે વર્ષો પછી પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં માએ કહેલું, 'કીર્તન ચાલતું હતું. હું આંતરિક રીતે તેમાં તન્મય હતી. મારું મન, અંતર તેમાં એવું તો ઓતપ્રોત હતું કે મને આનંદ સિવાય બીજા કશાની અનુભૂતિ થતી ન હતી.'

નિર્મળાને ભાવાવેશની સ્થિતિ અવારનવાર થવા લાગી. ચક્રવર્તી પરિવાર એનાથી ચિંતિત અને વ્યથિત હતો. વડીલના આગ્રહને કારણે રમણીમોહન ભૂવાને લઈ આવ્યા. તેણે પ્રયોગ શરૂ કર્યો. પણ પછી પાર વિનાની અશાંતિ અનુભવવા લાગ્યો. નિર્મળાને તેણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને જતાં જતાં કહેતો ગયો, 'અહીં અમારું કામ નથી. આ તો સાક્ષાત્ દેવી છે, ભગવતી છે.' ઘરનાં સૌ આ સાંભળી ચૂપ થઈ ગયાં. કાલીકચ્છના ડૉ. મહેન્દ્ર નાન્દી ખ્યાતનામ ડૉક્ટર હતા. તેઓ રમણીમોહનના પરિચિત હતા. નિર્મળાની તપાસ કરીને તેમણે જણાવ્યું, 'નિર્મળાનાં લક્ષણ રોગનાં નથી, ઉચ્ચ દશા દર્શાવનારાં છે. સામાન્ય માણસ સમક્ષ તેને બતાવશો નહીં.' ડૉ. નાન્દીની સલાહ પછી રમણીમોહને નિર્મળાના ઉપચારની વાત પડતી મૂકી.

રમણીમોહનના મકાનમાલિકનો સાળો હરકુમાર રૉય શિક્ષિત સદ્ગૃહસ્થ હતો. અઢાર વર્ષની નિર્મળાને જોતાં જ તેના મનમાં તેને માટે માતૃભાવ જાગૃત થતો, હરકુમાર તેને 'મા' કહેતો અને કામકાજમાં મદદરૂપ થતો. એક દિવસ ભાવાવેશમાં આવી નિર્મળાને પ્રણામ કરી તેણે કહ્યુ, 'આજે તો હું એકલો જ તમને 'મા' કહી સંબોધું છું, પણ એક દિવસ એવો આવશે જ્યારે આખું જગત તમને 'મા' કહેશે.' તેના આ શબ્દ સાચા પડ્યા.

લગ્ન પછી ચાર વર્ષ જેઠના કુટુંબ સાથે રહેલી નિર્મળાને અષ્ટગ્રામમાં પતિ સાથે રહેવાની તક મળી. રમણીમોહન સાથે એકલા રહેવાની અનુકૂળતા મળી ત્યારે પણ નિર્મળા અખંડ બ્રહ્મચર્ય પાળતી હતી. મન, વચન, કર્મથી વાસનામુક્ત નિર્મળાના જીવનમાં નૈષ્ઠિક બ્રહ્મચર્ય વણાઈ ગયું હતું. અલબત્ત, રમણીમોહનમાં માનવસહજ કામવૃત્તિ હતી. તેઓ સામાન્ય મનુષ્યની જેમ જ પોતાની પત્નીને જોતા હતા. પરંતુ નિર્મળામાં જન્મથી જ મનોવિકારનું રૂપાંતર થયેલું હતું. સ્ત્રીનું શરીર ધારણ કરવાને કારણે તેણે કેટલાક પ્રાકૃતિક ધર્મો પાળવા પડતા. કુદરતના નિયમ પ્રમાણે તેણે દર માસે 'માસિક ધર્મ' પાળવો પડતો. પણ અસાધારણ રીતે જ ૨૭-૨૮ વર્ષની વયે તે માસિક ઋતુધર્મમાંથી મુક્ત થઈ ગઈ. નિર્મળાની આધ્યાત્મિક શક્તિના પ્રભાવથી હિંસક પ્રાણી અહિંસક બની જતાં, ષડવિકારથી પિડાતાં મનુષ્ય વિકારહીન બની જતાં. રમણીમોહન પણ નિર્મળાના પ્રભાવથી બદલાવા લાગ્યા, એમના વિકારો શમાવા લાગ્યા. વિકાસ સાધીને તેઓ તેજસ્વી તપસ્વી, સન્માનનીય સંન્યાસી અને પરિવ્રાજક પરમહંસ બની શક્યા.

અષ્ટગ્રામમાં રમણીમોહનને પ્રતીતિ થઈ ગઈ કે નિર્મળાસુંદરી દુન્યવી જીવ નથી. એક દિવસ તે ભાવાતીત અવસ્થામાં હતી ત્યારે રમણીમોહને તેના શરીરની ચારે બાજુ પ્રભામંડળ જોયું. તેનું આ સ્વરૂપ જોઈ તેઓ બોલ્યા, 'નિર્મળાસુંદરી મનુષ્ય રૂપે મહેશ્વરી છે.' તે દિવસથી નિર્મળા સાથેના રમણીમોહનના વ્યવહારમાં આમૂલ પરિવર્તન થઈ ગયું.



શ્રી મા, પંડિત નેહરુ સાથે

નિર્મળાને હવે ત્રિકાળ દર્શન સુલભ બન્યું હતું. ક્વચિત તે ભવિષ્યવાણી કરતી અને તે સાચી પણ પડતી.

અષ્ટગ્રામમાં રમણીમોહનની નોકરીને એક વર્ષ અને ચાર માસ થયા પછી તેમની બદલી ઈ.૧૯૧૮માં બાજિતપુર કરવામાં આવી. તેમને ઢાકાના નવાબની એસ્ટેટના મુન્શી બનાવવામાં આવ્યા. તુરત ત્યાં યોગ્ય મકાન ન મળવાથી નિર્મળાને વિદ્યાકૂટ જવું પડ્યું. બે વર્ષ બાદ મકાન મળતા નિર્મળા રમણીમોહન સાથે રહેવાં લાગી. તે પતિની બધી સગવડોનો ખ્યાલ રાખતી. પતિસેવાની સાથોસાથ ઘરકામમાં પણ તે પૂરતું ધ્યાન આપતી. તેનું ઘર હંમેશાં સ્વચ્છ રહેતું.

બાજિતપુરમાં નિર્મળાસુંદરીની યૌગિક ક્રિયાઓ વધારે વેગથી થવા લાગી. એક તબક્કે સળંગ પાંચ મહિના સુધી રાત્રિ સમયે પૂજા, મુદ્રા, આસન, યોગ વગેરે ક્રિયાઓ કરતી રહી. પછી એકાએક એ બંધ થયું. મૌનવ્રત શરૂ થયું. બધું આપમેળે થતું હતું.

ઈ. ૧૯૨૨ના વર્ષમાં નિર્મળાસુંદરીમાં અકલ્પ્ય પરિવર્તન થવા લાગ્યું. તેની પ્રકૃતિ અને પ્રવૃત્તિનો દોર અગમના હાથમાં ગયો. તેને વારંવાર સૂક્ષ્મમાં

દેવ-દેવીઓનાં દર્શન થવા લાગ્યાં. રાત્રે સાધના સમયે તેના શરીરમાંથી દેવદેવીઓ બહાર આવતાં, પૂજાતાં અને પુન: શરીરમાં સમાઈ જતાં.


ઇ. ૧૯૨૨ના ઑગસ્ટની ત્રીજી તારીખે (સં. ૧૯૭૮) શ્રાવણી પૂર્ણિમા-રક્ષાબંધનનું પર્વ હતું. તે દિવસે સાંજે તેમણે રાંધ્યું, રમણીમોહનને સમયસર જમાડ્યા અને રસોડાનું કામ આટોપી પોતાની થાળી એક તરફ મૂકી દીધી. કેટલાક મહિનાથી નિર્મળા સાધના પૂરી થયા પછી મોડી રાત્રે એક વાર જ ભોજન કરતી. આ દિવસે તે રાત્રે ઓરડામાં જઈ આસન પાથરી બેઠી. ઓરડામાં લીંપણ હતું. ત્યાં તેની આંગળીએ એક રહસ્યમય ગહનચક્ર (યંત્ર) જમીન પર દોર્યું. પછી યૌગિક ક્રિયાઓ શરૂ થઈ. તે બધી ક્રિયાઓ સંપન્ન થયા પછી બીજમંત્ર પ્રકટ થયો. તે મંત્ર તે વારંવાર જપવા લાગી. આંગળીથી તે મંત્ર તેણે પૃથ્વી પર લખ્યો. તેણે અનુભવ્યું કે મંત્ર, આરાધક અને આરાધ્યદેવ બધું એક જ છે. આ રીતે નિર્મળાસુંદરીની દીક્ષાક્રિયા સંપન્ન થઈ.

દીક્ષાસંસ્કાર પછી નિર્મળાસુંદરી વિશેષ આનંદમાં રહેવા લાગ્યાં. તેમના આકર્ષક વ્યક્તિત્વને કારણે બાજિતપુરની સ્ત્રીઓ તેમના પ્રત્યે વિશેષ આકર્ષાતી અને તેમને પૂજતી. જાનકીબાબુના પત્ની તેમને શક્તિસ્વરૂપા માનતાં અને ભાવાવેશ સમયે પાસે બેસી તેમને સાચવતાં.

રમણીમોહનને દીક્ષા આપ્યા પછી ઇ. ૧૯૨૨ના ડિસેમ્બરથી નિર્મળાસુંદરીએ મૌન ધારણ કર્યું. આ વ્રત ત્રણ વર્ષ ચાલ્યું. આ સમયગાળામાં તેમના શરીરમાં દિવ્ય પ્રકાશનાં દર્શન થવા લાગ્યાં. તેમના મનમાં 'મહાભાવ' ઉદ્‌ભવ્યો. તેમનો સમગ્ર જીવનવ્યવહાર રૂપાંતર પામ્યો. તેમના આહારવિહારમાં પરિવર્તન થવા લાગ્યું.

ઢાકાની નવાબજાદી પ્યારીબાનુ આર્થિક મુશ્કેલીમાં આવી જતાં તેણે ઇ. ૧૯૨૪માં બાજિતપુરનું કામ સમેટી લીધું અને રમણીમોહનને છૂટા કર્યા. બેકાર રમણીમોહન નિર્મળાસુંદરીને લઈ ઢાકામાં એક ભાડાના મકાનમાં રહેવા ગયા. ઘણી શોધખોળ પછીયે નોકરી ન મળતાં તેમણે પત્નીને પિયર મોકલવાનું વિચાર્યું. નિર્મળાએ કહ્યું, 'ત્રણ દિવસમાં તમને નોકરી ન મળે તો મને મારા માતાપિતા પાસે મોકલી દેજો.' રમણીમોહને આ વાત સ્વીકારી. અને સાચે જ ત્રીજા દિવસે ૧૭મી એપ્રિલ '૨૪ના રોજ તેમને ઢાકાના નવાબના શાહબાગમાં મૅનેજરની નોકરી મળી ગઈ. ત્રણ રૂમનું મકાન તથા બીજી સગવડો પણ તેમને મળી.

શાહબાગના નિવાસ દરમ્યાન ઇ.૧૯૨૪ના ઑગસ્ટ માસમાં નિર્મળાસુંદરીની સોળ વર્ષની નાની બહેન સુરબાળાનું અવસાન થયું. બંને બહેનો વચ્ચે ખૂબ પ્રીતિ હતી. મરતી વખતે તે નિર્મળાસુંદરીને જ પોકારતી હતી. રમણીમોહનને ડર હતો કે બહેનના મૃત્યુના સમાચાર જાણી નિર્મળાસુંદરીને ખૂબ આઘાત લાગશે. પણ તેમણે તો સ્વસ્થતાપૂર્વક એ સમાચાર સાંભળ્યા અને માત્ર એટલું જ કહ્યું, 'જો હો જાય' અર્થાત્ જે થાય તે ખરું. તેમના આ ઉદ્‌ગારમાં ઇશ્વરની ઇચ્છાનો, વિધિના વિધાનનો સ્વીકાર કરવાનો ભાવ છે. નિર્મળાસુંદરી સમત્વસિદ્ધ વિભૂતિ હતાં.



કિશનપુર આશ્રમ જયાં શ્રી માનો દેહવિલય થયો

જ્યોતિષચંદ્ર રોય બંગાળ સરકારના કૃષિ વિભાગમાં ડાયરેક્ટરના અંગત સચિવ હતા. ઇ. ૧૯૧૮માં તેમની બદલી કલકત્તાથી ઢાકા થઈ. ૧૯૨૪માં તેમને શાહબાગમાં નિર્મળાસુંદરી રહેતાં હોવાના સમાચાર મળ્યા. મિત્રો સાથે તેઓ મળવા ગયા. પછી તેમનો પરિચય વધવા લાગ્યો. ધીમે ધીમે તેઓ નિર્મળાસુંદરીના અંતેવાસી બની ગયા.

એક દિવસ બપોરે જ્યોતિષબાબુ પોતાની કચેરીમાં સરકારી કામમાં વ્યસ્ત હતા ત્યારે તેમના હાથ નીચેના કર્મચારી ભૂપેનબાબુએ તેમને કહ્યું, 'નિર્મળાસુંદરીએ તમને અત્યારે બોલાવ્યા છે.' તેઓ કામ પડતું મૂકીને શાહબાગ ગયા. નિર્મળાસુંદરીએ તેમને સિદ્ધેશ્વરી આવવા કહ્યું. રમણીમોહન પણ સાથે હતા. ત્રણ જણ સિદ્ધેશ્વરી પહોંચ્યાં. નિર્મળાસુંદરી એક કુંડમાં મહાકાલીની મૂર્તિ સામે આસન પર બેઠાં. તેમનું સ્વરૂપ પ્રસન્ન જ્યોતિર્મય હતું. જ્યોતિષબાબુ તેમને એકીટશે નીરખી રહ્યા. તેમના ચહેરા પર નિર્મળ આનંદનો ભાવ જોઈ જ્યોતિષબાબુએ રમણીમોહનને કહ્યું, 'મને એમ લાગે છે કે હવેથી આપણે નિર્મળાસુંદરીને મા આનંદમયી કહેવાં જોઈએ.' રમણીમોહને સહર્ષ અનુમતિ આપી. નિર્મળાસુંદરી તટસ્થ ભાવે બેઠાં રહ્યાં. તેમના મૌનને સંમતિ સમજી પછી તેમણે એ નામે સંબોધન કરવા માંડ્યું. ધીમે ધીમે એ નામ સર્વમાન્ય બન્યું.

સિદ્ધેશ્વરીથી પાછા ફરતાં જ્યોતિષબાબુ ગંભીર બની ગયા. માએ કારણ પૂછ્યું. તેમણે સાચેસાચું કહી દીધું, 'ઑફિસની ચિંતા છે. મારા ડાયરેક્ટર ઑફિસમાં હાજર થયા હશે અને મને ગેરહાજર જોઈ નારાજ થયા હશે. કાલે મને સખત ઠપકો મળશે.' માએ માત્ર એટલું જ કહ્યું, 'ચિંતા ના કરો.' બીજે દિવસે જ્યોતિષબાબુએ ઑફિસ જઈ જાણ્યું કે સાહેબને તેમની ગેરહાજરીની ખબર જ નથી પડી ! તેમને ખાતરી થઈ કે માની કૃપાનું આ પરિણામ છે. મા તો તેમની વાત સાંભળી હસી પડ્યાં અને તેમને 'ભાઈજી' કહેવા લાગ્યાં. પછી તેમણે રમણીમોહનને 'ભોળાનાથ' કહેવાનું શરૂ કર્યું.

મા ઢાકામાં રહ્યાં ત્યાં સુધી જાતે રસોઈ બનાવતાં. ભગવાનને ભોગ ધરાવ્યા પછી ભોળાનાથની સાથે તેઓ એ જ થાળીમાં જમતાં. માનાં શિષ્યા ગુરુપ્રિયાદેવીએ માના ભોજન વિશે લખ્યું છે, "હું જ્યારે મા પાસે આવી ત્યારે મા સોમવારે અને ગુરુવારે ત્રણ કોળિયા ભોજન લેતાં. બાકીના પાંચ દિવસ

ભાતના નવ દાણા ગણીને ખાતા. પછી ચોવીસ કલાક સુધી કશું લેતાં ન હતાં. એક વાર મા અને ભોળાનાથ ગુરુપ્રિયાદેવીને ત્યાં જમવા ગયાં. તે દિવસે તેમને ત્રણ કોળિયા ભોજન જ લેવાનું હતું. રસોઈ જોઈને ભોળાનાથે માને કહ્યું, 'તમારા માટે જાત જાતની વાનગીઓ બનાવી છે. તમારે તે ચાખવી જ પડશે જ.' માએ તેમની આજ્ઞા માથે ચઢાવી. તે દિવસ પોતાનું વ્રત તોડી તેમણે બધી વાનગીઓ આરોગી. સહુને સાશ્ચર્ય પ્રતીતિ થઈ કે મા જડ નથી."

ઈ. ૧૯૨૭ના એપ્રિલમાં મા હરદ્વાર ગયાં હતાં. ભાઈજી તથા નિરંજન રોયે શાહબાગમાં માનો જન્મોત્સવ યોજ્યો ત્યારે તેમની ઉંમર ૩૧ વર્ષની હતી. ભાઈજી એ વખતે બીમાર હતા છતાં માની કૃપાથી સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શક્યા હતા. તેમની આ શક્તિની વાત ચોમેર પ્રસરવાથી દૂર દૂરથી રોગીઓ આવવા લાગ્યા. પણ માને જ્યારે 'ખ્યાલ' આવતો ત્યારે જ રોગ મટી જતો. ક્યારેક તો એવું બનતું કે મા પોતે દુઃખિયા પાસે સામે ચાલીને જતાં અને તેનો રોગ મટાડતાં. મા આ અંગે કહેતાં, 'હું મારી ઇચ્છાથી કાંઈ કરતી નથી. બધું આપમેળે જ મારાથી થાય છે. મારો હાથ રોગીને અડે છે અને રોગી રોગમુક્ત થાય છે. વળી, કેટલીકવાર મારો હાથ રોગીને નથી સ્પર્શતો. પરિણામે રોગ દૂર થતો નથી."

મા એક વાર ઢાકાથી ગુરુપ્રિયાદેવીના ઘરે ટીકાટુલી પધાર્યાં. ઘણા લોકો તેમનાં દર્શનાર્થે આવ્યા. કેટલાક રોગીઓ પણ આવ્યા. પરંતુ માએ તેમના રોગમાં રસ લીધો નહીં એટલે તેઓ નિરાશ થઈ પાછા ફર્યા. ગુરુપ્રિયાદેવીના સગાનો છોકરો કાળા તાવથી પિડાતો હતો. ડૉક્ટરની સલાહ મુજબ તેની સારવાર શરૂ કરી. ગુરુપ્રિયાદેવીએ માને વાત કરી. માએ કહ્યું, 'એને ગામડે મોકલી દો. એ છોકરો બચવાનો નથી.' ગુરુપ્રિયાદેવીએ માન્યું નહીં. દવાથી છોકરો સાજો થયો. પછી ગામ ગયો. થોડા દિવસ પછી ઝાડા-ઊલટીઓ થઈ અને તે મૃત્યુ પામ્યો. એ જાણી માએ આટલું જ કહ્યું, 'ભવિતવ્યને કોઈ મિથ્યા કરી શકે તેમ નથી.'

ઈ. ૧૯૨૯માં ઢાકામાં Indian Philosophical Congressનું અધિવેશન ભરાયું હતું. તેના કેટલાક સભ્યો માને મળવા ગયા. પ્રશ્નોત્તરી થઈ. એ સદર્ભે ડૉ. મહેન્દ્રનાથ સરકારે લખ્યું છે, 'બધા જ પ્રતિનિધિઓ માના રૂમમાં ભેગા થયા હતા. વિલ્સન કોલેજના પ્રૉફેસરે ત્રણ કલાક સુધી આલોચના કરી. અનેક પ્રકારના તત્ત્વજ્ઞાનયુક્ત પ્રશ્નો પૂછ્યા, જેના ત્વરિત ઉત્તર જરા પણ થોભ્યા વગર કે ખચકાયા વગર સંકોચરહિત તેમજ ગૂંચવાયા વગર મા આપે ગયાં. જેવો પ્રશ્ન તેવો જ ને તેટલો જ ઉત્તર ! પરિણામે ત્યાં હાજર રહેલા સહુ કોઈ શ્રી માની સમજશક્તિ, જ્ઞાનની નિષ્ઠા અને તેને વ્યક્ત કરવાની સસ્મિત નિપુણતા જોઈ પ્રભાવિત થયા.'

મા આનંદમયી ભોળાનાથ સાથે જ્યારે પહેલીવાર કાશીની યાત્રાએ ગયાં ત્યારે ત્યાંના બંગાળી ભક્તોએ એક જાહેર સમારંભ યોજી કાશીના પંડિતોને ખાસ નિમંત્ર્યા. સત્સંગની સાથે પ્રશ્નોત્તરી પણ થઈ. માની વાણીનો લાભ વિશાળ સમુદાયને હવે મળવા લાગ્યો. ભોળાનાથને પણ લાગ્યું કે મા હવેથી સૌનાં થયાં છે. કાશીના પંડિતો માના વ્યક્તિત્વ અને વકતવ્યથી ખૂબ પ્રભાવિત થયા. તેમણે માની એક વિશાળ સભાનું આયોજન કર્યું. માએ પહેલીવાર જાહેરસભાને સંબોધી. શ્રોતાઓએ માનાં વખાણ કર્યાં. માના શિષ્યવર્ગમાં વધારો થવા લાગ્યો.

મા આનંદમયી સહુ બંધનોથી મુક્ત અનાસક્ત હતાં છતાં પ્રત્યેક વ્યક્તિ કે વસ્તુ પરત્વે તેઓ બરાબર લક્ષ્ય આપતાં. તેઓ દરેક કામ ચોક્સાઈપૂર્વક સુઘડતાથી કરતાં. માએ જ્યારે ઢાકા છોડયું ત્યારે બધાને સમજાઈ ગયું કે મા કોઈ ચીજ ભૂલ્યાં નથી કે કોઈને વીસર્યાં નથી. માએ બીજી જૂન ૧૯૩૨ને ગુરુવારે રાત્રે ભોળાનાથ અને ભાઈજીને સાથે લઈ ઢાકા છોડ્યું. ૮મી જૂને માએ દહેરાદૂનમાં રાયપુર નામક ટેકરી પાસેના ગામડામાં એકાન્ત જીર્ણ શિવમંદિરમાં રહેવાનું શરૂ કર્યું. ભોળાનાથે ત્યાં સાધના શરૂ કરી. દરમ્યાનમાં દહેરાદૂનથી મસૂરી થઈ ઉત્તરકાશી ગયાં.

ઉત્તરકાશીથી મા દહેરાદૂન પાછાં ફર્યાં ત્યારે જવાહરલાલ નેહરુ દહેરાદૂન જેલમાં કેદ હતા અને કમલા નેહરુ ટી.બી. થવાથી ડૉક્ટરની સલાહથી ત્યાં આવ્યાં હતાં. ઈ. ૧૯૩૩ના જુલાઈ માસમાં કમલાજી માના સંપર્કમાં આવ્યાં. પછી તો તેઓ અવારનવાર મા પાસે જવાં લાગ્યાં.

ઈ. ૧૯૩૫ના મે માસમાં દહેરાદૂનમાં માનો કિસનપુર આશ્રમ સ્થપાયો, જ્યાં માનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. પંડિત મદનમોહન માલવિયાજી ઉનાળામાં મોટા ભાગે દહેરાદૂન જતા. ટહેરીના તાંત્રિક શાસ્ત્રના નિષ્ણાત હરિદત્ત શાસ્ત્રી સાથે એક વાર તેઓ માનાં દર્શને ગયા. તેમની દિવ્ય પ્રતિભાથી તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે પોતાના ટેબલ પર તેઓ માનો ફોટો રાખવા લાગ્યા !

ઢાકાના ડેપ્યુટિ પોસ્ટ માસ્તર જનરલ પ્રાણગોપાલ મુખોપાધ્યાય માના ભક્ત હતા. નિવૃત્ત થયા પછી તેઓ પોતાના વતન દેવધર રહેવા ગયા. ત્યાં તેમના ગુરુ બાલાનંદ બ્રહ્મચારીનો આશ્રમ હતો. તેઓ માને મળવા ઉત્સુક હતા. પ્રાણબાબુના પ્રેમાગ્રહને વશ થઈ મા ૧૯૩૬ના મે માસમાં દેવધર પધાર્યાં. પછી માએ ૧૯૮૨ સુધી ભારતના ખૂણે ખૂણે અવિશ્રાંત પ્રવાસ કર્યો. દેશભરમાં માના શિષ્યો, ભક્તો અને પ્રશંસકો પથરાયેલા છે.

મા કોઈ પણ ગૃહસ્થના ઘરે ઊતરતાં નહીં. આશ્રમ, ધર્મશાળા કે મંદિરમાં તેઓ ઊતરતાં અથવા ઘરની બહાર નાનકડી કુટિર બનાવી તેમાં નિવાસ કરતાં. ઈ. ૧૯૩૭થી ઑક્ટોબરમાં માએ શિષ્યસમુદાય સાથે ગુજરાતનો પ્રવાસ કરેલો. અમદાવાદ, વડોદરા થઈ મા ૧૮મી ઑક્ટોબરે ચાણોદ પધાર્યાં. અને નર્મદા કિનારેનાં તીર્થોમાં ફર્યાં.

મા આનંદમયીની દિવ્ય પ્રતિભાને કારણે અનેક વિખ્યાત વ્યક્તિઓ તેમના પ્રત્યે આકર્ષાઈ હતી. તે પૈકી એક હતા પ્રસિદ્ધ સંગીતકાર સર્જક દિલીપકુમાર રાય. તેઓ અવારનવાર મા પાસે જતા અને સત્સંગ કરતા. એક વાર માના શિષ્યોને સંબોધતાં તેમણે કહેલું, "સન ૧૯૨૪માં હું જ્યારે મારા ગુરુદેવ શ્રી અરવિંદ પાસે ગયો હતો ત્યારે તેમના સ્વમુખે મેં આ વાત સાંભળી હતી. 'સાધન-ભજન દ્વારા ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરી ઘણા લોકો વ્યક્તિગતરૂપે આનંદ પ્રાપ્ત કરે છે, કિન્તુ એ લોકો પોતાનો આનંદ અન્ય લોકને આપી શકતા નથી. તેમની શાંતિનું ધન તેઓ બીજાઓમાં વહેંચી

શકતા નથી. જે કેટલાંક ગણ્યાં-ગાંઠ્યાં આમ કરી શકે છે તે આ સંસારમાં આજે દુર્લભ છે. એવા દુર્લભ અતિમાનવો (Supermen)માં આનન્દમયી મા અન્યતમ છે.'

ઈ. ૧૯૪૭ના સપ્ટેમ્બરમાં સ્વામી ભાગવતાનંદ ગિરિ મા સાથે હરદ્વાર ગયા હતા. ત્યાં સ્વામીજીએ એક વાર માને પૂછ્યું, 'મા, તમે કોણ છો ?' માએ કહ્યું, 'તું જે ધારે છે તે જ હું છું.' બીજા દિવસે રાત્રિ સત્સંગમાં એક ભક્તે માને પૂછ્યું, 'મનુષ્યે શું કરવું જોઈએ ?' માએ જણાવ્યું, - 'પોતાને ઓળખો. બધું જ તમારામાં છે. તમારી બહાર કશું નથી.'

એક દિવસ એક ભક્તે મને પૂછ્યું, 'મા, આજે સમાજમાં અતિશય અનીતિ, ભ્રષ્ટાચાર અને અનેક દોષો વ્યાપી ગયાં છે. આજે નિરાશાજનક પરિસ્થિતિ સર્જાઈ છે. આમ કેમ ?'

માએ શાંતિથી કહ્યું, 'જુઓએ, નવીન અને સારું નિર્માણ થવાનું હોય તે પૂર્વે પ્રસવવેદનાનો કાળ આવે છે. અત્યારે પ્રસવવેદનાનો કાળ છે. વહેલમાં વહેલી તકે હવે કાળના ગર્ભમાંથી નવીન અને શ્રેષ્ઠ સમાજ પેદા થશે. ચિંતા ન કરો.'

ભાઈજીએ મા વિશે જે પુસ્તક લખ્યું છે તેમાં માની કેટલીક વિશેષતાઓનો વિગતે પરિચય આપ્યો છે. અંતે અંજલિભાવે લખ્યું છે, 'મા સાક્ષાત્ બ્રહ્માંડ-જનનીનું મૂર્ત સ્વરૂપ છે. મા સર્વ દેવમયી પરમ દેવતા છે, મંત્રદ્રષ્ટા ઋષિ છે. માને ઇચ્છા-અનિચ્છાનું દ્વન્દ્વ નથી.'

માનો જન્મ જૂના ત્રિપુરા રાજ્યમાં થયો હતો. તેની સ્મૃતિને ચિરંજીવ રાખવા વર્તમાન ત્રિપુરા રાજ્યની રાજધાની અગરતલામાં ત્યાંના ભક્તોએ ૧૯૭૯માં 'શ્રી આનંદમયી આશ્રમ' બાંધ્યો. તેનું ઉદ્‌ઘાટન કરવાની માને વિનંતી કરવામાં આવી. પણ ત્રણ વર્ષ સુધી કાર્યક્રમ ન થઈ શક્યો. આખરે ૩૧મી માર્ચ ૧૯૮૨ના રોજ મા તેનું ઉદ્‌ઘાટન કરવા જઈ શક્યાં. પછી ૧૦મી એપ્રિલે મા કનખલ પહોંચ્યાં. તેમનું શરીર ખૂબ દુર્બળ થઈ ગયું. માએ દૂધ અને ખોરાક લેવાનું બંધ કર્યું. માત્ર થોડુંક પાણી લેવાનું રાખ્યું. અશક્તિ વધવા લાગી.

૩ થી ૧૧ મે સુધી માના જન્મોત્સવનો કાર્યક્રમ ચાલ્યો. પણ માએ એક દિવસ તેમાં હાજરી ન આપી. ૧૭મી મે ના રોજ તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધી માને મળવા આવ્યાં. પછી શ્રૃંગેરી મઠના શંકરાચાર્યજી દહેરાદૂન આવ્યા. તેમણે માને શીઘ્ર સ્વસ્થ થવા વિનંતિ કરી. માએ કહ્યું, 'આ શરીરને કોઈ રોગ નથી. આ શરીર 'અવ્યક્ત' તરફ ખેંચાય છે.'

૨૧મી જુલાઈએ માની ઇચ્છાથી તેમને કિસનપુર આશ્રમમાં લઈ ગયા. માના દર્શન કરવા મોટા મોટા રાજપુરુષો, ઉદ્યોગપતિઓ અને સાધુસંતો, મહાત્માઓ આવતા. પણ મા અનાસક્ત, નિર્લેપ બની આંખો બંધ કરી ચૂપચાપ પોઢેલાં રહેતાં. માનું મુખારવિંદ પૂર્ણ જ્યોતિર્મય, દિવ્ય હતું. તેમની તેજસ્વીતા વધી રહી હતી. શરીર ક્ષીણ થઈ રહ્યું હતું. ૨૭ ઑગસ્ટ, ૧૯૮૨, ભાદરવા સુદ નોમ, શુક્રવારે સવારે મા ધીમેથી બોલ્યા, 'નારાયણ હરિ'. આ તેમના અંતિમ શબ્દો. સાંજે ૭-૪૦ કલાકે માએ આંખો ઉઘાડી એકાગ્ર થઈ ઉપર જોયું. પછી થોડી ક્ષણોમાં છેલ્લા શ્વાસ લીધા; ઇહલીલા સમાપ્ત કરી મહાપ્રયાણ આદર્યું.

૨૯ ઑગસ્ટ, રવિવારે માના દેહને શણગારીને પાલખીમાં ગોઠવવામાં આવ્યો. ૮૭ વર્ષની ઉંમરે પણ માનો એકેયવાળ સફેદ થયો નહતો. મુખ પર અપૂર્વ તેજ, સૌંદર્ય અને દિવ્યતા દૃષ્ટિગોચર થતાં હતાં. દેહવિલયને ૨૮ કલાક થવા છતાં માનું શરીર સાવ નરમ, કોમળ હતું.

માના દેહવિલય પછી અનેક મહાનુભાવોએ તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી. ઇન્દિરા ગાંધીએ કહ્યું, 'મા આનંદમયી ભક્તિ અને વાત્સલ્યની સાક્ષાત્ મૂર્તિ હતાં. તેમનાં દર્શનમાત્રથી અનેક જિજ્ઞાસુઓના પ્રશ્નોનું સ્વતઃસમાધાન થઈ જતું હતું.' કાશીપીઠના શંકરાચાર્યે કહ્યું, 'માની સાથે ભક્તિનો એક યુગ આથમી ગયો.'

માએ દેહત્યાગના લગભગ પાંચ માસ પૂર્વે આહારનો અને સાડા ત્રણ માસ પૂર્વે પાણીનો ત્યાગ કરેલો. ૧૦૫ દિવસ સુધી તેમણે પાણીનું ટીપું પણ લીધું ન હતું ! આટલા લાંબા સમય સુધી અન્નજળ વિના માનું શરીર ટક્યું એ એક આશ્ચર્ય જ ગણાય. માએ એક વાર ભક્તો સાથેના વાર્તાલાપ વખતે શરીરનો નિર્દેશ કરી કહેલું, 'જન્મ-મરણનો સવાલ આમાં આવતો નથી. હું તમને મૂકીને જતી જ નથી. હું તો તમારી પાસે જ છું.' મા નશ્વર દેહે આપણી સમક્ષ નથી પણ તેમનું અનશ્વર રૂપ, નિત્ય, ચૈતન્ય સ્વરૂપ આપણી પાસે જ છે. માએ કહેલું, 'તમે ગમે તેટલા નિર્બળ કેમ ન હો, તમારી શક્તિની અંતિમ સીમા સુધી પ્રયત્ન કરતા રહો. તમારા અધૂરાં કામ પૂરાં કરવા હું સ્વયં હાજર છું.' માની આ હૈયાધારણ આપણને હંમેશાં પ્રેરણા આપવા પર્યાપ્ત છે. □

અનુસંધાન] કમ્પ્યૂટર - ૪ [પૃ. ૪૬૩ પરથી

સી.પી.યુ. કમ્પ્યૂટરનું હાર્દ છે. તે સૂચનાઓને શ્રેણીબદ્ધ બનાવે છે, યોગ્ય સમયે તેમને જુદા જુદા પરિપક્ષોમાં મોકલી આપે છે. અર્થઘટન કરે છે, હુકમોનો અમલ કરે છે. જો કે કમ્પ્યૂટરની અંદર થતી પ્રક્રિયાઓ ઘણી જટિલ હોય છે. કમ્પ્યૂટર પ્રણાલી સાથે સંકળાયેલ વિવિધ પદ્ધતિઓ પણ ઘણી મહત્ત્વની છે.

કમ્પ્યૂટર પ્રણાલી સાથે જોડાયેલ ભૌતિક એકમને હાર્ડવેર (ભૌતિક માલ) કહે છે. હાર્ડવેર હકીકતમાં તો સાધન-સામગ્રી છે. જેમકે આંકડા, અક્ષરો ને સંજ્ઞાઓથી સજજ કરેલ કિબોર્ડ, સી.પી.યુ.ના એકમો, પ્રિન્ટર, મેગ્નેટિક ટેપ તથા ફ્લોપી વગેરે.

કમ્પ્યૂટરના કાર્યક્રમ (પ્રોગ્રામ)ને સોફ્ટવેર (અભૌતિક કે મૃદુ માલ) કહે છે. આ પ્રોગ્રામ વાપરનાર કે કમ્પ્યૂટર પ્રણાલીને અનુલક્ષીને તૈયાર કરવામાં આવે છે.

હાર્ડવેર અને સોફ્ટવેર વચ્ચે કાર્ય કરતા વિભાગને ફર્મવેર કહે છે. મેન્યુફેકચરર કેટલાક નિત્યક્રમ (Routine)ના ખાસ સંગ્રહો તૈયાર કરે છે. આથી કેટલાક વિધિયો આપણે લખવા પડતા નથી. આવા નિત્યક્રમ હાર્ડવેરના મૂળભૂત વિધિયો (કાર્યો)નો શ્રેણીબદ્ધ ઉપયોગ કરે છે. વાપરનારને ફર્મવેરની જાણકારી હોતી નથી, કારણ કે કમ્પ્યૂટર આપોઆપ સૂચનાઓને સ્વીકારી હુકમોનું પાલન કરે છે.

કમ્પ્યૂટર સાથે કાર્ય કરવામાં રોકાયેલ વ્યક્તિને લાઈફવેર (Lifeware) કહે છે. (ક્રમશઃ)

બળતરા

અશોકપુરી ગોસ્વામી

વહેલી સવારે અમે અમારા ગામડેથી નીકળેલા એટલે આઠ વાગ્યા સુધીમાં તો અમે વડોદરા સ્ટેશને આવી પહોંચેલા. મારા આવ્યા પછી એ આવ્યા. હજુ મહેશ આવ્યો ન હતો.

અમે જ્યાં ઊભેલા તે ચાની લારીવાળાએ સ્ટવને ઉતાવળે પંપ મારી બર્નર પર આવેલા કેરોસીનને દીવાસળી ચાંપી, તો મોટ ભડકો થયો. હજુ બર્નર પૂરું તપી પણ ન રહ્યું ત્યાં તો ફરી એ જ ઝડપથી આઠ-દસ પંપ તેણે લગાવી દીધા. એની ઉતાવળે સળગાવવાની આનાકાની કરતો હોય એમ સ્ટવ પણ સળગવાને બદલે ધુમાડો ઓક્યો. સળગતી ઝાળ સાથેનો કાળા ધુમાડાનો ગોટો સવારની તાજી હવામાં ફેલાયો. અડધું-પડધું સળગેલા કેરોસીનની તીવ્ર વાસ લઈ ધુમાડો સીધો મારા નાકમાં. તે જ વખતે હું એમને એવું કહી રહ્યો હતો કે 'એમ તે કૈં એક પર બીજી થતી હશે ? તમે ખોટી બીક રાખો છે. કાયદાના હાથ....' તીવ્ર વાસવાળો ધુમાડો મારા ઉઘાડા મોંમાં પેસી જવાથી વાત અધૂરી રહી. મેં નાક અને મોં પર હાથ દાબ્યો. અંદર ગયેલા ધુમાડાએ બહાર નીકળવા કથોલું જોર કર્યું, તો મને લુખી ઉધરસ આવી. મને નાકમાં અને ગળામાં બળતરા થઈ. આંખો ય બળવા મંડી. અધૂરું હતું તે કાનનેય થઈ. એ કહે : 'એક પર બીજીનો કાયદો નથી એ તો હું ય જાણું છું. પણ આખરે તો એ બધા લોચા જ ઉથામવાના ને ? એ પેલી જોડે ખાલી ફરે જ છે ને ? તો છો ફરે. આપણી સવિતા તો સુખી છે ને ?' આટલું બોલી એ અટક્યા. કેમ અટક્યા ? મને ઘડીભર થયું કે મારી જેમ એમને ય ધુમાડો લાગ્યો કે શું ? પણ ના ચાની લારીવાળો પાણીના ગ્લાસ લઈને આવ્યો એટલે એ અટક્યા હતા. મનની વાસી વાતને પાણીના ઘૂંટડામાં વીંછળી એમણે કોગળો કર્યો, અને પ્યાલાના વધેલા પાણીને એ ગટક ગટક પી ગયા. હું તો હજુ પાણી પી પણ રહ્યો નહીં અને એમણે તો લારીવાળાને 'બે સ્પેશિયલ' કહી, અધૂરું આગળ ચલાવ્યું :

'હું છોડીનો બાપ. બે બાજુનો મરો બાંડિયા સાપને. હું જાણું છું કે તમે મારા અને મારી સવિતાના લાભમાં આ ઉપાડો આદર્યો છે. પણ આ ફરંદા અને લોંઠને આપણે જો કૈં કહીએ અને સવિતાને કનડે તો...? બાકી સવિતાને, એના ભાણેજાને લૂગડેલત્તે કે પૈસેટકે પડવા દે છે કશી આપદા ? એનો વર કે એનાં સાસરિયાં એને કૈં કહે છે ? કૈં કરે છે ?'

એટલામાં ચાની લારીવાળો ચાના ગ્લાસ લઈને આવ્યો. એક ગ્લાસ પોતે રાખી બીજો મને આપતાં કહે, 'લ્યો.' 'સુખી...?!' થોડીવાર પહેલાં જે ઠંડકથી એ સુખી બોલ્યા હતા તે જ શબ્દનો પ્રશ્ન મેં એમને તાકતાં કર્યો. અને પૂછ્યું, 'આનાથી મોટું બીજું શું દુઃખ ?' એમણે આપેલા ગ્લાસને પકડવા જતાં મારી આંગળિયો દાઝી. ચા કૈં એટલી બધી ગરમ નહીં હોય' એટલે જ તો એ મજાથી પી રહ્યા હતા. એમને આમ ચા પીતા જોઈ મને થયું, કેવી મજાથી ચા પી રહ્યો છે આ માણસ ! મારાથી તો ગરમ ગરમ ચા પીવાતી જ નથી. નક્કી ચા કરતાં ગ્લાસ વધારે ગરમ હશે.

મારો બોલવાનો ટોન સમજી એ મને સમજાવતા હોય એમ કહે, 'મારે તો બધીય બાબતનો વિચાર કરવો પડે. કશું ઊડઝૂડ ના કરાય. જમાઈના વાંકે સવિતાનાં સાસરિયાંને કેમ લઢાય ? એ લોક તો છોકરાનો વાંક કાઢી જીવ બાળે છે. તમે જ કહો એમને હવે કહેવાય પણ શું ?'

'મારું એમ કહેવું છે કે આપણે એના ઘરનાંને નહીં, સવિતાના વરને કંઈ કહીએ. સમજાવીએ. આ તો સવિતાનો કાગળ આવ્યો મારી ઉપર એટલે છેક વડોદરા સુધી હું લાંબો થયો. તમેય આવી ગયા છો, હવે મહેશ આવે એટલે જઈએ અલકાપુરી. આપણે ત્યાં જઈને એને કહી જોઈએ તો ખરા. એ ય જાણે કે સવિતાની દરકાર કરનાર કોઈ છે, નથી એમ નહીં.' આમ કહી મેં ચાનો ઘૂંટ ભર્યો.

'આપણે દબાયા-ચંપયા નથી બોલતા આપણી સવિતાને લીધે. આ નહીં બોલવાથી જ કદાચ એ ફરંદો થોડો માઝામાં હોય. બાકી નાત તો એને વગોવી અને આપણા વિશે કહે છે ને કે સવિતા અને એનાં પિયરિયાં ખાનદાન બહુ. વેઠે છે, પણ બોલે છે કૈં ?'

'શું ધૂળ મઝામાં ?' ચીડનું માર્યું બોલી જવાયું મારાથી. દીકરીનું ભલું કરી રહ્યો આ બાપ ! હું મનમાં બબડ્યો. 'ના...ના. એવું તે ખરું હોં.' એ ભલે ગમે તે કરતો ફરે પણ આપણી સવિતાને ખસ સરખુંય કહ્યું છે ? એને ક્યાં કનડી કે કાઢી મેલી છે તે આ બધી દગ્ધા લઈ આપણે ફર્યા કરીએ ? એ રખડે છે તો ભલે રખડે. રખડીને આવે છે તો ઘેર જ ને ?'

મને એવો ગુસ્સો ચઢ્યો કે મોંઢે બોટેલી ચાનો ગ્લાસ આ બાપને મોં પર જ... પણ હું એમ ના કરી શક્યો.

મારી ચા પૂરી થવાની જ વાટ જોતા હોય એમ ચાનો ખાલી ગ્લાસ મારી પાસેથી લઈ પેલા લારીવાળાને આપ્યો અને ચાના પૈસા ચૂકવી મને કહે, 'લ્યો હેંડો ત્યારે જરા ગુજરીમાં જતો આવું.'

'પણ આજે સવિતાને ત્યાં જવાનું આપણું ગોઠવ્યું છે. મેં તમને અને સવિતાના નણંદોઈ મહેશને એટલે તો કાગળ લખ્યા હતા. મહેશ હમણાં જ ડભોઈથી આવશે. એ આવે એટલે ત્રણેય ત્યાં સાથે જઈએ.'

'તમે... તમે જઈ આવો. મેં માણસને બળદ લઈને મોકલ્યો છે ગુજરીમાં. જેને અને તેને મારમાર કરે છે તેથી થયું કાઢી નાખીએ. હું જવ ગુજરીમાં. પેલો વાટ જોતો હશે.' 'પણ તમે આવ્યા હોત તો સારું રહેત. તેમાં તમારું વજન પડે. બળદ વેચવા તો પછીય...' મને લાગ્યું હું મારી બેન-દીકરી માટે એમને કરગરું છું.

પણ એ તો; 'લ્યો આવજો ત્યારે' કહી ઉતાવળે ચાલવા જ મંડ્યા. અરે નાઠા જ - પાછળ પડેલી મધમાખોના ત્રાસથી બચવા કોઈ ભાગે એમ એ ભાગ્યા.

હું એમને જતા જોઈ રહ્યો. મને થયું, આ બાપનું પેટનુંય પાણી સરખું નથી હાલતું. ખાનદાન બાપ તો માથે બરફની પાટ મેલી મજાથી હરે છે ફરે છે, અને ધખારો બધો કેમ મને જ ? કેમ અમને જ ?

અઠવાડિયા ઉપર સવિતાનો આ બાબત વિશે પાંચમો કાગળ મારી ઉપર આવ્યો. કાગળ વાંચી પત્નીએ ઘર ઉપરનીચે કરી મૂક્યું. ખાવા બેસું તો ગળે ધાન ના ઉતરવા દે. દિવસમાં દસવાર એ કહે, 'તમે તો મોટીબેનનો કાગળ વાંચી મૂંગા થઈ ગયા, પણ મારું તો શેર શેર લોહી બળે છે. અરે મોટીબેનના વર પર આવે તેના કરતાંય વધારે ગુસ્સો મને તમારા પર આવે છે.'

'મારા પર ગુસ્સો ?! કેમ વારુ ? લફરાં તારો મોટો બનેવી કરે અને ગુસ્સો તું મારી ઉપર કરે એ ક્યાંની રીત ? હા, જો હું ય તારા બનેવીની જેમ નયના જેવી કોઈ જોડે ફરતો હોત અને તું આમ ગુસ્સો કરત કે ગામ ગજવત તો વાજબી પણ...?' મેં રમૂજ તો કરી. પણ પત્નીની આંખમાં પાણી જોઈ હું ચૂપ થઈ ગયો.

આવું જ્યારથી બનવા માંડેલું ત્યારથી સવિતા અમને એના વરની અને પેલી નયનાની વાતો કરતી. કંઈ નવાજૂની થઈ હોય કે કહેવાજોગ વાત-વિચાર હોય અને અમે ક્યાંક એને સગેવહાલે કે સારામાઠા પ્રસંગે મળી જઈએ તો બે-પાંચ મિનિટમાં એ ઉતાવળે બધી વાત કરી લેતી. કોઈ વાર ખાસો સમય થઈ ગયો હોય તો બંધ પરબીડિયું ય લખતી. અને કાગળમાં એવી તાકીદ કરતી : 'જો જો હોં, વાત બહાર જાય નહીં. વાંચીને કાગળ ફાડી નાખજો.'

અમને થયેલું કે આ ઠીક થતું નથી. એટલે સવિતાના વરને અમે મહેશ મારફત ખખડાવેલો. કોઈને નહીં ગાંઠનારને જાણે અમે નાથ પરોવી. અને સવિતાનો વર ના સાંભળે તો જાય ક્યાં ? મહેશ એનો બનેવી. બનેવીનું ખોટું હોય તો ય એકવાર સાંભળી લેવું પડે. એટલે જ મેં મહેશને આગળ કરી બધી બાજી ગોઠવી હતી. મહેશ મારું કહ્યું માને એના મૂળમાં એટલું કે એ ભણ્યો મારી ચોપડીઓ અને મારી જ ફીથી. ભણી રહ્યા પછી લોકોનું નથી પડતું નોકરીનું ઠેકાણું, નથી પડતું છોકરીનું. પણ મેં મહેશનું લગ્ન *સવિતાની નણંદ જોડે ગોઠવ્યું તો* મહેશનાં સાસરિયાંએ એની નોકરીનું ઠાવું પાડી આપ્યું. એટલે જ તો મહેશ વાતે વાતે મને કહે, 'બૉસ, તમારા વડે આ નોકરી અને છોકરી. નહીંતર હજુય આપણે રખડતા જ હોત. તમે મારા સાર્જન્ટ અને હું તમારો સોલ્જર. તમારે કામ હોય તો ઑર્ડર કરવાનો... એટેક, ફાયર.'

મને મહેશ બાબતની પાકી ખાતરી કે એ હું કહું એ જ કરે. મારું પિવાડ્યું જ પાણી પીએ.

તે દિવસે ય મારા કહેવાથી જ એણે જે ફાયરિંગ કરેલું એનો શબ્દેશબ્દ મને બરાબર યાદ છે : 'તમે તો પેલી રૂપાળીને રવાડે ચડ્યા છો, પણ નીચું તો અમારે જોવું પડે છે ને ? નાતમાં સગેવહાલે લોક અમને ચૂંથી ખાય છે. તમારે લીધે અમારાથી છાતી કાઢી ફરાતું નથી. કોઈ કૈં કહે નહીં તે ફાવે તેમ કરવાનું ? તમને કહેતાંય મને તો શરમ આવે છે.'

સવિતાનો વર એકવાર તો વટભેર બોલી ય ગયો, 'હું બે રાખું કે બાર, કોઈને શું ?'

'તો રાખો તમારી બેનને તમારે ઘેર. હુંય તમારી પેલી છે ને એના જેવી કોઈ શોધી લઈશ.' મહેશે ફાયરિંગને બદલે બૉમ્બ ધડાકો કરેલો. એની સાસરીમાં સોપો પડી ગયેલો. મારી છાતી હરખથી ફૂલેલી. બહાર નીકળ્યા ત્યારે એણે મને પૂછ્યું, 'કેમ બૉસ, ફાયરિંગ બરાબર હતું ને ?' 'બરાબર મહેશ, બિલકુલ નિશાન પર.' મેં એનો ખભો થાબડેલો.

સવિતા સહિત સૌ રાજી. આ ઠપકાના પ્રતાપે થોડા દિવસ બધું મ્રાઝા-મર્યાદામાં રહ્યું ય હતું, પણ હવે તો સવિતાનો વર અને નયના પહેલાંની જેમ છાનાંછપનાં નહીં ઉઘાડે છોગ મળવા લાગ્યાં. પહેલાં કરતાં બેય વધારે મક્કમ બન્યાં. અરે, નયના તો હવે સવિતાની હાજરીમાંય એના ઘેર જતી-આવતી અને રહેતી થઈ.

આ વખતના ઇન્લેન્ડમાં સવિતાએ બધી જ વાત વિગતવાર લખેલી. પત્ની ખૂબ વ્યથિત. એની મોટીબેનનો કાગળ એ વારે વારે વાંચે.

મેં એને કહ્યું, 'તને કેમ કરી સમજાવું કે સવિતાનું ગાડું પાટા પર લાવવું એ તું ધારે એટલું સહેલું નથી. ચોમાસામાં આપણા ખેતરમં વધે જતી ધરોને કાઢવા જેવું આ અઘરું છે. પાસે દેખાતા ધરોના તાંતણાનો છેડો ક્યાંનો ક્યાંય નીકળે. એકવાર નીંદીને ફેંકી દીધો તો ય ફરી ઊગ્યો ને ?'

સવિતાના નરી ધરોથી ચરા જેવા ખેતરને મારે એકલા હાથે નીંદવાનું હોય એવી મને ચિંતા થઈ. પત્ની સાંજે વાળું કર્યા પછીય સવિતાની, એના વરની અને પેલી નયનાની જ વાતો કરતી રહી. પથારીમાં પડ્યે પડ્યે રાતનું અંધારું હું જાણે સવિતાની આંખે જોતો હતો. ઊંઘવા મથતા મારા દેહને મન જંપવા દેતું ન હતું. માંડ આંખ બિડાયેલી.

'ક્યારે આવ્યો બૉસ ? બહુ રાહ જોવી પડી ?' મહેશના અવાજે મને જગાડ્યો.

'ના, રે. આવ, આવ, હું તારી જ રાહ જોઉં છું.'

'આવ્યા સવિતાભાભીના બાપુ ?'

'એ તો આવીને ય ગયા.'

'ક્યાં ? ક્યારે ?'

'એ તો ગુજરીમાં ગયા.' એમને પજવતો મારકણો બળદ વેચવા એ આવ્યા છે.

'પણ બૉસ, તમે જ કાગળમાં લખ્યું હતું કે આપણે ત્રણેય સ્ટેશને જ ભેગા થઈ અલકાપુરી જઈશું અને એ ચાલ્યા ગયા ?'

સવિતાના બાપુના ગયાનો વસવસો મહેશના આવ્યાથી સાચે જ ઓછો થયો.

'મહેશ આપણે ચા-નાસ્તો કરીને જ જઈએ.' મેં કહ્યું. આ અમારી પહેલીથી જ ચાલતી આવતી રીતરસમ. એ હા પાડશે એની ય મને ખબર. એ પા-અડધા કલાક દરમ્યાન હું તોપમાં જરૂરી દારુગોળો ભરી અને પછી એની સાસરીમાં જ હુકમ કરીશ : ફાયર.

'ના, બૉસ. મારી સાસરીમાં જઈએ છીએ પછી ખોટો ખરચ શા માટે ?'

હું ચમક્યો. મને થયું આ મહેશ બોલ્યો ? પણ, એના મૂડથી અલગ કોઈ વાત નથી કરવી માની હું ચૂપ રહ્યો. વળી પાછું મને થયું, એકવાર મહેશ બધી વાત જાણી-સમજી લે તો ત્યાં અનુકૂળતા રહે. એટલે : 'મહેશ, આ વખતે તારા સાળાને આકરો ડૉઝ આપવાનો છે. કહી દેવાનું કે પેલી સાથેનો સંબંધ કાયમ માટે તોડો નહીં તો તમારી બેન તમારે ઘેર આવશે.' મેં ગંભીર વાત ઝટપટ કહી નાખી.

એ કાંઈ પણ બોલ્યા વિના મને તાકી રહ્યો. મારી વાતને ધ્યાનથી સાંભળવા નહીં પણ સમજવા પણ માગતો હોય એમ મને લાગ્યું.

વડોદરાના સ્ટેશનથી અલકાપુરી અમે કાયમ ચાલતા જ જતા. પણ આજે મને થયું, રિક્ષામાં જઈએ, જલ્દી પહોંચાય તો ખરું. આ મહેશ તો જાણે બગીચામાં ફરવા નીકળ્યો હોય એવું ચાલે છે.

'મહેશ, તેં નયનાને તો જોઈ હશે, નહીં ?' મેં પૂછવા ખાતર એને પૂછ્યું.

'એક-બે વાર મળેલી.'

મેં પ્રશ્નાર્થ નજરે એની સામે જોયું તો એણે કહ્યું, 'સાળાની બર્થ ડે હતી ત્યારે એ ઘેર આવેલી વિશ કરવા.' મને આઘાત લાગ્યો. 'એ, ત્યારે ઘેર આવેલી ?!' મેં નવાઈ પામતાં એને પૂછ્યું. મને થયું, હોટલ-બોટલમાં મળ્યાં હોત તો ઠીક. પણ ઘેર...?!' એ કંઈ બોલ્યો નહીં. વાત ફરી અટકી. અમે હવે બોલ્યા વિના ચાલતા હતા. એટલામાં જ -

સરરરરર કરતું એક કાઈનેટિક હોન્ડા અમારી બાજુમાંથી પસાર થઈ ચરરરરર કરતું થોડે દૂર જઈ ઊભું.

અમે નજીક પહોંચ્યા કે સ્કુટર-સવાર યુવતી એ મહેશને ઉદ્દેશીને 'મહેશકુમાર' કહ્યું. અમે ઊભા રહી ગયા.

'અલકાપુરી જાવ છો ને ? આવો બેસી જાવ પાછળ' એણે કહ્યું.

'ના. અમે સાથે છીએ.' એમ કહી મારી ઓળખ આપતાં મહેશ કહે, 'આ સવિતાભાભીના નાના બનેવી.' પછી મને એની ઓળખ આપતાં એ મૂંઝાતો હોય એમ, 'આ...' કહી અટક્યો.

'હું નયના.' એણે વિશ્વાસથી કહ્યું, જાણે હું એને નામથી તો જાણું જ છું. પછી લાગલું જ પૂછ્યું; 'કેમ છો ? શું કરે છે બચીબેન ?'

સારું છે કે એવું કશું બોલવાનો વિવેક કરવા વિચારતો હું તો 'બચીબેન' સાંભળી ચમક્યો.

બચીબેન તો મારી પત્નીનું એના બચપણનું હુલામણું નામ. પણ, મારી પત્નીને સૌ એના ખરા નામથી બોલાવે એવો મારો આગ્રહ. આ આગ્રહ સૌ પાળે. પણ પોતાની નાનીબેનને બચીબેન કહેવાનો અબાધિત અધિકાર સવિતાએ મારા અણગમા છતાં નહીં છોડેલો. એ નયનાને 'બચીબેન' બોલતાં સાંભળી મને થયું આણે તો સવિતાના આ અધિકારને ય છીનવી લીધો. મને મનમાં ચચર્યું.

મને વિચારતો અને મહેશને ચૂપ જોઈને એણે તો કાઈનેટિક સ્ટાર્ટર દબાવતાં, 'તો આવો છોને બંને ઘરે ? હું ઘેર જ જાઉં છું.' કહી ચાલી નીકળી.

સ્કૂટરની ઘરેરાટીમાં ય 'હું ઘેર જ જાઉં છું,' એ વાક્ય મને સ્પષ્ટ સંભળાયું. મહેશને થયું કે મેં સાંભળ્યું નથી એટલે એ કહે, 'નયના ઘણીવાર ઘેર જાય છે.' ફરી વાર ઘર ?! મને થયું, છતાં મેં 'હમ્મ્' કરીને હોંકારો ભણ્યો.

અમે ફરી ચાલવું શરૂ કર્યું. થોડે સુધી તો મૂંગે મૂંગા અમે ચાલ્યા. પણ અચાનક જ -

'આ તો ત્યાં જ ગઈ. એ ત્યાં હોય પછી એની વાત કેમની કરી શકાય ? હવે ત્યાં જવાનો શું અર્થ ?' મહેશને જાણે કારણ મળી ગયું.

'ના મહેશ, આપણે આવ્યા છીએ તો જઈએ જ.' કહી મેં ઉમેર્યું, 'પેલી, તારી સાસરીમાં જઈને કહેશે તો ખરી જ ને કે આપણે મળ્યા છીએ, અને ઘેર આવીએ છીએ. એ લોકો આપણી રાહ જોશે.'

'તે જુએ રાહ, આપણે કેટલા ટકા ? આપણે જવું હોય તો જઈએ. મરજી આપણી, કેમ ?' એણે વટથી મને પૂછ્યું તો ખરું, પણ મને મૂંગો જોઈ એ ચૂપ થઈ ગયો.

વળી પાછો થોડીવાર પછી મને કહે, 'બૉસ, મારું તો માનવું છે કે હવે ત્યાં જવું નકામું છે. શું કહેવું છે તમારું ?'

'મહેશ, હું તો થાક્યો. તું જેમ કહે તેમ.' હું સાચે જ હવે થાકી ગયો હતો.

'આજે જવામાં મજા નહીં આવે. આ...ના જોઈ ? પેલી ત્યાં જ ગઈ છે. એ ત્યાં ન હોત તો, બૉસ, કરી નાખત ફાયરિંગ. પણ એ મને જાણે પટાવે.'

'હા, મહેશ એ ન હોત તો વાત જુદી હોત.' હું આમ બોલ્યો એટલે હું એને સંમત છું એમ માની એ સાચે જ આગળ વધતો અટકી ગયો; અને સ્ટેશનની દિશા તરફ જ ફરી ગયો. હું ખમચાયો. ઘડીક ઊભો. મેં ય થાકીને જ્યાં ચાલવાનું શરૂ કર્યું ત્યારે અમારી બેની વચ્ચે ખાસ્સું અંતર પડી ગયું હતું. ઉતાવળે ચાલ્યા જતા મહેશની જોડે થવા હું લાંબાં ડગલાં ભરું છું ત્યાં જ -

મને ઘસાઈને પસાર થયેલી રિક્ષાના કેરોસીન-મિશ્રિત પેટ્રોલના ધુમાડાએ મને ઘેરી લીધો. ધુમાડાથી મારાં આંખ અને નાકમાં પાણી આવી ગયું. મને ગૂંગળામણ થઈ. આંખ અને નાકમાં બળતરા થવા લાગી.

આવી ગૂંગળામણમાં ય મને થયું : મહેશને મારી જેમ બળતરા નહીં થાય. એ તો ધુમાડાની પેલે પાર છે.

મેં ઊંચે જોયું તો -

ચઢતા દિવસનું અજવાળું કાળાં વાદળોને પાર કરી નીચે આવવામાં હાંફી જતું હતું. □

કમ્પ્યૂટર - ૪

પ્રહ્લાદ છ. પટેલ

કમ્પ્યૂટરની પ્રથમ પેઢીનો સમય ૧૯૪૦ - ૫૨ની સાલ સુધી હતો. તેનો પાયાનો ઘટક શૂન્યાવકાશ કરેલી કાચની નળી (વેકયૂબ ટ્યૂબ) હતો, જેનો બાહ્ય આકાર વર્તમાન વિદ્યુતગોળાને મળતો આવે છે. આ ઘટક કદમાં મોટો, મોંઘો અને અલ્પાયુષી હતો. તેમાં પાવર વધુ વપરાય છે અને તેમાં ઉષ્મા વધુ પેદા થતી હોવાથી વેકયૂબ-ટ્યૂબ આધારિત કમ્પ્યૂટર માટે ચુસ્ત વાતાનુકૂલિત (A.C.) ઓરડાની જરૂર પડતી. આ ઘટક ઓછો આધારભૂત હતો અને તેનાથી બનતી કોઈ પણ રચના વધુ મરામત માગી લે પ્રથમ પેઢીના કમ્પ્યૂટરની મોટી મર્યાદા એ હતી કે તેના ઉપર એક જ સમયે એક જ વ્યક્તિ કાર્ય કરી શકે. આવા કમ્પ્યૂટરની કિંમત તે સમયે દસ લાખ રૂપિયા જેટલી હતી. આ પેઢીના કમ્પ્યૂટરમાં યાંત્રિક ભાષા (Mechanical Language)નો ઉપયોગ થતો હતો.

બીજી પેઢીના કમ્પ્યૂટરનો સમય ૧૯૫૨-૬૪ સાલ સુધી હતો. આ પેઢીના કમ્પ્યૂટરમાં વેકયૂન-ટ્યૂબનું સ્થાન ટ્રાન્ઝિસ્ટરે લીધું. શોકલે બ્રિટાન અને બાર્ડીને (જેનું ત્રીજી વખત સુપરકંડક્ટિવિટી ઉપર નોબેલ પુરસ્કાર મળે તે પહેલાં અસવાન થયું) ૧૯૪૮માં ટ્રાન્ઝિસ્ટરની શોધ કરી. જર્મેનિયમ અથવા સિલિકન જેવી ધાતુમાંથી બનાવેલ આ સઘન (Compact) રચનાએ કમ્પ્યૂટરની રચનામાં આમૂલ પરિવર્તન કર્યું. ટ્રાન્ઝિસ્ટર આધારિત બીજી પેઢીના કમ્પ્યૂટરો ૧૯૫૮-૬૦ના ગાળામાં પૂરબહારમાં ખીલી ઊઠ્યાં. ટ્રાન્ઝિટર વધુ સઘન રચના છે. એક વેકયુમ-ટ્યૂબની જગાએ આશરે ૧૦૦૦ ટ્રાન્ઝિસ્ટરો રહી શકે છે, આથી કમ્પ્યૂટરનું કદ ઓછું થયું. તે સસ્તો છે. વેકયૂમ-ટ્યૂબ કરતાં ટ્રાન્ઝિસ્ટરની આવરદા ૨૫ ગણી હોય છે. તેમાં પાવર ઓછો વપરાય છે. કોઈ એક નિયત હેતુ માટે વેકયૂમ-ટ્યૂબ આધારિત કમ્પ્યૂટર કરતાં ટ્રાન્ઝિસ્ટર આધારિત કમ્પ્યૂટરની કિંમત બારમા ભાગ જેટલી થાય છે. આવા કમ્પ્યૂટરમાં ઉષ્મા ઓછી પેદા થાય છે માટે એ.સીની જરૂર પડે છે. એકજ સમયે એક જ વ્યક્તિ આવા કમ્પ્યૂટર ઉપર કાર્ય કરી શકે છે. બીજી પેઢીના કમ્પ્યૂટરમાં બેઝિક (BASIC-Beginners Allpurpose Symbolic Instructional Code), ફોરટ્રાન (FORTRAN - FORmula TRANslation) અને કોબોલ (COBOL-COmmon Business Oriented Language) જેવી ભાષાઓનો ઉપયોગ થાય છે. બીજી પેઢીનાં કમ્પ્યૂટરો ઓછી કિંમત અને વધુ ક્ષમતા ધરાવે છે.

બેઝિક ભાષા ઘરગથ્થુ કમ્પ્યૂટરમાં વપરાય છે. આ ભાષા કમ્પ્યૂટર અને માણસ વચ્ચે દુભાષિયાનું કામ કરે છે. બેઝિક ભાષામાં અંગ્રેજી શબ્દો અને શબ્દસમૂહોનો ઉપયોગ થાય છે. કોઈ પણ કોયડા કે પ્રશ્નનો તર્કસંગત અને શ્રેણીબદ્ધ કાર્યક્રમ (Program) બનાવવો પડે છે. કમ્પ્યૂટર પ્રોગ્રામને જ સમજે છે. પ્રોગ્રામને કમ્પ્યૂટરમાં નિવેશિત કરવામાં આવે છે. મધ્યસ્થ પ્રકાર્યકારી એકમ (Central Processing Unit-CPU) કોયડાના ઉકેલ તૈયાર કરે છે. જે નિર્ગત થતાં વાપરનાર સમજી શકે તેવી ભાષામાં ઉકેલ મળે છે. બેઝિક એ બેઝિક (પાયારૂપ) ભાષા છે.

બેઝિક સમયની વહેંચણી (Time Sharing) કરી આપતા કમ્પ્યૂટર માટેની ભાષા છે. આ ભાષામાં પ્રોગ્રામની ટેકનિક ઓછી જટિલ હોય છે. કમ્પ્યૂટરનો જેણે ઉપયોગ કર્યો નથી કે જેણે પ્રોગ્રામ બનાવ્યા નથી તેને માટેની આ ભાષા છે. બેઝિક ભાષા વ્યાકરણના કેટલાક નિયમો ધરાવે છે ને તે વાપરનારની ભાષા (User's Language) છે. બેઝિક ભાષા ફોરટ્રાનને મળતી આવે છે. આ બંને ભાષાઓમાં ગણિતીય સંજ્ઞાઓનો એકસરખી રીતે ઉપયોગ થાય છે. આ ભાષાને ધંધાકીય ક્ષેત્રે પણ પ્રોયજી શકાય છે. બેઝિક સંક્ષિપ્ત શક્તિશાળી અને ઓછા સમયમાં તૈયાર થઈ શકે તેવી ભાષા છે. શિક્ષણક્ષેત્રે આ ભાષા વિશેષ અનુકૂળ છે. માઈક્રોકમ્પ્યૂટરનો ઉપયોગ કરનારાઓમાં આ ભાષા પ્રિય અને પ્રખ્યાત છે.

ફોરટ્રાન ભાષામાં અંગ્રેજી શબ્દો અને સંજ્ઞાઓને આધારે સૂચનાઓ તૈયાર કરવામાં આવે છે. અહીં ગણિતીય કે વિજ્ઞાનની ફોર્મ્યુલા (સૂત્ર)નું કમ્પ્યૂટરના સંકેતોમાં રૂપાંતર કરવામાં આવે છે. આ ભાષાનો ઉપયોગ વિજ્ઞાન અને ટેકનૉલૉજિના ક્ષેત્રે થાય છે. આ ભાષા પ્રથમવાર ૧૯૫૬માં IBM - 704 કમ્પ્યૂટરમાં વપરાઈ હતી.

ફોરટ્રાન જેવી બીજી ભાષા આલ્ગોલ (ALGOrithmic Language) છે, જે વિજ્ઞાનના કોયડાઓ તથા દાખલના ઉકેલ માટે છે. આલ્ગોલ-60 વધુ સંક્ષિપ્ત અને ચોક્કસ ભાષા છે. આલ્ગોલ-60 યુરોપમાં અને ફોરટ્રાન અમેરિકામાં વ્યાપક રીતે વપરાય છે. ફોરટ્રાન અને આલ્ગોલનો ઉપયોગ યુનિવર્સિટીઓ અને સંશોધન કેન્દ્રોમાં થાય છે. તદુપરાંત ગણિતજ્ઞો, ઈજનેરો, રસાયણશાસ્ત્રીઓ, ભૌતિકશાસ્ત્રીઓ અને અન્ય વિજ્ઞાનીઓ આ ભાષાઓનો ઉપયોગ કરે છે.

કોબોલ આંતરરાષ્ટ્રિય કક્ષાએ ધંધાકીય ક્ષેત્રે વપરાતી ભાષા છે. યુ.એસ.એ.ના સંરક્ષણ વિભાગે આ ભાષા વિકસાવેલી, જેમાં અંગ્રેજી શબ્દો અને શબ્દસમૂહોનો ઉપયોગ થાય છે. કચેરીઓમાં ફાઈલો બનાવવા આ ભાષા સુગમ છે. વ્યાપારી ક્ષેત્રે તેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે.

માત્ર બીજી પેઢીના કમ્પ્યૂટરોનો ઈજારો જેવી આ બધી ભાષાઓ પછીની પેઢીઓ માટે પણ એટલી જ મહત્ત્વની છે.

(અનુસંધાન પાન ૪૫૯ ઉપર)

ભારતની આદિવાસી જાતિઓ માત્ર જંગલો-પહાડોમાં જ વસનારી નહોતી. એમાંની કેટલીકને એમનાં પોતાનાં રાજ્યો હતાં, દુર્ગો હતા, રાજ્ય- વ્યવસ્થા હતી. દા.ત. સંથાલ જાતિની રાજધાની ચાયચાંપાગઢ હતી, મુંડા જાતિની સુતિયામ્બે (હાલનું રાંચી) હતી. ઉરાંવ જાતિની રોહતાસગઢ હતી. પરંતુ પ્રથમ મુસ્લિમો અને પછી અંગ્રેજોનાં આક્રમણોથી તેમને પોતાની સ્વતંત્રતા ગુમાવીને ફરજિયાત વનવાસ અને ગિરિવાસ સ્વીકારવો પડ્યો.

બિહારમાં સાસારામથી થોડા માઈલના અંતરે આવેલા રોહતાસગઢનો નિર્માતા કોણ ? રાજા હરિશ્ચન્દ્રથી માંડી ઉરગન ઠાકુર સુધીનાં અનેક નામો તે અંગે આગળ ધરવામાં આવે છે. જેણે એ બંધાવ્યો હોય તે, પણ મુગલ શાસકોને એ કિલ્લો હાથ કરવાની જબરી લાલચ જાગેલી. એમાંના પહેલા બે હલ્લાઓને તો ઉરાંવોએ એવી શિકસ્ત આપેલી કે તેઓ વરસો સુધી રોહતાસગઢ પર નજર સુધ્ધાં કરવાની હિંમત નહોતા કરતા. છેલ્લું આક્રમણ ઔરંગઝેબના સમયમાં થયું. જેમાં પ્રચંડ મુગલ આક્રમણ સામે ઉરાંવોને મેદાન છોડવું પડયું.

પરંતુ મુગલો સાથેનું ત્રીજું યુદ્ધ એ નજરે નોંધપાત્ર છે કે એ યુદ્ધ ઉરાંવ પુરુષો નહિ પણ ઉરાંવ સ્ત્રીઓ લડેલી. પહેલા બે યુદ્ધમાં પણ મુગલ સેનાના છક્કા છોડાવનાર સ્ત્રીઓ જ હશે એવું આ પરથી અનુમાન થઈ શકે. આપણા દેશમાં પ્રાચીન કાળથી બનતું આવ્યું છે તેમ અનેક યુદ્ધો આક્રમક સેનાની બહાદુરીથી નહિ પરંતુ આક્રમકનો ભોગ બનેલા રાજ્યના કોઈ ને કોઈ વતનીના વતનદ્રોહથી જીતવામાં આવ્યાં છે. - છેક સિકંદરના સમયથી આ સિલસિલો ચાલતો આવ્યો છે.

આવી જ એક વતનદ્રોહી ગોવાલણને મુગલ સેનાપતિએ ફોડી. ગઢમાં દૂધ પહોંચાડતી એ ગોવાલણનું નામ લુંદરી. મુગલ સેનાપતિએ આપેલાં અનેક પ્રલોભનોથી લોભાઈ તેણે વિજયનો સહેલો માર્ગ બનાવી દીધો કે, ચૈત્ર મહિનામાં ઉરાંવોનું 'સરહુલ' પર્વ આવે ત્યારે ગઢ પર આક્રમણ કરવું. ગઢનાં ગુપ્ત પ્રવેશદ્વારો પણ તેણે બતાવી દીધાં, અને કહ્યુ કે, એ પર્વ પ્રસંગે ઉરાંવોનો સમસ્ત પુરુષવર્ગ નશામાં રહેતો હોઈને તેઓ સહેલાઈથી ગઢનો કબજો મેળવી શકશે.

આ પરથી મુગલ સેનાપતિએ બરાબર સરહુલની ઊજવણી દરમ્યાન જ ગઢ પર હલ્લો કર્યો. પણ સામે કટ્ટર સામનો આવી પડ્યો અને મુગલ સેનાને પાછા હઠવું પડ્યું. તેને થયું કે લુંદરીએ પોતાને ગેરમાર્ગે દોર્યો હતો, એટલે તરત જ લુંદરીને બોલાવી તેને ધમકાવવા માંડી, પણ લુંદરી તો તેની ધમકીઓ સામે છેવટ સુધી હસતી જ રહી. સેનાપતિ આથી આશ્ચર્ય પામ્યો. પરંતુ એ પછી લુંદરીએ જે વાત કરી એ વાતે તો તેના આશ્ચર્યની પરાકાષ્ઠા આણી દીધી. તેણે કહ્યું -

'હજૂર, આપે જેના હાથે હાર ખાધી એ ઉરાંવ સ્ત્રીઓ હતી, પુરુષો નહિ. મેં તમને પહેલાં કહેલું તેમ પુરુષો તો બધા નશામાં હતા, એટલે સ્ત્રીઓ જ પુરુષ વેશ સજી તમારી સેના સામે જંગમાં ઊતરેલી. તમને વિશ્વાસ ન આવતો હોય તો સોન નદીના કાંઠે ઊભા રહી જોજો. ત્યાં કોઈ પુરુષને બે હાથે મોં ધોતો જુઓ તો સમજ જો કે પુરુષ વેશમાં તે સ્ત્રી છે, કેમ કે સ્ત્રીઓ જ બે હાથે મોં ધૂએ છે, જ્યારે પુરુષો હમેશાં એક હાથે.'

પોતાની સેના સ્ત્રીઓ સામે પરાજિત થયા બદલ મુગલ સેનાપતિને શરમ તો ઊપજી, પરંતુ મુકાબલો પુરુષો સાથે નહિ પણ સ્ત્રીઓ સાથે કરવાનો હતો એ જાણીને તેની ખુશીનો પાર ન રહ્યો. સૈનિકોમાં પણ આ જાણી ઉત્સાહ ફરી વળ્યો અને તેઓ તીડની માફક ઉરાંવ સેના પર તૂટી પડ્યા. આ પહેલાં સ્ત્રીઓ સામે પીઠ બતાવ્યાની શરમે તેઓ બમણા ઝનૂનથી લડવા લાગ્યા.

ઉરગન ઠાકુરની કુંવરી સિનગી દઈ અને સેનાપતિની પુત્રી કેલી દઈ બંને યુદ્ધકલામાં નિષ્ણાત હતી. એમની સરદારી નીચે ઉરાંવ સ્ત્રીઓ પહેલાંની જેમ ફરી પાછી મુગલ સેનાને પરાજ્ય આપવા તૈયાર થઈ. પરંતુ દુશ્મનો તો લુંદરીએ બતાવેલા ગુપ્ત માર્ગેથી ગઢમાં પ્રવેશી ચૂક્યા હતા. જે થાય તે, પરંતુ બંને આદિવાસી વીરાંગનાઓ મુદ્દલ મચક આપવા તૈયાર નહોતી. તેમણે એક યુક્તિ શોધી કાઢી, અને ગઢમાં જેટલી મરચાંની ભૂકી હતી એ ભેગી કરીને ગઢની અંદર પ્રવેશતી જતી મુગલ સેના પર ઠાલવવા માંડી. મુગલ સૈનિકો ખાંસતા અને આંખો ચોળતા રહ્યા અને વીરતાપૂર્વક ઝઝૂમતી અને બધા ઉરાંવોને ગઢથી બહાર કાઢતી પોતે પણ બહાર નીકળી. આમાં કેટલાંક સ્ત્રીપુરુષો મુગલોના હાથે ઝડપાઈ જવા પામ્યાં. આમાંની પુરુષોની તો કત્લ કરી નાખવામાં આવી, જ્યારે સ્ત્રીઓને તેમના કપાળે લોઢાના સળિયાથી ડામ દઈને જવા દેવામાં આવી. ડામની ત્રણ રેખાઓ રોહતાસગઢ માટેના આ ત્રીજા યુદ્ધની સૂચક હતી. રોહતાસગઢ છોડી ઉરાંવો ત્યાર પછી રાંચીની આસપાસ વસી ગયા.

મુગલ સેના સાથેનાં ત્રણ યુદ્ધોનો ગાળો બાર વર્ષનો હોઈને ઉરાંવ સ્રીઓ આજ સુધી દર બાર વર્ષે યુદ્ધોત્સવ ઊજવે છે, અને યુદ્ધના પ્રતીકરૂપે આજ સુધી કપાળે ત્રણ રેખાઓ છુંદાવતી રહી છે. આ યુદ્ધોત્સવ દરમિયાન તમામ ઉરાંવ સ્ત્રીઓ મુગલ સેના સામે લડવા નીકળી હોય તેમ પુરુષવેશે હથિયાર સજીને નીકળે છે, પણ મુગલ સૈનિકોના અભાવે જંગલી જાનવરોનો શિકાર કરે છે. આ યુદ્ધોત્સવ 'જની શિકાર'ના નામે ઓળખાય છે.

*

અહમદશાહ અબ્દાલીના હિંદ પરના ત્રીજા આક્રમણ વખતે મુઈનુલમુલ્ક લાહોરનો સૂબો હતો. તેણે અબ્દાલીના સૈન્ય સામે ભારે ટક્કર ઝીલવા છતાં તે પરાજિત થયો અને લાહોરનું પતન થયું. (ઇ.સ. ૧૭૫૨) મુઈનુલમુલ્કને અહમદશાહ અબ્દાલી સામે રજૂ કરવામાં આવ્યો. અમહમદશાહે તેને પૂછ્યું, 'યુદ્ધમાં હું હારીને તમારા હાથે પડ્યો હોત તો તમે મારું શું કરત ?' મુઈનુલમુલ્કે જરાયે અચકાયા વિના જવાબ આપ્યો. 'તમારું માથું કાપીને હું મારા માલિક (મુગલ શહેનશાહ)ને મોકલી આપત.'

અહમદશાહે ફરી પૂછ્યું, 'તમે શરણે થવાને બદલે આવો ભારે સામનો કર્યો તે બદલ મારે તમારું શું કરવું ?'

પરાજિત સૂબાએ એવી જ નિર્ભીકતાપૂર્વક જવાબ આપ્યો, 'જો તમે સોદાગર હો તો મારો સોદો કરી નાખો, જો કસાઈ હો તો મને ઝબેહ કરી નાખો, જો પાદશાહ હો તો મને ઉદાર દિલે માફી આપી દો.'

અફઘાન રાજવી અહમદશાહ તેના આ જવાબથી એવો તો ખુશ થઈ ઊઠયો કે ઊઠીને તેને ભેટી પડ્યો, પોતે પહેરી હતી તે પાઘડી તેના માથે મૂકી અને તેને પોતાના પુત્ર સમાન ગણ્યો.

અશોક હર્ષ

(દેશની આઝાદી માટે ક્રાંતિકારી દળોએ અંગ્રેજી શાસન સામે ઉપાડેલી શહીદીભરી લડતો જેવી સનસનાટી ૧૯૪૨ની 'હિંદ છોડો'ની ચળવળોમાં કદાચ ન લાગે. પણ સ્વાતંત્ર્ય માટે જાગેલી તમન્નાથી પ્રેરાઈને આ દેશની આમ પ્રજાએ જાતે જે ચળવળ ઉપાડી હતી તેનો થનગનાટ અને વ્યાપ દેશભરમાં પ્રસરી ગયો હતો. ગુજરાત પણ તેમાંથી કેમ બાકાત રહે ? અનેક નામી અનામી વ્યક્તિઓએ તેમાં સક્રિય ભાગ લઈ તે ચળવળનો દોર સંભાળ્યો હતો. એવી કોટલીક વ્યક્તિઓની કામગીરીની નોંધ રૂપ અહીં આપેલી વિગતો બહુધા એમની પાસેથી જ સાંભળીને લેખકે તે ટૂંકમાં અહીં રજૂ કરી છે. આ ઉપરાંત, જે અનેક લોકો આ ચળવળમાં એક યા બીજા કારણે પ્રત્યક્ષપણે સક્રિયતા બતાવી નહોતા શક્યા તેઓના ગુપ્ત ટેકાએ પણ આ ચળવળમાં ઘણું બળ પૂર્યું હતું જેનું મૂલ્ય પણ ઓછું ન જ અંકાય. પૈસા કે સાધનોના અભાવ છતાં અને નેતૃત્વના દેખીતા સંચાલન વિના સ્વયં સ્ફુરણાથી જનસામાન્યે વિદેશી શાસનને હટાવવા જે આક્રોશ બતાવ્યો હતો તેનો આ નોંધરૂપ લખાણમાંથી કંઈક ખ્યાલ આવશે 'હિંદ છોડો' લડત સુવર્ણજયંતીએ આ શ્રદ્ધાંજલી બની રહેશે. સં.)

'હિંદ છોડો' ચળવળના સ્વાતંત્ર્ય સૈનિકો

ડૉ. જયકુમાર ર. શુક્લ

બી.કે.મજમુદાર

બી.કે.મજમુદારે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે સેવાઓ આપી હતી અને સમાજવાદી આગેવાન અચ્યુત પટવર્ધન તેમના મિત્ર હતા. ૧૯૪૨માં તેઓ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈની અરવિંદ મિલના મેનેજર હતા. અમદાવાદમાં નીરુભાઈ દેસાઈ, પ્રોફે. દાંતવાળા, ગોરે, રામચરણ બાવાજી વગેરે તેમના મિત્ર હતા. ૯ ઑગસ્ટ ૧૯૪૨થી કૉંગ્રેસના નેતાઓની ધરપકડ શરૂ થઈ અને સ્વંયભૂ બળવો શરૂ થયો. તેથી બલ્લુભાઈ મજમુદારે કેટલાક કાર્યકરોને ભેગા કરીને ચળવળ ચાલુ રાખવા માટે જયંતીભાઈ ઠાકોરને 'જયાનંદ' નામથી અમદાવાદના શહેરસૂબા બનાવ્યા. જયંતીભાઈએ પત્રિકા-પ્રવૃત્તિ તથા સરઘસોનું આયોજન ઘણું સારું કર્યું. અમદાવાદમાં ચાલતી વધુ પ્રવૃત્તિઓ માટે મજમુદાર શહેરના શેઠિયાઓ પાસેથી નાણાં લાવી આપતા અને તે વિવિધ જૂથોના નેતાઓને આપતા. તેમણે આ રીતે શેઠિયાઓ પાસેથી આશરે બે લાખ રૂપિયા મેળવીને ચળવળ ચલાવવા માટે વહેંચ્યા હતા. છોટુભાઈ પુરાણી તથા ઠાકોરભાઈ દેસાઈને પણ તેમણે એમની ભૂગર્ભ પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે નાણાંકીય સહાય કરી હતી.

મજમુદારના જણાવ્યા પ્રમાણે અમદાવાદના શેઠિયાઓએ ચળવળમાં ઘણો રસ લીધો હતો. પરંતુ શેઠિયાઓ પોલીસના ભયથી જાહેરમાં કોઈ પ્રવૃત્તિમાં ભાગ લેતા નહિ. મજમુદાર ચળવળ માટે જે નાણાં લાવ્યા તેનો હિસાબ વ્રજલાલ શાહ રાખતા હતા. તેમણે ચળવળ પૂરી થયા બાદ મોરારજીભાઈ દેસાઈને હિસાબ બતાવ્યો અને તે પછી તેનો નાશ કર્યો. તેમના જણાવ્યા અનુસાર આ ચળવળમાં પોલીસ જુલમ ઓછો હતો, કારણ કે તેઓ જાણતા હતા કે ભવિષ્યમાં કૉંગ્રેસનું રાજ આવશે. મુસલમાનોનો સહકાર પણ મળતો હતો. સામ્યવાદીઓએ ચળવળમાં મદદ આપી હતી. સામ્યવાદી કાર્યકર રણછોડ પટેલના ઘેર મજમુદાર કેટલાક દિવસ ગુપ્તવાસમાં રહ્યા હતા.

ચળવળ દરમિયાન મજમુદાર અમદાવાદ શહેરમાં વેપારીના પહેરવેશમાં ફરતા અને ડિસેમ્બર ૧૯૪૨ થી જાન્યુઆરી ૧૯૪૪ સુધી ગુપ્તવાસ સેવ્યો હતો. તે દરમિયાન તેઓ અમદાવાદ, વડોદરા, હાલોલ, કાલોલ (પંચમહાલ), મુંબઈ તથા કલકત્તા ગયા અને ત્યાં ભૂગર્ભમાં રહ્યા હતા. સમય જતાં ચળવળ મંદ પડવા લાગી. અનાજનું રેશનિંગ હતું તેથી ભૂગર્ભ કાર્યકરોને સાચવવાનું કાર્ય મુશ્કેલ બની ગયુ હતું. તેથી એક પોલીસ અધિકારી સી.એસ. પંડ્યા સાથે મંત્રણા કરીને, તેમની સામેના કેસ પાછા ખેંચી લેવાની શરતે બી.કે.મજમુદાર, બકોરભાઈ પટેલ, ડૉ. છોટાભાઈ જિવાભાઈ પટેલ સહિત કુલ તેર આગેવાનો પોલીસને શરણે ગયા. તેમને સૌને અટકાયતમાં રાખવામાં આવ્યા. સાબરમતી જેલમાં મજમુદારને 'બી' વર્ગમાં રાખવામાં આવ્યા હતા. તે સમયે જેલમાં અટકાયતીઓને કોઈ તકલીફ ન હતી.

મજમુદારના મતાનુસાર આ ચળવળમાં લોકોનો ઘણો સારો સહકાર મળ્યો હતો. ગાંધવાદી સિવાયના યુવાનો તથા વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં લડતમાં જોડાયા હતા. મહિલાઓએ પણ ઘણો સારો ભાગ લીધો હતો. બીજીવારની લડત આવી હોત તો તે ઘણી વધારે અસરકારક બની હોત. પરંતુ આ ચળવળ નિષ્ફળ ગઈ. આપણે ત્યાંની આ લડત હિંસક ન હતી, પરંતુ demonstrative હતી. લોકોમાં ખૂબ હિંમત આવી. દેશ માટે સમર્પણની ભાવના જાગૃત થઈ. તેમ છતાં ભાંગફોડના કાર્યક્રમની લાંબેગાળે અવળી અસર પણ પડી. તેનાથી વિદ્યાર્થીઓમાં ગેરશિસ્ત આવી.

મુલાકાત : ૧૨ મે, ૧૯૭૦

¤

ઉત્સવભાઈ પરીખ

ઉત્સવભાઈ પરીખ વકીલ હતા અને 'હિંદ છોડો' ચળવળ વખતે ૧૯૪૨માં તેમણે વકીલાતનો ત્યાગ કર્યો હતો. ૯ ઑગસ્ટના રોજ કૉંગ્રેસના પ્રથમ હરોળના નેતાઓ પકડાઈ ગયા તેથી અમદાવાદમાં જયંતીભાઈ ઠાકોર, બી.કે.મજમુદાર, કાંતિલાલ ઘિયા વગેરે કાર્યકરો સાથે ભૂગર્ભ પ્રવૃત્તિનું આયોજન કરીને એમણે કાર્યારંભ કર્યો. કૉંગ્રેસ પત્રિકાઓ લખવાનું કાર્ય ઉત્સવભાઈ કરતા હતાં. તેમાં ચળવળ માટે યુવાનો તથા વિદ્યાર્થીઓને ઉશ્કેરવા માટેનું લખાણ તથા ચળવળ સમાચાર આપવામાં આવતાં હતાં.

(અનુસંધાન પાન ૪૬૭ ઉપર)

ઈન્ફ્રારેડ દર્શન

છોટુભાઈ સુથાર

વિશ્વમાં પ્રવર્તતાં લાંબી ટૂંકી તરંગલંબાઈવાળાં વિવિધ પ્રકારનાં વિકિરણો પૈકી ઈન્ફ્રારેડ વિકિરણ દૃશ્ય-પ્રકાશના વિકિરણના હિસાબે લાંબી તરંગલંબાઈવાળું અદૃશ્ય વિકિરણ છે. આપણી આસપાસ આવેલું જે કાંઈ આપણે જોઈએ છીએ તે દૃશ્ય પ્રકાશ દ્વારા પ્રાપ્ત થતું દર્શન છે. ઈન્ફ્રારેડ વિકિરણની રીતે આપણી આસપાસનું જગત આપણે જોઈ શક્તાં નથી.

ઈન્ફ્રારેડ પ્રકાશમાં જોવાની શક્તિ આપણને પ્રાપ્ત થાય તો કલ્પના કરો કે આપણી પરિચિત દુનિયા કેવી દેખાશે !! શક્તિપ્રાપ્તિની વાત એટલા માટે કે ઈન્ફ્રારેડનાં કિરણો (ખાસ કરીને સમીપ ઈન્ફ્રારેડનાં કિરણો) કંઈક અંશે સહ્ય થાય તેવાં છે. શ્વેત પ્રકાશથી ઓછી તરંગલંબાઈવાળું વિકિરણ અલ્ટ્રાવાયોલેટ કિરણ, ક્ષ કિરણ અને ગામા કિરણનું છે. ઉક્ત કિરણો પ્રબળ તેજક્ષેપક હોવાં ઉપરાંત તીક્ષ્ણ પણ છે. આપણી આંખ એમને બરદાસ્ત કરી શકે એમ નથી. બીજી રીતે એમ કહેવાય કે આપણાં ચર્મચક્ષુ તેમને જોવાપરખવામાં અસમર્થ છે.

ઈન્ફ્રારેડ વિકિરણ અંગેનો આપણો પરિચય તેના દ્વારા પ્રકટતી ગરમી વિષેનો છે, પ્રકાશ વિષેનો નહીં. દૃશ્ય પ્રકાશનું વિકિરણ ગરમીની સાથે પ્રકાશનું પરિચાયક છે. અવકાશમાંથી નહીં આવતું ઈન્ફ્રારેડ વિકિરણ (વિભિન્ન આકાશી પદાર્થો દ્વારા ઉત્સર્જિત થતું વિકિરણ) સોએ સો ટકા આપણા સુધી પહોંચતું નથી. એનો કેટલોક ભાગ પૃથ્વીના વાતાવરણ દ્વારા પરાવર્તિત થાય છે, તો કેટલોક ભાગ હવામાંની વરાળ અને કાર્બન ડાયૉક્સાઈડના અણુઓ દ્વારા ચુસાઈ જાય છે. બાદમાં પૃથ્વી સુધી પહોંચનારું સમીપ ઈન્ફ્રારેડ વિકિરણ પણ ધરતી પરની અનેક વસ્તુઓ દ્વારા પરાવર્તન પામતું રહે છે.

ઈન્ફ્રારેડ વિકિકરણને પારખવા માટેની આંખો આપણી આજની આંખોના હિસાબે ૫ થી ૧૦ ગણી મોટી યા શક્તિશાળી હોવી જરૂરી છે. કલ્પના કરીએ કે તેવી વ્યવસ્થા થાય તો આપણું કામ સરે ખરું ? વૈજ્ઞાનિકો કહે છે કે ત્યારે પણ એક તકલીફનું આપણે નિવારણ કરવું રહેશે. વાત કંઈક આવી છે. આપણી આજુબાજુના પદાર્થો તેમને મળેલી ગરમીનો જે ઉત્સર્ગ કરે છે તેના પ્રમાણમાં આપણું શરીર વધુ ગરમી અવકાશમાં છોડે છે. આને કારણે આપણી ઈન્ફ્રારેડ આંખોની આંતરિક દીવાલો એટલી તેજદાર બની રહેશે કે તે આપણા શરીરની બહારની વસ્તુઓને પારખવાના કાર્યમાં મદદરૂપ નહીં થાય. આ મુશ્કેલી ટાળવા આંખમાં બાયો ઈન્સ્યુલેશન (BIO INSULATION) તેમજ બાયો રેફ્રીજરેશનની વ્યવસ્થા કરવામાં આવે તો તે દ્વારા શારીરિક ગરમી ચુસાઈ જવાથી કશી તકલીફ ઊભી નહીં થાય. બીજો રસ્તો કોઈ કુદરતી પ્રક્રિયા દ્વારા આપણી ઈન્ફ્રારેડ આંખોને દૂરબીનની નળી જેવા શારીરિક ચર્મભાગના છેડે બેસાડવી પડે.

હવે કલ્પના કરીએ કે કોઈ ને કોઈ વૈજ્ઞાનિક ઉપાય દ્વારા આપણે ઈન્ફ્રારેડ દર્શન માટેની આંખો પ્રાપ્ત કરી છે, અને તે હિસાબે વિચારીએ કે દૃશ્ય પ્રકાશની દુનિયાને આપણે જોઈ શકીશું ખરાં ? એનો ઉત્તર 'હા' છે. પણ ત્યારે તેને સંબંધિત એક બાબત ધ્યાનમાં રાખવી પડશે કે ઈન્ફ્રારેડ વિકિરણ મેળવતા પદાર્થો શરૂઆતમાં તેને અવશોષે છે અને બાદમાં તેનું પરાવર્તન કરે છે. જે પદાર્થો વધુ ઉષ્માધારણ શક્તિવાળા છે તે બધા દિવસના ભાગે તેમને મળેલી ગરમીનું રાતના સમયે બહુ ધીમેથી પરાવર્તન કરશે. એટલું જ નહીં પણ ઓછી ઉષ્માધારણ શક્તિવાળા પદાર્થોના હિસાબે તેઓ ગરમીનો વધુ સંચય પણ કરી રાખશે. આ કારણે તે બધા વધુ પ્રકાશમાન દેખાશે. આ સિવાય એક બીજો તફાવત પણ આપણે અનુભવીશું. સામાન્ય રીતે, આપણે જે કાંઈ જોઈએ છીએ તે મોટાભાગે પ્રકાશ-પરાવર્તનને કારણે હોય છે. દિવસના ભાગે આપણને દેખાતા પદાર્થો પરાવર્તિત પ્રકાશ તેમજ ઉત્સર્જિત પ્રકાશ દાખવશે. એ કારણે પદાર્થ જેમ વધુ ગરમ તેમ તે વધુ પ્રકાશમાન દેખાશે અને આ સ્થિતિના ફળરૂપે ચેતન તેમજ જડ પદાર્થોને રાતના સમયે પણ સારી રીતે જોઈ શકીશું.

આ થઈ સામાન્ય દુન્યવી દર્શનની વાત. હવે ઈન્ફ્રારેડની આંખે રાતનું આકાશ કેવું દેખાશે તેની વાત કરીએ. પ્રથમ સૂર્યમંડળની વાત લઈએ. રાતના આકાશમાં ચન્દ્ર પ્રકાશતો હશે તો તે પીળાશ પડતા રજત ચંદ્રને બદલે નીલશ્વેત ઝાંયવાળો ચંન્દ્ર હોવાનું જણાશે. સૂર્યમંડળના ગ્રહોમાં ગુરુ સૌથી મોટો (પૃથ્વી કરતાં હજાર ગણો મોટો) ગ્રહ છે. ગુરુ આંતરિક રીતે ઈન્ફ્રારેડ વિકિરણ ઉત્સર્જિત કરે છે. એને લઈને, દૃશ્ય પ્રકાશની રીતે તે જેટલો ઉજ્જવળ દેખાય છે તેના કરતાં વધુ પ્રકાશમાન દેખાશે. વાસ્તવમાં, ગુરુ દર્શન કરનારાને ગુરુમાંથી પ્રકટતા ઉપર કથિત ઈન્ફ્રારેડ વિકિરણ સાથે સૂર્યના પ્રકાશની પરાવર્તિત થયેલી પ્રકીર્ણિત પ્રભા પણ દેખાશે. જે વાત ગુરુને લાગુ પડે છે તે વાત શનિ તેમ જ નેપચ્યુનને પણ થોડા વધતા અંશે લાગુ પડે છે. આંતરિક ઉષ્માસ્રોતને કારણે એક મજેદાર વાત બનવાની સંભાવના પણ નકારી શકાય તેમ નથી. સૂર્યની પ્રદક્ષિણા કરતા નાના લઘુ-ગ્રહોનું યા ધૂમકેતુઓનું એકબીજા સાથે અથડાઈ પડવાનું બને તો એમના સંઘાતથી પ્રકટતું ઈન્ફ્રારેડ વિકિરણ શરૂઆતમાં ઉત્તમ રૂપમાં દેખા દેશે પણ પછી, સમયના વહેવા સાથે નરમ પડતું જઈ અદૃશ્ય થઈ જશે.

આ થઈ સૂર્યમંડળને લગતી વાત.

સૂર્યમંડળની બહારનું આકાશદર્શન અલગ પ્રકારનું રહેશે. આકાશગંગાનો શ્વેત પટ સામાન્ય રીતે રોજ રાતે જોવા મળે છે. એ પટામાં નાનામોટા અનેક તારા દૃશ્યમાન થાય છે. એ તારાઓની વચ્ચે શ્વેત તેમજ શ્યામ વાયુઓનાં વાદળ (નિહારિકાઓ) પણ આવેલાં છે. આ નિહારિકાઓમાં

વાયુના કણો ઉપરાંત ધૂળના કણો પણ હોય છે. આંતર્તારકીય દ્રવ્યનો વાયુ મુખ્યત્વે હાઈડ્રોજન છે. ધૂળના અત્યંત સૂક્ષ્મ શ્યામ કણોના હિસાબે એક બાબતમાં તે અલગ ગુણધર્મ દાખવે છે. દૃશ્ય પ્રકાશને અવકાશસ્થિત વાયુના તેમ જ ધૂળના કણો વિકિરિત કરે છે અને તે કારણે વાયુ અને રજકણોનાં બનેલાં વાદળોની પેલે પાર જોઈ શકવાનું અત્યંત મુશ્કેલ બને છે. ઊલટ પક્ષે ઈન્ફ્રારેડ વિકિરણ માટે હાઈડ્રોજન વાયુનાં વાદળ બાધક બનતાં નથી, કેવળ ધૂળના કણ બાધક બને છે. ઈન્દ્રારેડ માટે વાયુના કણ પારદર્શક છે. આનો એક ફાયદો એ થયો કે અત્યંત દૂરના અવકાશી પદાર્થમાંથી વહી આવતા ઈન્ફ્રારેડ ફોટોનને જોઈ શકાશે.

ઉપર્યુક્ત કારણે આપણું ઈન્ફ્રારેડ રાત્રિ આકાશદર્શન જુદા સ્વરૂપનું દેખાશે. આકાશ તરફ જોતાં દૃશ્યપ્રકાશના હિસાબે જે તારાઓ દેખાય છે તેના કરતાં હજારો વધુ તારા દૃશ્યમાન થશે, એટલું જ નહીં પણ આપણે જેમની કલ્પના ન કરી હોય તેવા ડઝન જેટલા અતિપ્રકાશિત તારા પણ જોવા મળશે. અરે, આકાશગંગાના પટની અંદર એવા હજારો ઝાંખા તારા અસ્તિત્વ દાખવશે કે જેમને આજ સુધી કોઈએ જોયા જ ન હોય. આકાશગંગાનો પટ આપણો પરિચિત પટ હશે પણ એનું એકંદર ઈન્ફ્રારેડ દર્શન તારાઓની ગીચતાવાળું અને વધુ ઉજજવળ જણાશે.

ઈન્ફ્રારેડનું વિશ્વદર્શન એક ખાસ વિશેષતા દાખવતું જોવા મળશે. અવકાશમાંનાં વાયુવાદળોમાં આપણે અનેક તારક કોશેટા જોઈશું. જેમાં તારા જન્મ લઈ રહ્યા હોય. તારાઓની ઉત્ક્રાન્તિ વિષે આપણે જે કાંઈ સમજ્યાં છીએ તેનો જીવંત પુરાવો જોવા મળશે. નવા તારા આજે પણ જન્મ લઈ રહ્યા છે. તારાઓનાં જન્મસ્થાન નિહારિકાઓ છે જે મુખ્યત્વે હાઈડ્રોજન વાયુની બનેલી છે. ઈન્ફ્રારેડ વિકિરણ વાયુકણોની પાર નીકળી શકે તેમ હોવાથી તારાકોશેટાઓમાં જન્મ લઈ રહેલા તારાઓમાંથી વહી આવતો પ્રકાશ કોશેટાની આરપાર જોવાનું શક્ય બનાવશે.

નરી આંખે આકાશ તરફ જોઈએ છીએ ત્યારે રાત્રિના આકાશમાં દેખાતા આકાશગંગાપટની ઉજજવળતા બધે એકસરખી દેખાતી નથી. ક્યાંક તે વધુ તેજસ્વી દેખાય છે તો અન્ય ઠેકાણે ઝાંખી. આકાશગંગાના જે ભાગને આપણે સૌથી વધુ ચમકતો જોઈએ છીએ તે ધનુરાશિમાં પાર દેખાતી આકાશગંગાનો છે. આ વિભાગ આપણા મંદાકિની વિશ્વનો કેન્દ્ર ભાગ છે. ત્યાં તારાના વધુ જમાવને કારણે તે વધુ ચમકદાર દેખાય છે. આ વિભાગ ઉપરાંત ઈન્ફ્રારેડની દૃષ્ટિએ મહામંડળનો નિહારિકા વિભાગ સવિશેષ ઉજજવળતા ધારણ કરતો માલૂમ પડશે. આ વિભાગ આંતર્તારકીય વાયુ વાદળોની જાળગૂંથણી જેવો લાગશે, જ્યાં જન્મ લઈ રહેલા નવા તારાઓની તેજસ્વી ગ્રન્થિઓ એમના કોશેટાની અંદર બંધાતી જણાશે.

સમગ્રપણે વાત કરીએ તો એમ કહેવાય કે આપણને પ્રાપ્ત થતું ઈન્ફ્રારેડ દર્શન આકાશ વિષેનો આપણો ખ્યાલ પલટી નાખશે. માથા પરનો આકાશી ચંદરવો તેની અંદર મઢેલા દેખાતા વિવિધ તારાઓને કારણે ખૂબ સોહામણો લાગશે. દૃશ્ય પ્રકાશની દુનિયામાં જે તારા માત્ર તેજબિંદુ જેવા દેખાતા હતા તે તેમની આસપાસ રંગવર્તુળો હોવાનું દાખવશે. અલબત્ત, આ સમગ્ર દૃશ્ય આકાશરૂપી છત નીચે તાણવામાં આવેલા આહ્‌લાદક ભાત દાખવતા મનોહર ચંદરવા જેવું નયનરમ્ય લાગશે. □

અનુસંધાન] સ્વાતંત્ર્ય સૈનિકો [પૃ. ૪૬૫ પરથી

સમાચાર વિવિધ સાધનો દ્વારા મળતા અને ઉશ્કેરણીજનક, પ્રેરક લખાણ ઉત્સવભાઈ જાતે લખતા. પ્રત્યેક વોર્ડમાં વોર્ડનાયકો ચળવળ વિષેના સમાચાર તથા કાર્યક્રમ મેળવીને વાસુદેવ ભટ્ટને મોકલી આપતા. વાસુદેવભાઈ તે સમાચાર અને કાર્યક્રમ દરરોજ ઉત્સવભાઈને મોકલી આપતા. ઉત્સવભાઈએ મહિના સુધી પત્રિકાઓ લખી, ત્યારબાદ તે જવાબદારી ઉમાશંકર જોશીએ એટલી જ નિષ્ઠાપૂર્વક અદા કરી. કૉંગ્રેસ પત્રિકા દૈનિક હતી. તેમાં 'રણભેરી' અને 'ભેરીના સૂર' એવા બે વિભાગો હતા. બી.કે.મજમુદાર તથા ઉત્સવભાઈ ચળવળના સંગઠન માટેની આંતરરાજ્ય ખાનગી સભામાં ગુજરાતના પ્રતિનિધિઓ તરીકે મુંબઈ ગયા હતા.

ઑગસ્ટ ૧૯૪૨થી માર્ચ ૧૯૪૩ સુધી ઉત્સવભાઈ અમદાવાદમાં જ ભૂગર્ભમાં રહ્યા હતા. તે દરમિયાન ઝવેરી કુટુંબમાં અને નાગજી ભૂધરની પોળમાં કેશુભાઈ નવાબને ઘેર વધુ તથા અન્ય સ્થળોએ પણ રહ્યા હતા. મિલોની હડતાળ ચાલુ રખાવવામાં તેમણે સાથ આપ્યો હતો. મિલમાલિકોએ મિલો ખોલાવવા માટે બી.કે. મજમુદાર, ઉત્સવભાઈ અને શહેરસૂબા જયંતીભાઈ ઠાકોરને બોલાવીને રતિલાલ નાથાલાલ તથા રમણલાલ લલ્લુભાઈ મહેતાની સાથે કેલિકો મિલમાં સભા યોજી હતી. પરંતુ મિલો ખોલવા માટે તેમને કોઈ ખાતરી આપવામાં આવી ન હતી. તેમના જણાવ્યા પ્રમાણે 'જનતા કરફ્યુ' ઉત્સવભાઈનો વિચાર હતો અને આ ચળવળ દરમિયાન સૌપ્રથમવાર તેનો પ્રયોગ કરવામાં આવ્યો. તેમાં લોકોએ ઘણો સારો સહકાર આપ્યો હતો. છતાં કેટલાકને ડરથી સાથ આપવો પડ્યો હતો. તેમણે 'શહેરસૂબા' શબ્દ સૌપ્રથમ આપ્યો હતો. આ શબ્દનો અન્યત્ર પ્રયોગ થયો ન હતો. ગાંધીજીના ચાંદીના સિક્કા મુંબઈથી અમદાવાદમાં આવ્યા હતા. તેમના મતાનુસાર ચળવળ દરમિયાન અમદાવાદમાં ઉઘરાવેલો 'યુદ્ધવેરો' એક સ્ટન્ટ હતો. અમદાવાદની મિલોની હડતાલ ચાલુ હતી, તેથી મુંબઈના મિલમાલિકોને પુષ્કળ નફો થતો હતો. તેથી મુંબઈના મિલમાલિકોએ અમદાવાદની મિલોની હડતાલ ચાલુ રખાવવા માટે ડાહ્યાભાઈ વલ્લભભાઈ પટેલ તથા બાબુલાલ ચિનાઈ મારફતે પ્રયાસો કર્યા હતા.

ઉત્સવભાઈના જણાવવા મુજબ ચળવળમાં ગાંધીજીની અપીલને લોકોએ સ્વયંભૂ પ્રતિસાદ આપ્યો હતો. વિદ્યાર્થી અને મજૂરોએ આત્મ-સમર્પણની ભાવનાથી આ ચળવળમાં સૌથી આગળ પડતો ભાગ લીધો હતો અને બલિદાનો આપ્યાં હતાં. અમદાવાદમાં થયેલી બૉંબ પ્રવૃત્તિ ઉપયોગી કે અસરકારક નીવડી નહોતી. દેશની સ્વંત્રતા મેળવવા માટે ભોગ આપવાની લોકોમાં તમન્ના હતી. પરંતુ સરકારને ઉથલાવી નાખવાનું પગલું ન હતું. તેનાથી લોકોમાં જુસ્સો અને બ્રિટિશ-વિરોધી લાગણી પેદા થઈ હતી.

માર્ચ ૧૯૪૩ બાદ ઉત્સવભાઈ, કાંતિલાલ ઘિયા સાથે અમદાવાદથી નીકળીને વડોદરા, મુંબઈ તથા દક્ષિણ ભારતનાં કેટલાંક શહેરોમાં પરિચિતોને ઘેર ગુપ્ત રહ્યા હતા.

મુલાકાત : ૫ મે, ૧૯૭૦ (ક્રમશઃ)

પ	સ્તી	નાં	ડૉ. પ્ર. ચુ. વૈદ્ય	પા	નાં

નૈસર્ગિક સુગમ સંગીત

તા. ૪-૩-૭૮. આજથી અહીં (દિલ્હીમાં) ઘરના રસોડામાં કડીઆકામ શરૂ થયું છે. મૂળ તો કોલસાની સઘડીઓ અને ધુમાડો કાઢવા માટેનું ધુમાડીઉં, પાછળથી સઘડી ઉપર જ પત્થર મૂકીને રસોઈનું પ્લેટફૉર્મ બનાવેલું. હવે તે બધું તોડી, ધુમાડીઉં કાઢી, મોઝેઈક ટાઈલ્સ જડીને નવેસરથી પ્લેટફૉર્મ બનાવે છે, આજે આખો દિવસ તોડવાનું જ કામ ચાલ્યું. બે યુવાન કારીગર એક મરદ અને એક ઓરત આ કામ પર હતાં. મરદ ધીંગા હથોડાથી જૂનું પ્લેટફૉર્મ, સઘડી, ધુમાડીઉં તોડતો જાય અને ઓરત ઈંટ, ઢેખાળાં ટોપલામાં ભરી નીચે ઠલવી આવે. આ કામ કરતાં કરતાં ઓરત મીઠા કંઠે ગીતો ગાતી જાય, એમાં એક ગીત તો "જ્યો જ્યો મા જગદમ્બે"ના ઢાળનું હતું. આજ બપોરે અનાયાસે સરસ, 'ભોજન સમયે સંગીત' સાંભળવા મળ્યું. મારાં પત્ની હાજર હોત તો બાઈના નૈસર્ગિક લ્હેકા ઉપર ખુશ થઈ જાત !

હું કૉલેજમાં હતો ત્યારે વર્ડ્ઝવર્થનું સોલિટરી રીપર (એકલવાયો કાપણી કરતો ખેડૂત - ખરેખર તો ખેડૂત-કન્યા) કાવ્ય વાંચેલું. તેમાં કાપણી કરતી ખેડૂત-કન્યા ગીત ગાતી જાય છે. કવિને ભાષા સમજાતી નથી પણ લ્હેકાનો જ આનંદ મ્હાણે છે અને ગીત ગાતાં ગાતાં કામ કરનારના મનોભાવોનું કાવ્યમાં વર્ણન કરે છે. તે કાવ્યની છેલ્લી કડી હજુ મને યાદ છે !

Will no one tell me What she sings ?
Parhapse the plaintive numbers flow,
For the unhappy far off thinngs
And battles long ago.

આજે બપોરે એ શ્રમજીવી યુગલમાંની યુવતીનું ભાષા ન સમજાય પણ લ્હેકો મ્હાણવાનો આનંદ લેવાય તેવું ગીત સાંભળતાં ૪૦ વર્ષ પૂર્વે વર્ડ્ઝવર્થની કવિતા વાંચતાં કલ્પના કરી મેળવેલા આનંદની પ્રત્યક્ષ અનુભૂતિ થઈ.

સાંજ પડે તોડફોડનું કામ પૂરું થયું. તે આનંદી યુગલ બીજે કામ કરવા ઊપડી ગયું અને ઘેર કડીઓ તથા લુંગી પહેરેલો તેનો મજૂર તોડફોડની જગ્યાએ સર્જન કરવા આવી ગયા અને મારા મનમાં શબ્દો ગૂંજતા રહ્યા : 'Will no one tell me what she sings ?'

હરિહર ભટ્ટ

તા. ૧૧-૩-૭૮. ગઈકાલે રાત્રે આકાશવાણીના હિન્દી સમાચારમાં સાંભળ્યું કે પ્રો. હરિહર ભટ્ટનું અમદાવાદમાં અવસાન થયું છે. હરિહરભાઈ એવા તે કેવા વ્યક્તિ હતા કે ગુજરાતી સમાચારમાં નહિ પણ હિન્દી સમાચારમાં તેમના અવસાનની ખબર આવે ?

હરિહર ભટ્ટે તો શરૂઆત ગુજરાતી કવિ તરીકે કરી હતી. એમણે એક કાવ્ય લખ્યું છે : મહાનલ, એક જ દે ચિનગારી. આ તો પચાસ વર્ષ પહેલાંની વાત છે. પછી તેમણે કવિતા કરવાનું છોડી પોતાની મૌલિક સર્જનશક્તિ ખગોળ અને ઈતિહાસ તરફ વાળી. ગ્રહણોની ગણતરીમાં ચંદ્રગ્રહણની ગણતરી પ્રમાણમાં ઘણી સરળ છે, કારણ કે પૃથ્વીની છાયા ચંદ્ર ઉપર પડે છે અને ચંદ્ર પ્રમાણમાં નાનો તથા નજીક છે. જ્યારે સૂર્યગ્રહણમાં કોઈ છાયા પડતી નથી, પણ આપણી અને સૂર્ય વચ્ચે ચંદ્ર આવે છે. પૃથ્વીના જુદા જુદા ભાગો ઉપર ચંદ્રગ્રહણ સરખી રીતે, જોવા મળે પણ સૂર્યગ્રહણ જુદી જુદી રીતે જોવા મળે. આથી સૂર્યગ્રહણની ગણતરી ઘણી અઘરી છે. ભાસ્કરાચાર્યના સૂર્યસિદ્ધાન્તમાં જે ગણતરી આપી છે તેમાં સંશોધન કરી ભારતીય પંચાગકારો માટે સૂર્યગ્રહણનું શુદ્ધ ગણિત હરિહરભાઈએ આપ્યું અને તે પ્રદાન પછી તે ભારતભરના જ્યોતિષાચાર્યોમાં પ્રથમ પંકિતના ગણાવા લાગ્યા. હરિહરભાઈ જ્યોતિષના ફલાદેશ (ભવિષ્યકથન)માં માનતા નહોતા. તેમને મન જ્યોતિષ એટલે સૂર્ય, ગ્રહો અને ચંદ્રનું ખગોળગણિત.

આપણાં પંચાંગોને પ્રત્યક્ષ બનાવવાનું કામ ગુજરાતમાં હરિહર ભટ્ટે કર્યું. મહારાષ્ટ્રમાં લોકમાન્ય તિલકે આ પ્રવૃત્તિ ક્યારની શરૂ કરી હતી. આજે ગુજરાતમાં વપરાતાં બધાં પંચાંગો આધુનિક ખગોળ ગણતરીને આધારે બને છે અને કાશીના પંડિતો કે શંકરાચાર્યોનાં વિધાનો કરતાં ગુજરાતનું પંચાગ જુદું પડે ત્યારે જરાયે ખચકાટ વગર ગુજરાતનો કોઈ પણ અદનો નાગરિક બેધડક કહે છે કે પંચાગ બાબતમાં તો અમે સાચા. આવું રાજ્યવ્યાપી વાતાવરણ હરિહરભાઈએ ગુજરાતનાં મોટાં અખબારોની મદદથી ઊભું કર્યું છે. સમગ્ર રાજ્યની જનતાને વૈજ્ઞાનિક રીતે શુદ્ધ પંચાગ સમજપૂર્વક વાપરતા કરવાનું જે મહાન કાર્ય હરિહરભાઈએ કર્યું તે તેમને ગુજરાતમાં જ નહિ સમગ્ર ભારતમાં મહાન "જ્યોતિષાચાર્ય" બનાવે તેની શી નવાઈ !

રોંગ નંબર

તા. ૨૬-૩-૭૮. અમદાવાદના છાપામાં વાંચ્યું - તંત્રીને પત્રોમાં - કે અમદાવાદનું ટેલિફોન તંત્ર રેઢિયાળ થતું જાય છે. મેં આ વાંચ્યું ત્યારે મને તો હસવું આવી ગયું. અમદાવાદીને પાટનગર દિલ્હીનો અનુભવ નથી તેથી આમ લખે છે. અમદાવાદના ટેલિફોન તંત્રને રેઢિયાળ કહીએ તો નવી

દિલ્હીના ટેલિફોન તંત્ર માટે યોગ્ય વિશેષણ ગુજરાતીમાં કદાચ મળે જ નહિ. બે-ત્રણ નમૂના...

બે-ત્રણ દિવસ અમદાવાદ રહી હું દિલ્હી પહોંચ્યો અને ઘેર જઈ ન્હાવા- ધોવાની તૈયારી કરું છું ત્યાં ટેલિફોન વિભાગના બે માણસો આવ્યા ! કેમ ? તમારો ટેલિફોન બગડેલો છે અને બહારથી ટેલિફોન કરનારાએ ફરિયાદ કરી છે તે તપાસ માટે આવ્યા છીએ ! ટેલિફોન તો બગડેલો નહોતો, પણ હું બહારગામ હતો તેથી ટેલિફોન વાગ્યા કરતો હશે તેથી ફરિયાદ કરી હશે એમ મન મનાવી તે તો ચાલ્યા ગયા. પણ હું તો જાણું કે દિલ્હીમાં એવું કોઈ નથી જે મને ટેલિફોન કરવા ચાહે.

પણ ભંડાફોડ તો બપોરે થયો. બપોરે ટેલિફોન વગડ્યો. મેં ઊપાડ્યો તો હિમાચલ પ્રદેશથી ટ્રંકકૉલ છે એમ ઑપરેટરે કહ્યું, મને આશ્ચર્ય થયું. મેં કહ્યું નંબર તો બરાબર છે ને ? તો કહે હા, ૩૮૩૨૨૨૩. તો પછી જોડી દો. સામેથી કોઈ શૈઠિયાનો લેવેચની સૂચના આપતો સંદેશો આવ્યો. મેં કહ્યું ભાઈ આ કોઈ શર્માજીનું ઘર નથી અને રોંગ નંબર છે. તો સામેથી કહે અમને ટેલિફોન વિભાગે જ શર્માજીનો નંબર જોડી આપ્યો છે !

કદાચ રવિવારે આ ટ્રંકકોલ માટે આખો દિવસ મારે ઘેર (શર્માજીને ઘેર !) ઘંટડી વાગ્યા કરી હશે તેથી તપાસ કરવા ટેલિફોન રિપેરવાળા આવ્યા હશે. આમ તો મારે ઘેર દર કલાકે ટેલિફોનની ઘંટડી વાગે છે. પણ બધા જ રોંગનંબરો ! પણ ટેલિફોન ખાતું પોતે રોંગનંબર ન ફેરવે તે તો દિલ્હીમાં જ બને, અમદાવાદીને તે ન આવડે ! હમણાં અઠવાડિયા પહેલાં સવારના સાત વાગ્યે ટેલિફોનની ઘંટડી વાગી. મેં ટેલિફોન ઉપાડ્યો અને નીચે પ્રમાણે વાતચીત થઈ.

"કાંય, કાવસજી છે કે ?"

"રોંગ નંબર લાગે છે."

"ટમારો નંબર ૩૮૩૨૨૨૩ છે ને ?"

"હા નંબર તો બરાબર છે, પણ અહીં કોઈ કાવસજી નથી."

"ટો ગુજરાટી કાયનું બોલે છ ?"

"ભઈ. હું ગુજરાતી મુઓ છું તે ગુજરાતી બોલું છું. મારો નંબર પણ ૩૮૩૨૨૨૩ છે. પણ હું કાવસજી નથી તેમ પારસી પણ નથી."

"આટે કાંઈ ટેલિફોન છે. હું રાયપુર ઠી બોલું છ ને મારા ટો પૈસા પાનીમાં ગયા."

રાયપુરથી દિલ્હી ડાયરેકટ ડાયલિંગ થાય છે. આ પારસીબાવાએ તેના કોઈ મિત્ર કાવસજીને ૩૮૩૨૨૨૩ ઉપર ફોન કર્યો. દિલ્હી ટેલિફોન તંત્રે બે-ત્રણ ગ્રાહકોને ૩૮૩૨૨૨૩ નંબર આપેલો લાગે છે ! આવું તો અમદાવાદના "રેઢિયાળ" ટેલિફોન તંત્રને પણ ન આવડે.

DUSUની ચૂંટણી

તા. ૨૭-૮-૭૮. અત્યારે અહીં DUSU (દિલ્હી યુનિવર્સિટી સ્ટુડન્ટના યુનિયન)ની ચૂંટણીઓના દિવસો છે. સામાન્ય ચૂંટણીઓ હોય તેવો દેખાવ છે. દિલ્હી યુનિવર્સિટી આમ તો ગુજરાતની યુનિવર્સિટીઓ જેવી કૉલેજોની બનેલી છે. પણ આપણે ત્યાં કૉલેજના આન્તરિક વહીવટમાં યુનિવર્સિટીની અસર નહિવત્ છે, જ્યારે દિલ્હીમાં તે ઘણી છે. એટલે DUSUમાં દરેક કૉલેજના યુનિયની ચૂંટણી પણ આવી જાય અને દિલ્હીમાં કૉલેજો આખા શહેરમાં પથરાયેલી છે, તેથી DUSUની ચૂંટણીની અસર આખા શહેરમાં દેખાય.

ખાન માર્કિટની સામેથી સરદાર પટેલ વિદ્યાલય જવાનો જે મોટો રસ્તો છે તે રસ્તા ઉપર હું રોજ સાંજે ફરવા નીકળું છું. એ રસ્તાને છેડે એક કૉલેજ આવેલી છે તેની મને ખબર જ નહોતી. છેલ્લા પંદર દિવસથી ખબર પડી ગઈ કે ત્યાં તો એક મોટી આર્ટ્સ અને કોમર્સ ફેકલ્ટીની દયાળ સિંગ કોલેજ આવેલી છે. કૉલેજ પાસેના બસ સ્ટેન્ડ ઉપર એક સાંજે વિદ્યાર્થીઓનું ટોળું જોયું. બસ આવી એટલે બે વિદ્યાર્થીઓ આગળ મડગાર્ડ ઉપર ચઢી ગયા અને બીજા બે વિદ્યાર્થીએ કાળા રંગના કૂચડાથી બસ ઉપર મોટા બેડોળ અક્ષરોમાં ચિતરામણ કર્યું, Rakesh Mehra DSC (M) અને પછી બસને જવા દીધી. બે-ત્રણ દિવસોમાં તો અમારા લત્તામાં નીકળતી બધી જ બસો ઉપર રાકેશ મેહરા, મનમોહન સહાની, યુધવીર સિંહ વગેરે નામો કાળે અક્ષરે ચિતરાઈ ગયાં. પાછળ DSC (M) કે DSC (E) હોય, DSC એટલે દયાળ સિંગ કૉલેજ, (M) અને (E) તો મૉર્નિંગ કૉલેજ અને ઈવનિંગ કૉલેજ માટે. આ દયાળસિંગ કૉલેજનું કારખાનું બે પાળીમાં ચાલતું લાગે છે. સવારની પાળી M અને સાંજની પાળી E. એક અઠવાડિયામાં તો દિલ્હીની બધી બસો ભસમીંદડા જેવી થઈ ગઈ.

પણ દિલ્હીમાં સરકારી (કે મ્યુનિસિપાલિટી)ની જેમ ખાનગી બસો પણ શહેરમાં ફરે છે. એવી એક ખાનગી બસના ડ્રાઈવરે બસ ચીતરના વિદ્યાર્થીનો વિરોધ કર્યો. બન્ને વચ્ચે ઝગડો થયો, પત્થરબાજી થઈ. કાચ ફૂટ્યા. અને પછી દિલ્હીના લોકોને, છાપાંને અને સરકારને થયું કે કાંઈક ખોટું થઈ રહ્યું છે ! પછી તો મોટાં મોટાં બસ સ્ટેન્ડો ઉપર સશસ્ત્ર પોલીસ ગોઠવી, અમારી દયાળસિંગ કૉલેજ પાસે તો રાવટી તાણીને પચાસ જેટલા પોલીસની ફોજ તૈનાત પડી છે. પણ તે તો બસો ચિતરાઈ ગયા પછી થયું.

આપણી એ.એમ.ટી.એસ. કે એસ.ટી.ની જેમ અહીં ડી.ટી.સી. બસ વ્યવસ્થા સંભાળે છે, ડી.ટી.સી.ના જનરલ મૅનેજરે નિવેદન કર્યું કે બસોને ફરી રંગવાનું ખર્ચ સાત લાખ રૂપિયા થશે. થાય એ તો. દીકરો હોળીએ રમે છે તે શેઠિઆને એટલું ખર્ચ કાંઈ ભારે પડે !

ભારતના રાજકારણમાં આજકાલ બિનજવાબદારીભર્યા વર્તનની જે બોલબાલા છે તેનાં મૂળ ક્યાં છે તે તો DUSUની ચૂંટણી કરામતો જોઈ ત્યારે ખ્યાલ આવ્યો. □

કથાસરિત્સાગર

કનુભાઈ જાની

નડાગિરિ હાથી અને દેવદીધું ખડ્ગ - એ બેના પ્રભાવથી સુખી રાજા ચંડમહાસેન એક વાર મૃગયાર્થે ઘોર વનમાં સંચર્યો. ત્યાં એણે એક અત્યંત મોટા કદના ભયંકર વરાહને જોયો - ધોળા દિવસે જાણે રાતની કાળાશ પિંડાકાર થઈ ! રાજાનાં તીક્ષ્ણ બાણોથી જરાય વીંધાયા વિનાનો એ વરાહ રાજાના રથને ટક્કર મારીને પોતાની ગુફામાં ભરાઈ ગયો. રાજાએ પણ પોતાનો રથ છોડીને ક્રોધથી એનો પીછો પકડ્યો. ધનુષ્ય સિવાય બીજું કશું જેની પાસે નહોતું એવા રાજાએ પણ ગુફામાં પ્રવેશ કર્યો. દૂર જતાં ત્યાં તો એણે એક મોટું સુંદર નગર જોયું. થાક્યો-પાક્યો આશ્ચર્યડૂબ્યો એ ત્યાં એક લાંબી વાવને કાંઠે બેઠો. ત્યાં એણે સો સ્ત્રીઓથી વીંટળાયેલી, કામદેવના શરથી ધૈર્યને વિચલિત કરતી, એક કન્યકા જોઈ. એ પણ પ્રેમરસ વર્ષાવતે નેત્રે રાજાને જોતી, ધીમે ધીમે રાજાની નિકટ આવી. પૂછ્યું, 'મહાભાગ, આપ કોણ છો ? અહીં આપ આ કાળે શેને માટે આવી ચડ્યા છો ?' એમ બોલી, એટલે રાજાએ જે બન્યું હતું તે કહી સંભળાવ્યું.

એ સાંભળીને તો કન્યાની બેય સ્નેહસભર આંખોથી સતત અશ્રુધાર વછૂટી અને હૈયાની ધીરજ પણ તૂટી પડી. 'તું છો કોણ ? અને શા માટે (આમ) રડે છે ?' એમ રાજાએ પૂછ્યું. એટલે કામદેવની આજ્ઞાને અનુસરનારી એ કહે, 'દેવ, અહીં જે વરાહ પ્રવેશ્યોને ? એ તો અંગારક નામનો દૈત્ય છે. રાજા, હું એની પુત્રી છું, નામે અંગારવતી. એ (અંગારક) વજ્રના તત્ત્વનો બનેલો છે. આ સો રાજપુત્રીઓને એ રાજમહેલમાંથી ઉપાડી લાવ્યો છે ને અહીં એમનો જ મારો પરિવાર બનાવ્યો છે ! આ મહાઅસુર શાપના દોષને કારણે જ રાક્ષસ બન્યો છે. થાક અને તરસને કારણે જ હાલ એણે તમને અહીં લાવીને મૂકી દીધા છે. હાલ એ વરાહ-રૂપ ત્યાગીને પોતે વિશ્રામ કરી રહ્યો છે. ઊંઘમાંથી ઊઠતાં વેંત એ નક્કી તમારું કાંઈક અનિષ્ટ કરશે જ. હું તમારું કલ્યાણ અહીં જોતી નથી. એટલે સંતાપથી વ્યથિત પ્રાણની જેમ આંખોથી આંસુ વહી જાય છે.' અંગારવતીનાં આવાં વચન સાંભળીને રાજા એને કહે, 'જો તને મારા પર સ્નેહ હોય તો મારી એક વાત માન. એ જ્યારે ઊઠે ત્યારે તારા પિતાની પાસે જઈને ખૂબ રડવા માંડ. ત્યારે એ નક્કી તને ઉદ્વેગનું કારણ પૂછશે. ત્યારે તારે કહેવું કે જ્યારે તમારો કોઈ ઘાત કરશે ત્યારે મારી કેવી દશા થશે, એ વિચારે મને રડવું આવે છે. આમ કરવાથી તારું અને મારું બેયનું ભલું થશે.'

એણે આમ કહ્યું તે અંગારવતીએ સ્વીકાર્યું. સ્નેહીના જીવનું જોખમ જાણીને એણે એને છુપાવી દીધો અને પછી અસુર-કન્યા પોતાના પિતા જ્યાં સૂતા હતા ત્યાં ગઈ. દૈત્ય (જ્યારે) જાગ્યો ત્યારે એ ફૂટફૂટ કર રોવા માંડી. ત્યારે પિતાએ પૂછ્યું, 'દીકરી, રડે છે કેમ ?' 'બાપુ, તમને કોઈ મારી નાંખે તો મારી શી દશા થાય ? - એ વિચારે મને દુઃખ થાય છે.' એવું એ આર્ત બનીને બોલી ત્યારે પેલો હસીને કહે, 'પુત્રી, મને વળી મારનારો છે કોણ ? હું તો, જો, બધેથી જ વજ્રનો બનેલો છું; એક આ ડાબા હાથે એક નાનકડું છિદ્ર છે. પણ એને તો હું મારા બાણથી ઢાંકેલું રાખું છું.' દૈત્યે પોતાની દુહિતાને આવો દિલાસો આપ્યો. એ બધો જ રાજાએ છુપાઈને સાંભળી લીધો. પછી થોડે કાળે દૈત્ય ઊઠ્યો, સ્નાન કર્યું, મૌન ધારણ કર્યું અને હરની પૂજામાં લાગી ગયો.

એ જ વખતે બરાબર, રાજાએ એકાએક પ્રકટ થઈને દૈત્યને યુદ્ધ માટે આહ્વાન આપ્યું, ધનુષ્ય પર બાણ ચઢાવીને ખેંચ્યું, ત્યારે તે મૌનસ્થ દૈત્યે ડાબો હાથ ઊંચો કરી, 'હમણાં જરા રાહ જુઓ' એવો ઈશારો કર્યો, કે રાજાએ હસ્તલાઘવપ્રાવીણ્ય દાખવી, તે જ ક્ષણે ત્યાં એના મર્મસ્થાને તીર તાકીને ભોંક્યું કે, મર્મ વીંધાતાં, એ મહાઅસુર અંગારક ઘોર ચિત્કાર સાથે ભોંય પર પટકાયો અને જીવ નીકળતો હતો ત્યારે બોલ્યો, 'મને તરસ્યાને જેણે માર્યો છે એ જો પ્રતિવર્ષ પાણીથી મારું તર્પણ નહિ કરે તો, દર વર્ષે એના પાંચ મંત્રીઓ મરણ પામશે.' એમ કહી તે મરણ પામ્યો.

અને રાજા, પછી, દૈત્યસુતા અંગારવતીને લઈને પોતાની નગરી ઉજ્જયિનીમાં ગયો. ત્યાં એ દૈત્યકન્યા સાથે લગ્ન કર્યાં. એ ચંડમહાસેનને બે પુત્રો થયા : એક ગોપાલક અને બીજો પાલક નામે. પુત્રજન્મોત્સવે રાજાએ ધામધૂમથી ઇન્દ્રોત્સવ[1] ઉજવ્યો. ત્યારે પ્રસન્ન થઈને ઇન્દ્રે સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું, 'રાજા, તું મારી કૃપાથી એક અનન્ય સુંદર પુત્રીને પ્રાપ્ત કરીશ.' પછી કેટલોક સમય જતાં રાજાને ત્યાં તો કન્યા અવતરી-જાણે બીજી દેહધારી કૌમુદી, એવી અપૂર્વ વિધાતાએ નિર્મેલી ! કન્યા જન્મી ત્યારે આકાશવાણી થઈ કે, 'આનો પુત્ર કામદેવતાનો અવતાર થશે, વિદ્યાધરોનો અધિપતિ થશે.'

'આ કન્યા તો મને વાસવે (ઇન્દ્રે) પ્રસન્ન થઈને આપી છે.' એમ વિચારી રાજાએ તેનું નામ રાખ્યું વાસવદત્તા[2]. 'જેમ લક્ષ્મીજી સમુદ્રમંથનની પહેલાં સાગરના પેટાળમાં હતાં એમ હાલ તો એ કન્યા એના પિતૃગૃહે છે. ખરેખર ચંડમહાસેનનો પ્રભાવ જ એવો છે. વળી, હાલ એ એમાં (દુર્ગમ) દુર્ગના પ્રદેશમાં સ્થાયી છે ત્યારે તો એને જીતવો એ અશક્ય છે, દેવ ! એ રાજા તો સદૈવ એ કન્યાને આપને જ આપવા ઇચ્છે છે, છતાં એ અભિમાની રાજા પોતાના પક્ષને સદા ઊંચો રાખવા મથે છે. હું માનું છું કે એ વાસવદત્તાને તમારે અવશ્ય પરણવી જ.' એટલે રાજા (મંત્રી યૈગન્ધરાયણનાં[2] આવાં વચન સાંભળી) વત્સરાજ વાસવદત્તાએ જેનું ચિત્ત હરી લીધું છે એવો થઈ ગયો.

આમ મહાકવિ શ્રી સમદેવવિરચિત 'કથાસરિત્સાગર'નો 'કથામુખલમ્બક' નામે ત્રીજો તરંગ થયો પૂરો.

પાદટીપ

૧. અગણિત જાતિઓ, અસંખ્ય ધર્મો, સંખ્યાતીત દેવદેવીઓનો આ દેશ ! એની વિચારધારામાં મતો, મમતો, મતાંતરો, દર્શનો, અને કૈં કૈં મીમાંસાઓનાં મિશ્રણો થયા છે. - એવાં કે એ કોઈથી પૃથક્કરણીય નથી ! અહમને છૂટો પાડી શકાય, અહીંની વિચારધારાઓને નહિ ! આર્ય કે વૈદિક સંસ્કૃતિ, અનાર્ય કે દ્રવિડ સંસ્કૃતિ, નિષદ કે આદિવાસી સંસ્કૃતિ, કિરાત કે વન્ય સંસ્કૃતિ, નગર કે ગ્રામ સંસ્કૃતિ - આવી ભાતીગળ સંસ્કૃતિઓનો ચંદરવો એટલે આપણી લોકસંસ્કૃતિ. એના કેટલાક ઉત્સવો સ્મરણીય છે. એ એક કે બીજા રૂપે હજારો વર્ષથી હજીયે ઠેરઠેર ઊજવાય છે ! એવો એક ઉત્સવ હતો ઇન્દ્રોત્સવ.

ગુફાવાસી ડરનો માર્યો પ્રકૃતિતત્ત્વોને પૂજતો હશે; પછી એ વનવાસી ને ગોપાલક થયો ત્યારે કૃષ્ણે મનાવ્યો હતો એવો ગિરિઉત્સવ મનાવતો હશે; પછી એની કૃષિ-અવસ્થાએ વળી એ વર્ષાના દેવને પૂજતો હશે ત્યારનો આ એક પ્રાચીનતમ ઉત્સવ.

'ઉત્સવ' માટેના જૂનાં નામો : 'મખ', 'મઘ', 'મહ', 'સમાજ'. આવા 'મહ'માં પૂજા-અર્ચા થાય, મેળા ભરાય, ત્યાં નાચ-ગાન પણ થાય. દ્વિજોને જેમ યજ્ઞો તેમ લોકને આવા મહો. આવા પ્રાચીનતમ ઉત્સવોની એક યાદી પંડિતવર્ય વાસુદેવશરણ

અગ્રવાલે આપી છે. (જુઓ, "પ્રાચીન ભારતીય લોકધર્મ", બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ-૧૯૬૫. પૃ. ૭-૮) આવા મેળાની પ્રથા ગ્રીસમાં પણ હતી અને ત્યાં પણ આવા 'સમાજ' સમક્ષ નાટકો ભજવાતાં. અહીં પણ એવી પ્રથા હશે એવાં પ્રમાણો મળે છે. મહાભારત યુદ્ધ પૂરું થયે, કૃષ્ણાદિ દ્વારકા પાછા આવ્યા ત્યારે મહાભારતના 'આશ્વમેધિક પર્વ' (૫૯, ૪)માં છે કે રૈવતક પર્વત પર એક 'મહ' યોજાયો હતો. એવા જ એક પ્રાચીન ઉત્સવ ઇન્દ્રમહનો અહીં ઉલ્લેખ થયો છે. એને 'હરિવંશ'માં 'શક્રમહ' કહ્યો છે. કોઈ વિશેષ પ્રસંગે પણ (અહીં પુત્ર-જન્મોત્સવ છે તેમ) એનું આયોજન રાજાઓ કરતા. એમાં ઇન્દ્રધ્વજનું પૂજન થતું. એ ધ્વજ બનાવવામાં દિવસો લાગતા. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠામાં ચોમાસા પછી તરત, એક વિશિષ્ટ પ્રકારના પીળા-ચમકતા લીસા-ચીકણા ઘાસમાંથી પોપટ, મોર વગેરે ગૂંથીને, એક યષ્ટિકા પર એને અન્ય પિટકોથી શણગારી, એ લઈને ઘૂમતાં ઘૂમતાં નાચવા-ગાવાનો એક ઉત્સવ છે. એને 'મેરાયો' કહે છે. 'મેઘરાજા' પરથી હશે ? દિવાળીના દિવસમાં મેરાયામાં કોડિયું ભરાવી એને સીમાન્તે મૂકી આવવાને ચાલ ગઈ કાલ સુધી હતો. ઇન્દ્રમહના આ લીસોટા !

મહાભારતમાં એક ઉપરિચરની કથા છે. ચેદીદેશના એ રાજા પર વાસવ (ઇન્દ્ર) પ્રસન્ન થયો. કહે, 'હું દ્યુલોકમાં છું. પણ તમે મારા મિત્ર. દ્યુલોકે આવી શકશો આ યષ્ટિના પ્રતાપે.' કહીને એક "યષ્ટિં ચ વૈણવીં તસ્મૈ દદૌ વૃત્રનિષૂદન." ઇન્દ્રે એક વાંસની ઊંચી લાકડી આપી. એ યષ્ટિ પ્રાપ્ત થવાથી રાજાએ પછી એ સાથે ધામધૂમથી નગરપ્રવેશ કર્યો. વાંસ ને વાંસળી કૃષ્ણની ભેટ ! ગોપ-સંસ્કૃતિની સ્મૃતિ. એના સૂર સ્વર્ગાનુભવ કરાવે.

આ ઇન્દ્રયષ્ટિને સજાવવા માટે પિટકનો ઉપયોગ થતો. 'પિટક' એટલે 'પેટી' ! નાનકડો કરંડિયો. વળી યાદ આવે છે, જયંતીભાઈ સો. દવેએ બનાસકાંઠામાંથી પેલા યષ્ટિધારીઓને બોલાવી, અમદાવાની સ્કૂલ ઑફ આર્કિટેક્ટના પ્રાંગણમાં મેરાયો નચાવ્યો હતો એમની પાસે. એ યષ્ટિ પર હતાં પિટકો ! એ પિટકોની પ્રથા આમ પાંચેક હજાર વરસ જૂની ! કોઈને એમ થાય છે કે ચાલો એને કચકડે મઢી લઈએ ! આ પ્રથા હવે જશે. ગાંઠને ખર્ચે કોઈ પેલાઓને અમદાવાદમાં નોતરે ત્યારે એની નોંધ પણ આ સંસ્કારપ્રેમી નગરમાં ભાગ્યે જ લેવાય ! આપણે શું સંસ્કારબધિર થતા જતા નથી ?

આ ઇન્દ્રોત્સવે 'ભગવાન પૂજ્યતે ચાત્ર હાસ્યરૂપેણ શંકરઃ' એમ પાછું કહેવાયું ! મૂળમાં 'વાસવઃ' હતા તે 'શંકરઃ' થઈ ગયા ! નિષાદની શિવપૂજામાં પ્રાચીનતર ઇન્દ્રપૂજા સમાઈ ગઈ.' વળી' આ ઇન્દ્રધ્વજના મહોત્સવને 'યાત્રા' કહેતા. 'યાત્રા'નો મૂળ અર્થ થાય 'ઉત્સવ', 'મેળો', એમાં થતા નાચ-ગાન-રમત-ખેલ-ભવાઈ. એ પણ પછી કહેવાયા 'જાતરા', 'જાતર'. બંગાળીમાં લોકનાટ્યને કહે છે 'જાતરા'. આપણે ત્યાં પણ એ 'ભવાઈ'નો એક પ્રાચીન પર્યાય છે.

"ચાચર તાંહાં જાતર ભલી,
જોતતણી ઝગમગ;
ઘણા ગુણીજન રમી ગયા,
તેહના પગની રજ."

("ભવાઈ સંગ્રહ", આવૃત્તિ ૫મી, સને ૧૯૧૧; પૃ. ૯૦; 'કજોડાનો વેશ.')

બંગાળા, ઓરિસ્સા, આસામ અને મણિપુર - એ બધે 'ભવાઈ' જેવા અર્થમાં 'જાત્રા' શબ્દ વપરાય છે ને આપણે ત્યાં પણ એ જ શબ્દ છે. આપણા ગરબાની જેમ આ જાત્રાને પણ કોઈ પ્રાચીનતમ સંબંધ-સંદર્ભ આસામ સાથે હશે ? કૃષ્ણ સાથે હશે ? 'યાત્રા' પરનો એક સરસ લેખ શ્રી કપિલા વાત્સ્યાયનના અંગ્રેજી પુસ્તક 'Traditional Indian Theatre'ના અગિયારમા પ્રકરણ તરીકે છે. એમાં (પૃ. ૧૩૭) આ 'યાત્રા' - 'જાતર', 'ભાઓના', 'ભાવના'ની પરંપરા ઉત્તર ભારતના આ પ્રદેશોમાં કેવી એકસમાન છે તે દર્શાવ્યું છે. સંસ્કૃત 'યાત્રા'માંથી પ્રાકૃતમાં 'જત્ત' થઈને ગુજરાતી-હિન્દીમાં 'જાત'- 'જાતરા' શબ્દો આવ્યા. મોટા મેળા પણ 'જાતરા' કહેવાય છે.

ઇન્દ્રપૂજાનો ઉલ્લેખ રઘુવંશ ને હરિવંશપુરાણમાં પણ છે. 'ઇન્દ્રમહ'નો પછીથી, જેમ શિવ સાથે સંબંધ જોડાયો તેમ કૃષ્ણે ગિરિપૂજા કરાવ્યાથી કૃષ્ણ સાથે સંબંધ જોડાયો. પ્રસિદ્ધ તમિલ કાવ્ય 'શિલપ્પાધિકારમ્'માં ચૈત્રી પૂનમે ઇન્દ્રધ્વજપૂજા થતી એવો ઉલ્લેખ તેના પાંચમાં સર્ગમાં છે. એ સર્ગનું નામ જ છે 'ઇન્દિર વિલાવુ રઉત્તકડે.' કાવેરી નદીના કાંઠે આવેલી પુહારનગરીમાં જે ત્યારે પોનપત્તન કહેવાતી ત્યાં) ઇન્દ્રોત્સવ થયાની વાત છે.

'ઉત્સવ'માંનો 'સવ' શબ્દ પણ એક મજાનો ઇતિહાસ છુપાવીને બેઠો છે ! યજ્ઞોમાં સોમનો 'અભિષવ' (સોમપાન) કરાતો. એ 'ષવ' તે 'સવ' - એનો સીધો સંબંધ 'આ-સવ' સાથે !! આમ, આ મેળાઓને અર્થવવેદ સાથે સંબંધ હતો. ઉત્સવો 'સવ' કહેવાતા.

આ ઇન્દ્રોત્સવ ભાદ્રપદના શુક્લપક્ષમાં ઉજવાતો. 'રાજતરંગિણી'માં ભાદરવા સુદ બારસને ઇન્દ્રદ્વાદશી કહી છે (૮/૧૮૨). ભાસના 'બાલચરિત'માં ને 'મૃચ્છકટિક'માં પણ ઇન્દ્રોત્સવના ઉલ્લેખો છે.

આ ઇન્દ્રોત્સવે અન્નકૂટ ભરાતો. ગોવર્ધનપૂજા સાથે અન્નકૂટ-ઉત્સવ આજ પણ ઉજવાય છે. સૂરદાસે ગાયું છે કે સવારથી પીરસ પીરસ કરે ને સૂરજ ઢળી જાય ત્યાં સુધી પીરસ્યાં જ કરે તો ય વાનગીઓ ન ખૂટે એટલો મોટો અન્નકૂટ અહીં થાય છે !

"પરસત ભોજન પ્રાત હીં તેં સબ,
રવિ માથે તેં ઢરકિ ગયો અબ."

નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિએ બધી તૈયારી કરી, પછી બ્રહ્માને પૂછ્યું કે, 'હવે આ પ્રયોગ ક્યારે ને ક્યાં કરવો ?' બ્રહ્મા કહે, 'સમય તો આ જ નાટ્યયોગ્ય છે - દેવરાજ ઇન્દ્રના ધ્વજનો મહ હોય ત્યારે ત્યાં.'

"મહાનયં પ્રયોગસ્ય સમયઃ સમુપસ્થિતઃ', અયં ધ્વજમહઃ શ્રીમાન્ મહેન્દ્રસ્ય પ્રવર્તતે." કહે છે કે ઇન્દ્રે જ નાટ્યપ્રયોગની સિદ્ધિ માટે આ ધ્વજ આપેલો :

"પ્રીતસ્તુ પ્રથમં શક્રે દત્તવાન્ સ્વધ્વજં શુભમ્' (નાટ્યશાસ્ત્ર, ૧/૫૮/૫૯)

આ નાચ-ગાન-મેળા-ઉત્સવ લોકજીવનનો એક ભાગ હતો. ઇન્દ્ર-શિવ-કૃષ્ણ-બ્રહ્મા એ તો નિમિત્તો. યુરોપનો મે-પોલનો ઉત્સવ પણ યાદ આવે. એ પણ ઇન્દ્રની વૈણવી યષ્ટિનો જ જાણે એક પ્રકાર ! જંગલમાં જવું, ત્યાંથી ફૂલવાળી લીલી ડાળીઓ લાવવી, વસંતપૂજન કરવું, ઘેરઘેર ગાતાં ગાતાં ફરવું, એ "ધ ગોલ્ડન બાઉ"માં ફ્રેઝરે વર્ણવ્યો છે ઉત્સવ. એવું જ અહીં સમૂહજીવન ગાતું-નાચતું-ધબકતું-કૂદતું હશે ને ? આનંદને બહાનાં પણ મળે રહેતાં - કોઈ ઇન્દ્ર, કોઈ ગિરિ, કોઈ શંકર, કોઈ કૃષ્ણ, કોઈ બ્રહ્મા...! અને હવે ?...

૨ વાસવદત્તાની વાત આવી ને યૌગન્ધરાયણનું નામ આવ્યું ત્યારથી ભાસ એવો યાદ આવ્યો - તીવ્રતાથી કે તરત ટેબલ પર ચડી, છાજલી પરનાં થોથાં વચ્ચે સંતાયેલી વર્ષો પહેલાંની મારી "સ્વપ્નની સુંદરી"ને પાછી હાથ પર લીધી, ધૂળ ખંખેરી. રાવળસાહેબ એ શીખવતા ! આપણા પ્રતિભાશાળી અનુવાદકોને યાદ કરીએ તો કેશવ હર્ષદ ધ્રુવ યાદ આવ્યા વિના ન રહે. બે વાર ભાસના એ નાટકને એમણે અનુવાદ્યું ! પહેલીવાર 'સાચું સ્વપ્ન' નામ અપાયેલું તે બીજી વાર 'સ્વપ્નની સુંદરી' કર્યું. જો જો, ખોલજો; મજા પડશે.

એ કથા કેટલી જૂની ? ભાસ (મૂળ નામ તો કોણ જાણે શુંય હશે ?!' આ 'ભાષ' પરથી આવેલું ગોત્રનામ છે 'ભાસ'.) એ ભાસ એટલે આપણો એક પહેલો નાટકકાર. ઇ.સ. પૂર્વની ત્રીજી સદીથી ઇસવી ત્રીજી સુધીમાં ક્યારેક એ થયો. વિદ્વાનોમાં મતભેદ છે. એ 'ભેદ'માં આપણે ભાગીદાર થવું નથી. પણ આ કથા જે ભાસે લીધી છે તે આપણા 'કથાસરિત્સાગર'ની તો પહેલાંની જ છે નક્કી. કારણ કે સોમદેવ તો દસમી સદીનો; જ્યારે ભાસ તો કાલિદાસનીયે પહેલાંનો. એણે એ કથા 'બૃહત્કથા'માંથી લીધી હશે ? કે પછી આ કથા મૂળે જ લોકહૈયે તરતી રહી હશે ? એમ જ માનવું વધુ તર્કયુક્ત છે.

ભાસને કોઈ વીસમી સદીના પહેલા દસકા સુધી તો જાણતુંયે નહોતું. ૧૯૦૯-૧૦માં એકાએક ગણપતિશાસ્ત્રીએ તેર નાટકો શોધી આપ્યાં ! ને ભારતીય નાટ્યસાહિત્ય તથા ભારતીય રંગભૂમિ ઇતિહાસ બંને ક્ષેત્રે ચહલપહલ મચી ગઈ. કહેવાયું છે કે ભાસનાં તેર નાટકોને આગ લાગી, એમાંથી જે એકને તો અગ્નિ પણ ન પ્રજાળી શક્યો તે હતું 'સ્વપ્નવાસવદત્ત'.

"ભાસનાટકચક્રેઽપિ છેકૈ: ક્ષિપ્તે પરીક્ષિતુમ્;
સ્વપ્નવાસવદત્તસ્ય દાહકોઽભૂન્ન પાવક:" (- રાજશેખર)

ભાસનું બીજું નાટક તે 'દરિદ્ર ચારુદત્તમ્'. એ ખંડિત છે. એને શુદ્રકે 'મૃચ્છકટિક' રૂપે ફરી બાંધ્યું ને તે પછી એ નાટ્યવિદોને એવું - એટલું આકર્ષતું રહ્યું કે છેક આપણા સમયમાં એ રસિકલાલ પરીખને હાથે ચડીને 'શર્વિલક' રૂપે પ્રકટ્યું. એમાંના એક જ પ્રસંગને લઈને સુંદરમે 'માટીની ગાલ્લી' આપ્યું. દેશદેશાંતરમાં ભાષાન્તરિત થઈને પણ આ નાટક ભજવાયું છે. સંસ્કૃત નાટકોમાંથી સૌથી વધુ જગપ્રસિદ્ધ કોઈ નાટક હોય તો આ.

ભાસનાં નાટકો પૈકી બે કાંઈક ઐતિહાસિક કહેવાય; 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' અને 'સ્વપ્નવાસવદત્ત'. કે. હ. ધ્રુવને મતે "વત્સદેશનો ઉદયન અવંતિનો પ્રદ્યોત અને મગધનો દર્શક એ રાજાઓ ઇ.સ.પૂર્વે પાંચમી સદીના પૂર્વાર્ધમાં થયા હતા. વત્સરાજનું ચરિત્ર એક વખત વિક્રમ ચરિત્રના જેવું લોકપ્રિય હતું. ઇ.સ.પૂર્વે ચોથા સૈકામાં પ્રેમથી લોકકથામાં અવિમારક અને ઉદયનની કથાઓ અગ્રસ્થાન ભોગવતી જોવામાં આવે છે. એકનો 'કામસૂત્ર' અને બીજાનો 'અર્થશાસ્ત્ર'માં ચાણક્ય નિર્દેશ કરે છે. ભગવાન પતંજલિના 'મહાભાષ્ય'માં 'આખ્યાયિકા' નામે વાર્તાના ગ્રંથ તરીકે 'વાસવદત્તા'નું નામ મળી આવે છે." ("સ્વપ્નની સુંદરી", પૃ. ૨૬) આમ, અહીં એક પ્રાચીનતમ લોકકથા ઉલ્લેખાઈ છે. એનાં મૂળ કદાચ ઇતિહાસમાં હોય.

પ્રો. ડૉ. તપસ્વી નાન્દીને મતે તો ભાસની ચાર કૃતિઓ અવિસ્મરણીય: 'કર્ણભાર', પ્રતિજ્ઞાનાટક, આ સ્વપ્નનાટક, અને 'ઊરુભંગ'. ધ્રુવસાહેબ ભલે ઐતિહાસિક કહે, વત્સરાજકથામાં કિંવદન્તીના પુટ પર પુટ ચડેલા છે. કથા પ્રેમની છે; પણ કામની નથી ! ભાસની એ ખૂબી છે. પાત્રના મનોભાવોને એ અનુસરે છે. 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' ઉદયનની વાસવદત્તાપ્રાપ્તિને નિર્દેશે છે તો 'સ્વપ્ન...'માં ઉદયન-વાસવ-પરિણય પછીની ઘટના છે. ઉદયન રાજ્ય ગુમાવે છે ને ફરી પ્રાપ્ત કરે છે એ રાજપરિવર્તનનું વસ્તુ એમાં છે ખરું, પણ ગૌણભાવે.

કથા આવી છે : વાસવદત્તા મળતાં જ રાજા એના મય બને છે - રાજકાજગૌણ ! એ તક ઝડપીને દુશ્મનો એના રાજ્યને હડપ કરે છે ત્યારે યૌગન્ધરાયણને લાગે છે કે જો મગધરાજ દર્શકની બહેન પદ્માવતી જોડે ઉદયનનું નક્કી કરી શકાય તો રાજ્ય સ્થિર થાય. પણ એમાં મોટી મુશ્કેલી હતી : રાજા બીજું લગ્ન કરે જ શાનો ? એટલે એણે રાણી ને મંત્રીઓ સૌની સંમતિ સાધી, એક યુક્તિ કરી: રાજા મૃગયાએ ગયો હતો એ તક સાધીને રાજમહેલને આગ ચાંપી, પોતે ને વાસવદત્તા મહીં પ્રજળી ગયાંની હવા ફેલાવી, પોતે પરિવ્રાજક ને વાસવદત્તા આવન્તિકાના વેશમાં નીકળી પડ્યાં. ને વળી પછી એવું ગોઠવ્યું કે પેલી પદ્માવતીને જ 'મારી આ પ્રોષિતભર્તુકા બહેનને તમારે ત્યાં ન્યાસ તરીકે મૂકતો જાઉં છું, સ્વીકારો' - એમ કહીને ભળાવી ! અને ત્યાં ત્રાહિત તરીકે રહેલી વાસવદત્તાને જ ઉદયન-પદ્માવતીના લગ્ન માટેની વરમાળા ગૂંથવાનું આવ્યું ! એ ઓળખીનો ગઈ હતી ! હવે ? લગ્નની ઘડી જેમ જેમ નજીક આવતી ગઈ તેમ તેમ અંધકાર જાણે છવાતો ગયો; "યથાયથા ત્વરતે તથા તથા અન્ધી કરોતિ મે હૃદયમ્" - એ એની મનોવેદના ! - ને છતાં અહીં બંને નાયિકોઓ તો વાતો કરતી જ રહે છે. ઇર્ષ્યા નથી ! પૂરી સહૃદયતા છે ! થવું જ હતું તે થઈને જ રહ્યું ! નાયકને ખબર નથી, એટલે એ તો વાસવદત્તાને હૃદયમાં સંભરીને, પદ્માવતીને પરણ્યો. છતાં હૃદયનું રટણ તો રહ્યું વાસવદત્તાનું જ !

"પદ્માવતી બહુમતા મમ રૂપશીલ માધુર્યૈ:;" કબૂલું છું કે રૂપમાં, શીલમાં, માધુર્યમાં પદ્માવતી લાજવાબ છે; પણ - "વાસવદત્તાબદ્ધં મે તાવન્મે મનોહરતિ." પણ વાસવદત્તામાં તો મારું મન બંધાયેલું છે, મારા એ મનને એ હરી નથી શકતી !" રાજા આમ કહે છે, ને વાસવદત્તા સાંભળે છે ! કેટલો સંતોષ થયો હશે ! એમાં એકવાર એક અત્યંત સુખદ અકસ્માત થાય છે. પદ્માવતીની ખબર કાઢવા આવેલ અવન્તિકા-વેશી વાસવદત્તા, પલંગે ઓઢીને સૂતેલા રાજાને પદ્માવતી માની, એને ઓછું ન આવે માટે, એની શય્યામાં જ એની જોડાજોડ બેસી પડે છે ને પછી લેટી પડે છે ! ત્યારે જ બરાબર નિદ્રસ્થ નાયકને, એ જ વખતે, સ્વપ્નમાં આ સુંદરી આવે છે - ને રાજા લવે છે; સુંદરી રાજાના મનોભાવો જાણે છે ને એમ બે વિખૂટાં હૈયાં પાછાં એક થાય છે. જગતનાં ઉત્તમ પ્રેમનાટકોમાં જો રોમિયો-જૂલિયેટનું રંગભર્યું નાટક છે તો આ પણ છે - 'ચાહીશ તો ચાહીશ બેયને હું' એ કલાપી-ઓરતા તો અધૂરા રહેલા, અહીં આ નાટકમાં એ આદર્શ રીતે પૂરા પડે છે. બે પ્રેયસીઓની આવી કથા લપસણી કે 'ઉપસણી' બનવાનો સંભવ હતો; સ્નેહની જ સાત્ત્વિક અનુભૂતિ આ તો કરાવે છે ! ઇર્ષ્યા નથી. સ્વસ્થ સંતુલિત સાત્ત્વિક સ્નેહની કથા છે. ત્રિકોણ છે પણ 'કોણ' વાગે એવા નથી ! શુદ્ધ સૌંદર્યની પ્રતીતિ કરાવતું નાટક છે. 'ભાસો હાસ:...' એ કેટલું સાચું છે ! (ક્રમશ:)

તોસ્કાના

પ્રીતિ સેનગુપ્તા

વેનિસની જટિલ ભુલભુલામણીમાંથી મનને છૂટું પાડવું સહેલું નથી, ને એને વિષેની વાત પૂરી કરવી પણ સહેલી નથી. પ્રિયપાત્રના સ્મરણથી જ આંખોમાં ચમક અને અધર પર જીવંતતા આવી જતી હોય છે. પણ જેનાં રોજ પૂજાતાં, બધાં માટે ખુલ્લાં રહેનાં દેવળોમાં ટિશિયાંના 'લાસ્ટ જજમેન્ટ' અને 'અસમ્પ્શન ઑફ ધ વર્જિન' જેવા ચિત્ર-રત્નો, અને બેલિનીના 'મૅડોના' જેવા શિલ્પ હોય તેવી અદ્વિતીય ઉપસ્થિતિ માટે કહેવું પણ શું ?

ત્યાં હજારથી વધારે વર્ષનો ઇતિહાસ નક્કર રૂપે જોવા મળે છે, તો તાજેતરના પ્રસંગોની છાપ પણ એ ઝીલે છે. અરબ-રોમન, મુસ્લિમ-ખ્રિસ્તી શૈલીની અસરો એના પર સ્પષ્ટ છે, તો લાકડાનો સાદો સ્તંભ મૂકીને ઊભા કરેલા સ્મારકમાં પૂર્વીય સાદગીની શૈલી દેખાય છે. બેજિંગના તિઆનન્મેન ચોકમાં ૧૯૮૯ના મે મહિનામાં થયેલા અત્યાચારની કરુણતાની સભાનતા અને સહાનુભૂતિમાં આ સ્મારક બનાવાયું. એના પરના ઇટાલિયન શબ્દો વરસાદમાં ધોવાઈ ગયા છે, પણ એ બનાવના ત્રણ ફોટા અને ચીની અક્ષરો મોજૂદ છે.

ગત, વિગત, ઉપસ્થિત, આગામી, કાલ, આજ, સીમિત, વૈશ્વિક, પુરાતન, નૂતન, સ્વપ્નિલ, સિધ્ધ - લાગે છે કે આ નગર વેનિસ જીવનનું બહુમુખી પ્રતિબિંબ છે. વેનિસનો અનુભવ એક સંપૂર્ણ અનુભવ છે, એનો સંયોગ હૃદયમાં ચિરસ્થાયી છે. વેનિસ છોડીને જવું સહેલું નથી. દિવસો બહુ ઝડપથી જતા રહ્યા. સાંજ પડ્યે જ્યારે આલોક રેશમી ને હવા સ્નિગ્ધ હોય છે, જળ પ્રકાશોજ્જવળ હોય છે, કિનારે બંધાયેલી ખાલી નૌકાઓ ચંચળ હોય છે, તરતા મંચ સહેજ સ્પર્શે હાલી ઊઠતા હોય છે, માર્ગ-દીપકોની પ્રતિચ્છાયા સોનેરી ને અલૌકિક લાગતી હોય છે, જન-સમૂહ વિખરાઈ ગયો હોય છે, શાંતિ છવાઈ ગઈ હોય છે; જ્યારે ક્ષણો બિલાડીની જેમ અરવ, દબે પગલે પસાર થઈ જતી હોય છે ત્યારે ગલીઓ, નહેરો, આ નગર કંઈક જુદું જ લાગે છે. મને થાય છે કે, હું અહીં પહેલાં આવી ગયેલી છું ? આ ગલીનો વળાંક વળેલી છું ? સામેના આ પુલને વળોટી ગયેલી છું ?

મુગ્ધ ભાવે, મ્લાન ભાવે, આરતીને સમે ગંગામાં તરતા મુકાતા દીપકની જેમ, જળ ને સ્થળમાં એક પ્રશ્ન તરતો મૂકું છું : હું અહીં ફરી આવવાની છું ?

વેનિસ છોડ્યા પછી ક્યાંય સુધી જોવા જેવું, માણવા જેવું કશું જ રહેતું નથી. દિવસ ધુમ્મસિયો હોઈ શકે, ધરતી સૂકી હોઈ શકે. નદીઓ ભરપૂર હોય, ને ખેતરોનો લીલો રંગ ફીક્કો હોઈ શકે. ફૅક્ટરી ને ટ્રૅક્ટરો દેખાય, કપાતા-વપરાતા જતા પહાડો દેખાય. ૪૦-૪૫ કિ.મિ. લાંબું બોગદું આવે, ને લાંબા સમય સુધી આંખો ને મનને શ્રમ પડતો અટકે.

જોવા જેવાં નાનાં સુંદર ગામો તો ઘણાં છે જ્યાં આશરો લેવાય, પણ વેનિસ ત્યજીને જો કોઈ મોટા શહેરમાં જવું હોય તો તે એક જ છે - ફિરેન્ઝે, અથવા ફ્લૉરેન્સ. ટ્રેન દ્વારા મારી ગતિ દક્ષિણે તે તરફ જ હતી. ફ્લૉરેન્સ પણ વર્ષો પહેલાં ગયેલી, તેથી ત્યાં જવાનો ઉદ્દેશ પણ પેલી જૂની યાદોનાં પગેરું શોધવાનો જ હતો. નથી જાતથી છુટાતું, નથી યાદોને હડસેલી શકાતી અને નિરાશ થવાનો પ્રશ્ન હોતો જ નથી, કારણ કે અપેક્ષા વગર જ જતી હઉં છું. સ્થળો જે આપે તે સ્વીકારવાનું. આ જ રીતિ મનુષ્યો કે મૈત્રી માટે નથી રાખી શકતી. મથી મથીને પણ એટલું નથી શીખી શકી.

ઇટાલીનું આ પરગણું તોસ્કાના-અથવા ટસ્કનિ-કદાચ સૌથી વધારે લોકપ્રિય હશે. એનાં ફળ, તાજાં શાક, પુષ્ટ ગાય-બળદ, અને મદિરા ખૂબ વખણાય છે. દ્રાક્ષ-ઉછેર-વિજ્ઞાનના કેટલાક વિદ્વાનો કહે છે કે ઇટાલીમાં જુદી જુદી ૫,૦૦૦ જાતની મદિરા તૈયાર થાય છે. એટલે કે, જો રોજ રાતે એક નવા પ્રકારનો શીશો ખોલો તો બધા પ્રકારને ચાખી લેતાં લગભગ ૧૪ વર્ષ થાય. આખા દેશમાં સવાર-સાંજ જમવાની સાથે વાઈન (Wine)પીવાનો રિવાજ છે, કે શોખ છે. ભોજન વિષયે પણ ઇટાલીની ખાસિયત છે - તે છે પાસ્તા, અથવા મેંદામાંથી બનાવેલી જુદા જુદા આકારની વાનગી. તે ચપટી, લાંબી, ગોળ, ભૂંગળી, શંખ, ચક્ર, વળ, જાડી, પાતળી, નાની, મોટી, ઇત્યાદિ અનેક જાતની હોય. દેશના પરગણા પ્રમાણે એમાં આકારનો, ને બનાવવાની રીતનો ફેર હોય. 'પાસ્તા' કેટલી જાતના બને છે તેને માટે મતભેદ છે, પણ ૬૦૦ જેટલા પ્રકાર ગણાવીએ તો ખોટા ના પડીએ ! આને અંગેનું એક પ્રદર્શન મને મિલાનમાં જોવા મળ્યું હતું. રોજિંદા જીવનની આ ઝીણી વિગતો ઓછી રસપ્રદ નથી, કારણ કે એ પરથી પણ પ્રજાના મૂડનો, મિજાજનો, નિજી રંગનો, અંદાજ મળે છે.

આ તોસ્કાના પરગણું વળી ફ્લૉરેન્સને લીધે સુવિદિત હશે. જર્મન કવિ ગથેએ બસો વર્ષ પહેલાં કહેલું કે તોસ્કાનાનો દેખાવ એવો છે કે જેવો ઇટાલીનો હોવો જોઈએ. આ દેખાવ બહુ બદલાયો નથી, પણ શહેર ફ્લૉરેન્સ ક્યારનું યે, ને કેટલુંય બદલાઈ ગયું છે. વસ્તી, વાહનો ને બાંધકામ વધ્યાં, એટલે પર્યાવરણનું દૂષણ વધ્યું. ફ્લૉરેન્સ ટેકરીઓના ખોબામાં આવેલું છે, એટલે ધુમાડો ત્યાં નીચે જ ફસાઈ રહેવાનો. છતાં નાપોલિ કે પાલેર્મો જેટલાં વાહનો અહીં નથી, અને હૉર્ન મારવાનો નિયમ નથી, એટલે શાંતિ ને સારું લાગે છે.

તોસ્કાના બીજી ઘણી રીતે વિશિષ્ટ છે : સૌથી પહેલાં તો ત્યાંની બોલી સૌથી શુદ્ધ ગણાય છે, ને આજની ઇટાલિયન ભાષા લિગ્વા તોસ્કાનાના ઋણ નીચે છે. જેને પ્રથમ માનવતાવાદી કહી શકાય તે પેટ્રાર્ક અને પ્રથમ રાજનીતિવિદ્ કહી શકાય તે માક્કિઆવેલિ ત્યાં પેદા થયા. વિજ્ઞાન, કળા ને સ્થાપત્યનાં ક્ષેત્રોમાં અગ્રણી એવા ગાલિલેઓ, મિકેલાન્જેલો અને બ્રુનેલ્લેશ્શિ તોસ્કાનામાં પોતાની સર્જન-શક્તિનો પૂર્ણ વિકાસ પામ્યા. તદુપરાંત, ૧૪મી - ૧૫મી સદીમાં યુરોપમાં પુનર્જીવન પામેલા સર્જન યુગના આદ્ય પ્રણેતા લેઓનાર્દો દ. વિન્ચિ તોસ્કાનામાં જન્મેલા.

આવી ભૂમિમાં વસેલું ને પાંગરેલું નગર તે ફ્લૉરેન્સ. આ પુનર્જીવન, અથવા રેનેસાં, (Renaissance)નો આરંભ ફ્લૉરેન્સમાં થયો, ને એ પ્રફુલ્લપ્રભ બન્યું. શહેર નાનું છે. એનાં પીળચટ્ટાં, લાલ નળિયાંનાં છાપરાંના પરિસરને તીરની જેમ વીંધી નદી આર્નો વહે છે. અતીતનાં લય, તાલ, સુગભીરતા અને ઔદાર્ય હજી આ શહેરમાં અનુભવાય છે. અમેરિકન કવિ લૉન્ગફેલોની ઝંખના આ અતીતના પ્રકટ-અપ્રકટ વૈભવમાં ખોવાઈ જવાની હતી. થોમસ કોલ (Cole) જે અમેરિકન દશ્યપટ ચિત્ર-શૈલીના જનક ગણાય છે તે ૧૮૩૧માં ઇટાલી આવ્યા, ને રોમ અને ફ્લૉરેન્સમાં ચાર વર્ષ રહ્યા. પાછા જઈ ન્યૂ યોર્ક રાજ્યમાં પહાડ પરના, હડસન નદી તરફ વસેલા ગામમાં સ્થાયી થયા, ને 'હડસન રિવર સ્કૂલ' કહેવાતી ઉત્કૃષ્ટ ચિત્રશૈલી વિકસાવી.

કેટલાંયે અમેરિકન-જહૉન રસ્કિન, હૉથૉર્ન, જહૉન સિન્ગર સાર્જન્ટ, વ્હિસ્લર, માર્ગારેટ ફુલર, ઈડિથ વ્હૉર્ટન, માર્ક ટ્વેન, હેમિન્ગ્વે જેવી કેટલીય સર્જનશીલ, સંવેદનશીલ વિભૂતિઓને અને એમના દ્વારા કળાના ઇતિહાસને ઇટાલીએ કલ્પન, પ્રતીક અને અભિગમનું પ્રદાન કર્યું છે. તેમાં યે, અમેરિકનો માટે ફ્લૉરેન્સ સર્વોત્તમ હતું. એના માહોલથી જાણે એ લોકો પરિચિત હતા, તેથી ફ્લૉરેન્સને "ઇટાલીનું બૉસ્ટન", અને બૉસ્ટન શહેરને "અમેરિકાનું ફ્લૉરેન્સ" એવાં બિરુદ મળી ગયેલાં. આશ્ચર્ય એ વાતનું થાય છે કે આ અમેરિકન કલાકારો બીજા અંગ્રેજ અને ઇટાલિયન સર્જકો સાથે સમય ગાળતા રહ્યા, પણ યુરોપના અનેક બીજા દેશોના સર્જકો - થોડાં જ નામ નોંધતાં, ઇબ્સન, હાન્સ ક્રિશ્ચિયન ઍન્ડરસન, હાઈન, ગૉગોલ, દોસ્તોએવ્સ્કી, તર્ગેનેવ, એમિલ ઝોલા વગેરે સાથે કેમ ક્યારેય પરિચય ના કેળવ્યો ? શું અદ્ભુત આકર્ષણ હશે ઇટાલીનું તે સમયે !

બ્રુનેલ્લેશિએ રેનેસાંના યુગમાં રચેલું 'સાન્તા મારિઆ દેલ ફિઓરી' દેવળ બહુધા કેવળ "ધ દુઓમો" તરીકે ઓળખાય છે. ફ્લૉરેન્સ નગરના કેન્દ્રમાં એનું અવસ્થાન છે. ૧૪૨૦માં એના મહાશિખરનો આરંભ થયો હતો. દુઓમોનો અપૂર્વ-સુંદર બાહ્ય દેહ સફેદ, લીલા અને ગુલાબી સંગેમરમરથી સંકલિત છે. એના પરની બારીક કારીગીરીની શોભા અપરંપાર છે. અંદરથી એનું પરિમાણ ૧૦,૦૦૦ પ્રાર્થનારત નગરજનો સમાઈ શકે તેવું અતિબૃહદ્ છે. અતીવ રૂપમંડિત છે દુઓમો.

પણ જાણે વાહનોની નાગચૂડમાં ભીંસાય છે. ચારે તરફથી મોટરો, બસો, મોપેડો અવિરત એના ફેરા ફરે છે - એના તરફ ધ્યાન પણ આપ્યા વગર. મેલા ધુમાડાની અસર તેના સફેદ આરસ પર વર્ષોથી થતી અને વધતી આવી છે. એ સફેદ હવે સફેદ નથી રહ્યો. એની અનુપમ પ્રાચીરો ઋતુક્લાંત લાગે છે.

રાત પડે છે ને મને હાશ થાય છે, કારણ કે વાહનો થોડાં ઓછાં થયાં છે, ભીડ વિખેરાઈ છે; આકાશ ચોખ્ખું થયું છે, ને ચંદ્રે રજત પરિપૂર્ણતા ધારણ કરી છે. એના સ્પર્શે દુઓમોનાં દર્શન ઈષત્ ઓપ પામે છે. આ તો શરદનો સર્વોત્તમ ચંદ્ર. શરદપૂર્ણિમાનો પ્રતાપશાળી શશી. અચાનક યાદ આવે છે કે વર્ષો પૂર્વે પણ હું ફ્લૉરેન્સમાં શરદપૂર્ણિમા પર જ હતી. એ જ નગર, એ જ ચંદ્ર, એ જ હું... કે જુદાં ? □

કુમાર માટેના આગામી ફેરફારો

વાચકો અને ચાહકોના સરસ પ્રતિભાવથી પ્રોત્સાહિત થઈ 'કુમારે' ઑગસ્ટ ૧૯૯૦ થી પુનર્યાત્રામાં બે વર્ષથી યે જરા આગળ સુધીની મજલ તો પૂરી કરી, અને તેને જે આવકાર મળી રહ્યો છે તેનો આનંદ પણ છે જ, પરંતુ 'કુમાર'ને જે સ્વરૂપે ઘડવું છે તે લક્ષ્ય સુધી હજી નહિ પહોંચાયું હોવાનો એક અસંતોષ પણ રહ્યા કરે છે. આનાં અનેક કારણ હોઈ શકે તે સમજી શકાશે, પણ તેમાંનું મુખ્ય એક છે વધુ મજબૂત આર્થિક પગભરતા ની જરૂર. પ્રચારપ્રસાર, જાહેરખબરો, મોટી ગ્રાહકસંખ્યા, હાલ છે તેથી વધુ સારું સ્વરૂપ વગેરે તેમાં જરૂર સહાયક નીવડે, પરંતુ આર્થિક મર્યાદાઓ એમાં નડે જ છે. કેવળ ત્રણચાર જણ દ્વારા જ ચાલતો 'કુમાર'નો તેના સંપાદન અને વહીવટનો બધો જ વ્યવહાર આર્થિક ભીંસને કારણે સહેજે સીમિત જ રહે એ સૌ સમજી શકે તેમ છે. આના એક ઉપાય તરીકે શક્ય તે જોખમ ઉઠાવીને પણ અમે આવતા વર્ષથી 'કુમાર'નું લવાજમ વધારવા વિચાર્યું છે. 'કુમાર'ના ચાહકોએ અત્યાર સુધી જે પ્રેમ દાખવ્યો છે તેનાથી અમને શ્રદ્ધા છે કે તેઓ આ થોડો વધુ બોજ પણ અપનાવી લઈ અમને સહાયક બની રહેશે. આવતા વર્ષથી 'કુમાર'નું લવાજમ રૂ. ૧૦૦ રહેશે. (અને આજીવન લવાજમ રૂ ૯૦૦ રહેશે) અલબત્ત, જેમનાં લવાજમો અમને મળી ચૂક્યાં છે તેમને આ બોજ તાત્કાલીક ઉઠાવવાનો નથી જ, અને માર્ચ ૧૯૯૩ સુધી વાર્ષિક લવાજમ તરીકે રૂ. ૭૫ પણ અમે સ્વીકારીશું, પરંતુ તે પછી નવા દરનું લવાજમ લેવાશે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'ના ચાહકો આ વધારો સ્વીકારી લઈને 'કુમાર'ને વધુ પગભર બનવામાં સહાયક બની રહેશે.

સ્ટાફની ખેંચ, કામના બોજ તથા ખર્ચની દષ્ટિએ કરકસરના એક અનિવાર્ય પગલા રૂપે આપનું લવાજમ પૂરું થયું હોવાની જાણ કરનો અલગ યાદીપત્ર મોકલવાનું પણ અમે બંધ કરવા વિચાર્યું છે. હવે પછી 'કુમાર'ની કોથળી ઉપર આપના ગ્રાહક નંબરને કુંડાળું કરેલું હોય તો તે અંક સાથે આપનું લવાજમ પૂરું થાય છે તેનું સૂચન સમજવું. આ નવી રસમનો અમલ આ પછીના અંકથી અમલી બનશે, એટલે આપને મળતા 'કુમાર'ની કોથળી ઉપર જોતા રહેવા વિનંતી છે.

આપનો ગ્રાહક - નંબર પણ નોંધી રાખશો. 'કુમાર' અંગેના પત્રવ્યવહાર વખતે આપના પૂરા નામ સાથે તે દર્શાવવો જરૂરી છે. અન્યથા સૂચના કે ફરિયાદનો નિકાલ કરવામાં વિલંબ થવો શક્ય છે. આ જ રીતે અંક ન મળ્યાની ફરિયાદોમાં અમારી પાસે અંક સિલકમાં હોય ત્યારે તો રૂપિયા બેનું વધારાનું પોસ્ટેજ ભોગવી લઈને પણ અમે બીજો અંક મોકલીએ છીએ, જો કે બીજો અંક મોકલવો તે અમારે માટે બંધનકર્તા નથી. ઘણીવાર બે - ત્રણ માસ પહેલાંના અંકની માગણીને પહોંચવું શક્ય નથી બનતું. કારણ, અંકો મર્યાદિત સંખ્યામાં જ છપાય છે.

અને ખાસ વિનંતિ કે લવાજમ મોકલતી વેળા આપનું પૂરું નામ, સરનામું અને ગામનો પિનકોડ નંબર વગેરે અંગ્રેજીમાં હોય તો કેપિટલ અક્ષરે અને ગુજરાતીમાં હોય તો છૂટા સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવો. મનીઑર્ડરના ફોર્મમાં નીચેની સ્લિપની પાછળ આપનું નામ-સરનામું અવશ્ય અને સ્પષ્ટ લખવું અને રબર સ્ટૅમ્પ પણ વાંચી શકાય તેટલો સ્પષ્ટ હોય એ જોવું પણ જરૂરી છે. □

અંગ્રેજી સાહિત્યનું આચમન

સ્મોલેટ અને સ્ટર્ન

ડૉ. મધુસૂદન પારેખ

રિચાર્ડસને પત્રરૂપે નવલકથા-લેખનનો આરંભ કર્યો અને ઊર્મિસભર નવલકથા આપી. એ પત્રાત્મક નવલકથાનો શિરસ્તો ફીલ્ડિંગમાં ચાલુ રહ્યો અને સ્મોલેટમાં પણ તે ચાલુ રહેતો દેખાય છે. ફીલ્ડિંગે નવલકથામાં વાસ્તવ પર ઝોક આપ્યો. સ્મોલેટે એની નવલકથામાં વાસ્તવનું નવું રૂપ, વાસ્તવનો નવો પ્રદેશ ઉઘાડી આપ્યો.

ટોબાયસ સ્મોલેટ (Tobias Smollett - 1721-1771)

ટોબાયસ સ્મોલેટનો જન્મ સ્કોટલૅન્ડમાં. એના દાદા જેમ્સ સ્મોલેટની મમતાભરી દેખભાળ હેઠળ તે દાક્તરી વિદ્યા ભણ્યો. દાદાના અવસાન પછી નસીબ અજમાવવા તે લંડન આવ્યો. (૧૭૩૯). આજીવિકા માટે તેણે કલમ અજમાવી અને 'ધ રેજિસાઈડ' (The Regicide -રાજહત્યા) નામની ટ્રેજેડિ લખી (૧૭૩૯);.પણ કોઈએ તે ભજવવાની તૈયારી બતાવી નહિ. તેણે એકાદ-બે કટાક્ષકૃતિઓ રચી તે પણ કોઈનું ધ્યાન ખેંચવામાં સફળ નીવડી નહિ. છેવટે તેણે યુદ્ધજહાજ પર દાક્તર તરીકેની કામગીરી લીધી. આ નોકરી દરમ્યાન તેને ઘણા ભયાનક, ઘૃણાસ્પદ અનુભવો થયા, કેટલાય જખમો તેણે વેઠ્યા. એ વ્યવસાયને પડતો મેલીને તે લંડન પાછો આવ્યો. ફરી વાર કલમ અજમાવી અને પહેલી નવલકથા 'ધી એડવેન્ચર્સ ઑફ રોડરિક રેન્ડમ' (The Adventures of Roderic Random - ૧૭૪૮) પ્રકાશિત કરી. એમાં એને પોતાના જીવનની દિશા મળી ગઈ. સ્મોલેટ દુઃખિયારો, દુભાયેલો, જખમી જીવ; આરંભમાં કલમની તેમજ નોકરીની નિષ્ફળતાએ તેના અહમ્ પર ઠીક ઠીક ઘા કર્યા. એને કોઈ પેટ્રન (Patron) આશ્રયદાતા મળ્યો નહિ; જનતાએ પણ તેની કૃતિઓને અપનાવી નહિ. આમ, હડધૂત થયેલા સ્મોલેટે એની નવલકથામાં સહુ કોઈની - અરે આખી માનવજાતની - સામે ભયંકર આક્રોશ પ્રકટ કર્યો છે. એની નવલકથામાં હિંસા, કટાક્ષ, લૂંટફાટની તો નરી હારમાળા છે. 'રોડરિક રેન્ડમ'માં તેણે પોતાના પૂર્વજીવનના કપરામાં કપરા અનુભવો ઠાલવ્યા છે. એક રીતે એ નવલકથા આત્મકથનાત્મક જ છે. હૃદયમાં એણે જે કટ્ટર રાગદ્વેષ અને ઝનૂન (સર્વ કોઈ સાથે) સંચિત કર્યાં હતાં તેમાંથી તેના કઠોર કટાક્ષ ઉદ્‌ભવ્યા છે. રોડરિક રેન્ડમ એક રખડુ નાયકની કથા (Picaresque Romance) છે. એમાં ઘટનાઓ જ ઘટનાઓ છે, અને એ ઘટનાઓને સાંકળનાર નાયક રોડરિક છે. વાચકો ત્રાસી જાય, એવી દરિયાઈ જીવનની, ખલાસીઓના જીવનની ઘટનાઓ તેમાં છે. એમાં અશિષ્ટતાનો પણ તેણે છેદ રાખ્યો નથી. ખલાસીઓની ઠઠ્ઠામજાકવૃત્તિ નરવી નથી. અલબત્ત, અન્ય પ્રસંગોમાં પણ હાસ્યનો ઉજાસ છે; કટાક્ષનાં તીર પણ છે.

નવલકથામાં નવીનતા માત્ર એટલી છે કે દરિયાઈ જીવન વિશેની ઘટનાઓ વાસ્તવનો સીધો સ્પર્શ કરાવે છે. સ્મોલેટના પ્રત્યક્ષ અનુભવમાંથી એ સર્વ સીધી ઊતરી આવી છે. નવલકથામાં ઘટનાઓનું સંકલન નથી; પણ ખલાસીઓની પાત્રચિત્રણામાં - જેમ કે ટૉમ બોલિંગ (Tom Bowling)તેની કળા ખીલી ઊઠી છે. રોડરિકના રઝળપાટ નિમિત્તે પોતાના જમાનાનાં સામાજિક દૂષણોને ઝાટકવાની તેને તક મળી છે. અલબત્ત, ફીલ્ડિંગમાં મળે છે તેવું વિશાળ વ્યાપનું સામાજિક ચિત્ર સ્મોલેટમાં મળતું નથી.

'રોડરિક રેન્ડમ'ની નવલકથાને પ્રેરનાર કૃતિ સ્પેનની 'જિલ બ્લાસ' (Gil Blas) છે.

સ્મોલેટની બીજી નવલકથા 'ધી એડવેન્ચર્સ ઑફ પેરગ્રાઈન પિકલ' (The Adventures of Peregrine Pickle - ૧૭૫૧) એક સુદીર્ઘ અને ત્રીજા પુરુષમાં કહેવાયેલી અસંબદ્ધ, અપ્રસ્તુત ઘટનાઓથી સભર કથા છે : અગાઉની કથામાં છે તેમ અહીં પણ હિંસા, હીચકારાપણું, દુષ્ટતાની કમી નથી. અને કથાનાયક પ્રત્યે તો ઘૃણા જ થાય છે. એનામાં પાશવી હિંમત સિવાય બીજો કોઈએ ગુણ (જો પાશવી હિંમત એ ગુણ હોય તો) જણાતો નથી.

નવલકામાં રાહતરૂપ જો હોય તો કોમોડોર ટ્રુનિયન (Commodore Trunnion) અને જેક હેચવે (Jach Hatchway)નાં હાસ્ય નિષ્પન્ન કરતાં પાત્રો છે. 'રોડરિક રેન્ડમ'માં ટૉમ બોલિંગનું એવા પ્રકારનું પાત્ર અહીં યાદ આવે. આ પાત્રો જોન્સનના (Jonson) હાસ્યરસનો ખ્યાલ આપનારાં નમૂનારૂપ છે.

સ્મોલેટની ત્રીજી નવલકથામાં 'ધી એડવેન્ચર્સ ઑફ ફર્ડિનન્ડ, કાઉન્ટ ફૅધમ' (The Adventures of Ferdinand, Count Fathom - ૧૭૫૩) અગાઉની બે નવલકથાઓ કરતાં કંઈક ગાંભીર્ય વરતાય છે. એમાં કથાનાયક કાઉન્ટ ફૅધમ વાચકને ફીલ્ડિંગના જોનાથન વાઈલ્ડનું સ્મરણ કરાવે તેવો બદમાશ છે. આ નવલકથાને બહુ નબળો પ્રતિસાદ મળ્યો એટલે સ્મોલેટ થોડાક સમય માટે સાહિત્યના બીજા ક્ષેત્ર તરફ વળી ગયો. તેણે સર્વાન્ટિસ ((Cervantes)ના 'ડૉન કિહોટે' (Don Quixote)નો અનુવાદ કર્યો - ૧૭૫૫; ક્રીટિકલ રિવ્યૂ ((Critical Review) નામનું વર્તમાન પત્ર શરૂ કર્યું. એમાં કોઈની બદનક્ષીને કારણે તેને જેલ ભોગવવી પડી. જેલમાં બેઘડી મોજ માટે તેણે સર્વાન્ટિસના અનુકરણમાં 'ધી એડવેન્ચર્સ ઑફ લેન્સેલોટ ગ્રીવ્ઝ' (The Adventures of Lancelot Greaves - ૧૭૬૧) નવલકથા લખી. તેમાં અત્યુક્તિભર્યા, અપ્રતિકારક પ્રસંગો-કટાક્ષો છે. એ કૃતિ સરિયામ નિષ્ફળ છે.

એ પછી તેણે જુલિયસ સીઝરથી (Julius Caesar)થી માંડીને ઇ. ૧૭૪૮ સુધીનો ઇન્ગલન્ડનો ઈતિહાસ પ્રકટ કર્યો - ૧૭૬૫; ફ્રાન્સ અને

ઇટાલીના પ્રવાસનું પુસ્તક પ્રકટ કર્યું - ૧૭૬૬. સ્મોલેટની અંતિમ નવલકથા 'એક્સ્પીડિશન ઑફ હમ્ફે ક્લિન્કર' (Expedition of Humphrey Clinker - ૧૭૭૧) એના જીવનના અંતિમ દિવસોમાં લખાઈ. આ નવલકથા તેણે પત્રરૂપે રજૂ કરી છે. આ નવલકથાનું શીર્ષક ખરું જોતાં 'એક્સ્પીડિશન ઑફ મેથ્યુ બ્રેમ્બલ' યોગ્ય ગણાય; કારણ સમગ્ર કથા મેથ્યુ બ્રેમ્બલના પ્રવાસની અથવા રખડપટ્ટીની છે અને એમાં હમ્ફે ક્લિન્કર કોચવાન તરીકે તેમની સાથે જોડાય છે.

સ્મોલેટની આ નવલકથામાં હિંસક ઘટનાઓ, ક્રૂરતા, આક્રોશ, અશિષ્ટતા વગેરે નહિવત્ છે. એક મઝાના કટાક્ષરૂપ આ માણવા જેવી નવલકથા છે. અહીં પહેલીવાર અને છેલ્લીવાર સ્મોલેટનું માનવ પ્રત્યેનું કૂણું વલણ દેખાય છે. ચરિત્રવિકાસમાં પણ તેણે વિશેષ શ્રમ લીધો છે.

સ્મોલેટને રિચાર્ડસન કે ફીલ્ડિંગની કક્ષાનો નવલકથાકાર ગણી શકાય નહિ; તેમ છતાં તેનું રાગદ્વેષથી ખળભળતું વ્યક્તિત્વ એની કૃતિઓમાં પ્રકંપ (Terror) પેદા કરે છે. આ એની વિશેષતા છે. તેનાં ટૉમ બોલિંગ તેમજ કોમોડોર ટ્રુનિયન જેવા વાચકોને ગમી જાય તેવાં હાસ્યરસિક પાત્રો ડિકન્સનાં આ પ્રકારનાં પાત્રો માટેની ભૂમિકા રૂપ ગણાય.

લૉરેન્સ સ્ટર્ન (Laurence Sterne - ૧૭૧૩ - ૧૭૬૮)

ઇ. ૧૭૧૩માં આર્યલેન્ડના ક્લોનમેલ (Clonmel) પરગણામાં લોરેન્સ સ્ટર્નનો જન્મ. એનો પિતા રોજર સ્ટર્ન ગરીબી વેઠતો એક લેફ્ટેનન્ટ હતો. એના બચપણના દિવસો યૉર્ક, ડબ્લિન, લિપરપુલ પ્લીમાઉથ વગેરે સ્થળે વીત્યા. કેમ્બ્રિજમાં તેણે પોતાની ડિગ્રી પ્રાપ્ત કરી અને પાદરી તરીકેનો વ્યવસાય તેણે સ્વીકાર્યો, આ અંગેનાં તેનાં પ્રમાણપત્રો પૂરતાં ન હતાં અને એનામાં પાદરીમાં આવશ્યક એવી ધર્મોપદેશની છટા પણ નહોતી. કહેવાય છે કે એ ધર્મોપદેશ આપવા માટે ઊભો થતો એટલે શ્રોતાઓ ધીમે ધીમે સભાખંડમાંથી વિદાય થવા માંડતા. એનો અવાજ અને એની અભિવ્યક્તિ અસરકારક નહોતાં. પાદરીપણું એને સદ્યું નહિ, પણ વાચનનો એ ભારે રસિયો હતો અને રાબેલાયસ (Rabelais), બર્ટન (Burton), લોક (Locke), સર્વાન્ટિસ (Cervantes) વગેરેનાં પુસ્તકોનો પ્રભાવ તેણે ઠીક ઠીક ઝીલ્યો હતો. લોક (Locke)નું તત્ત્વજ્ઞાન તેણે બરાબર પચાવ્યું હતું. લેખક તરીકેની કારકિર્દીના આરંભમાં તેણે થોડીક ફાલતુ રચનાઓ પ્રકટ કરી હતી; પરંતુ નવલકથાની કળા તેને ફળી અને પહેલી જ સુદીર્ઘ નવલકથાએ તેને સર્જકોમાં ઉચ્ચસ્થાનનો અધિકારી બનાવી દીધો.

ટ્રિસ્ટ્રામ શેન્ડિ (Tristram Shandy - ૧૭૫૯ થી ૧૭૬૭)

લૉરેન્સ સ્ટર્નની ટ્રિસ્ટ્રામ શેન્ડિ, નવ ખંડમાં પથરાયેલી એક અ-પૂર્વ અને કદાચ અદ્વિતીય નવલકથા છે. સામગ્રી, સ્વરૂપ અને શૈલી એ સર્વ બાબતમાં તેની નવીનતાએ ભલભલા વાચકો-વિવેચકોને મૂંઝવ્યા છે અને રીઝવ્યા પણ છે. રિચાર્ડસનની લાગણીશીલતા, ફીલ્ડિંગનું હાસ્ય, સ્મોલેટની જીવંતતા એ સર્વ તો સ્ટર્નની નવલકથામાં છે જ, પરંતુ એ બધાં કરતાં કઈક વિશેષ તેણે સિદ્ધ કર્યું છે. સામગ્રી અને શૈલીની બાબતમાં તે રાબેલાયસ (Rabelais) રૉબર્ટ બર્ટન (Robert Burton)નો તે ભલે ઋણી છે. પરંતુ સામગ્રીને તેણે જે ઘાટ આપ્યો છે, જે નવું સ્વરૂપ ઉપજાવ્યું છે, અવનવી,

લઘુકથા — **ભાઈબીજ**

— **દુર્ગેશ ઓઝા**

મનનનો ગુસ્સો અને આશ્ચર્ય બંને ઝડપથી વધતાં જતાં હતાં. કદી ઊંચા સાદે ન બોલનારી, હંમેશાં પ્રેમાળ શબ્દોથી પોતાને ભીંજવી દેતી સુકૃતિ આજે ન કહેવાના શબ્દો કહી રહી હતી, અને તે પણ આજે ભાઈબીજના સપરમા દહાડે ભાઈ પોતાને ત્યાં આવ્યો છે ત્યારે ! કદાચ એકાંતમાં આ વર્તન મનન સહન કરી શકત, પણ આ તો સાસરિયાંની હાજરીમાં જ સુકૃતિ અણધાર્યા શબ્દોથી ભાઈને નવાજી ઊઠી - માત્ર સહેજ મોડા આવવાની એક નાનકડી ભૂલને કારણે !

'તારામાં કંઈ અક્કલ નથી. સમયસર ન આવવાનાં બધાં બહાનાં છે. તું બેદરકાર અને આળસુ થઈ ગયો છે' - ગુસ્સાપ્રેરક આવાં વાક્યોથી મનન ડઘાઈ ગયો. એનો હાથ ગુસ્સામાં ઊંચે ઊઠ્યો. એક સણસણતો તમાચો બહેન સુકૃતિના ગાલ પર પડ્યો.

બહેનની આંખોમાંથી આંસુ સરી રહ્યાં. તે લાગણીસભર સ્વરે બોલી. 'અરે જુઓ, જુઓ; મારા ભાઈનો હાથ ઊંચો થઈ શક્યો. હવે પૅરેલીસીસ ગયો જ સમજો.'

અને મનન બધું પામી જઈ નાની બહેનને ભેટી પડયો ! આ એમની અનોખી ભાઈબીજ બની રહી ! □

વિલક્ષણ શૈલી અપનાવી છે, તે સર્વમાં સ્ટર્નની મૌલિકતા છે. સર્વાન્ટિસ અને સ્વિફ્ટ પાસેથી પ્રાપ્ત કરેલા મૂડીને પણ તેણે અનેકગણી વધારી છે.

જહોન લોક (John Locke) તો તેનો પ્રિય તત્ત્વચિંતક હતો. તેની ફિલસૂફીને તેણે આ નવલકથામાં જે કૃતિનું મૂળ શીર્ષક 'ધ લાઈફ ઍન્ડ ઓપિનીઅન્સ ઑફ ટ્રિસ્ટ્રામ શેન્ડિ, જેન્ટલમૅન' (The Life and Opinions of Tristram Shandy, Gentleman) છે. વિવેચકોએ આ નવલકથાને કદી ન લખાઈ હોય તેની વિસ્મયકારક કૃતિ તરીકે ઓળખાવી છે. અહીં સ્ટર્નની હાસ્યવૃત્તિ અને લાગણીમમતાનો અનોખો વિનિયોગ થયો દેખાય છે. કૃતિમાંનું હાસ્ય અમુક અંશે સામગ્રીના વૈચિત્ર્ય અને કથનપદ્ધતિમાંથી ઉદ્ભવે છે. આકસ્મિક ઘટનાઓ પ્રત્યેનો સ્ટર્નનો આહ્લાદ લગભગ દરેક પૃષ્ઠ પર વિસ્મયનો અનુભવ કરાવે છે. સ્મૃતિ અને તીવ્ર સંવેદનશીલતાનો સુયોગ સાધતી આ અંગ્રેજી સાહિત્યની પહેલી અને સાચી માનસશાસ્ત્રીય નવલકથા તરીકે બિરદાવાઈ છે. કથાનું સમગ્ર આયોજન લેખકની તરંગલીલા પર આધારિત છે. નવલકથામાં ચિત્રાંકન, આડી લીટીઓ (Dash), ફૂદડીઓ, અક્ષરોના મુદ્રણમાં અનોખી વિવિધતા, સફેદ, કાળાં અને અવનવાં પૃષ્ઠો, પ્રકરણની આશ્ચર્યજનક યોજના (અમુક પ્રકરણ લાંબાં અને અમુક એકાદ જ લીટીનાં) અને અવારનવાર કથાપ્રવાહ દરમ્યાન ટપકાં, ટપકાં, ટપકાં (Dots) આ બધો બાહ્ય પરિવેશ અને તે સાથે વિચિત્ર કથાનક આ નવલકથાને અદ્ભુત આકાર અર્પી રહે છે. એનો કંઈક વિગતે પરિચય કરવો યોગ્ય લેખાશે. (ક્રમશઃ)

અતિતમાં અવગાહન

મોટાં વિશેષણો

એમનાથી ખરેખર ચેતવા જેવું છે

માલતી જોષી

આજકાલ થતાં કોમી હુલ્લડો કેવી રીતે બંધ કરવા એ વિષે ઘણા લોકો અનેક પ્રકારના રસ્તા બતાવે છે. એક વખત કોઈકે સૂચવ્યું કે જેમને પોતાના પ્રાણની જરા યે પરવા ન હોય એવા ચુનંદા લોકોનું એક સ્વયંસેવક દળ ઊભું કરવું, ને જ્યાં જ્યાં હુલ્લડ થાય ત્યાં ત્યાં બંને ધર્મના લોકો વચ્ચે જઈ આ સ્વયંસેવકોએ હુલ્લડ બંધ પાડવાના તથા લોકોના જાન બચાવવાના પ્રયત્નો કરવા. આ વિચાર મેં મારા એક મિત્રને કહેતાં એણે એકદમ પૂછ્યું, 'આ સ્વયંસેવક દળ શા માટે સ્થાપવાનું ? લોકોના જીવ બચાવવાની ખાતર જ ને ?'

મેં કહ્યું, 'હા'. ત્યારે ભાર દઈને એ બોલ્યો, 'એ લોકો બીજાના જાન જરા યે બચાવી શકવાના નથી.' મેં પૂછ્યું કેમ ?' તેણે કહ્યું 'પોતાના પ્રાણની કિંમત તો જાણવી જોઈએ ને ? ભલે પોતાનો જ હોય, પણ જેમને 'પ્રાણ' એ ચીજ આટલી નજીવી લાગે છે, તે બીજાના પ્રાણ બચાવવાની કોશિશ કેટલા મનથી કરવાના હતા ?'

એના જવાબથી પહેલાં તો હું જરા ગોટાળામાં પડી ગયો. પોતાના જાન કુરબાન કરવા તૈયાર થયેલા શૂરવીરોને એ બીજા લોકોનું સંરક્ષણ કરવા માટે નાલાયક લેખતો હતો, એ મને બરોબર લાગ્યું નહિ. પણ થોડો ઊંડો વિચાર કરતા એના કહેવામાં ઘણો અર્થ છે એવું મને લાગવા માંડ્યું. પહેલે ઝપાટે આપણી આંખો આંજી નાખનારી અનેક વસ્તુઓનો આપણે જ્યારે શાન્તિથી વિચાર કરીએ છીએ ત્યારે તેમાંની લગભગ મોટા ભાગની વસ્તુઓ કેવળ નિરુપયોગી જ નહિ, પણ ઊલટી અપકારક પણ હોવાનું જણાઈ આવે છે. 'પોતાના પ્રાણ નિછાવર કરવા' એ શબ્દપ્રયોગ સાંભળી આપણું અંતઃકરણ મલકી ઊઠે છે, પણ મારા ઉપર્યુક્ત મિત્ર જેવા કોઈ વાસ્તવવાદી કાન પકડીને આપણને જ્યારે ઠેકાણે લાવે છે ત્યારે જ આપણને વસ્તુસ્થિતિનો ખરો ખ્યાલ આવે છે. પોતાના જીવની પરવા ન કરનારો માણસ બીજાના જાન બચાવવાનું તો દૂર રહ્યું, પણ કોઈકવાર બીજાનો જાન બેશકપણે લઈ પણ લે; કારણ કે 'જાન'ની એને કંઈ જ કિંમત હોતી નથી !

આ જ પ્રમાણે એક વાર હુ 'અસામાન્ય બુદ્ધિ' એવા શબ્દોથી પણ એમ જ અંજાઈ જતો. પણ નિશાળમાં હતો એ દરમિયાન જ એક વાર 'નહિ જોઈએ આવી અસામાન્ય બુદ્ધિ, -'સામાન્ય જ સારી' એવું કહેવાનો પ્રસંગ આવ્યો ! અમારી સ્કૂલમાં એક વખત ગણિતના નવા માસ્તર આવ્યા. એક અસામાન્ય બુદ્ધિના ગણિતશાસ્ત્રી હોવાની એમની ખ્યાતિ અમે સાંભળી હતી, એટલે એમની પાસેથી અમને ઘણું ઘણું શીખવાનું મળશે એ વિચારે અમે ખુશ હતા. માસ્તર વર્ગમાં આવ્યા ને ગણિતના અત્યંત માથાફોડિયા પ્રશ્નો તથા ભૂમિતિના અઘરાઅઘરા દાખલા પાટિયા ઉપર એક પછી એક ઝપાટાબંધ કરી બતાવી તે આગળ વધવા લાગ્યા. વચ્ચે અમારામાંથી કોઈ કંઈ મુશ્કેલી પૂછે, તો 'આટલી સાદી વસ્તુ તમને નથી સમજાતી ?' એમ કહી અમારા ઉપર એ ઘાંટા પાડવા લાગ્યા !

અને એમની વાત પણ બરાબર હતી. એમની 'અસામાન્ય' બુદ્ધિને અમારા પ્રશ્નો તદ્દન સાદા લાગતા હતા. આટલી સાદી વસ્તુ યે ન સમજી શકનારા માણસો જગતમાં હશે એનો એમને બિચારાને ખ્યાલ જ નહોતો. પણ આ પરથી અમને હવે એમના કરતાં અમારા અગાઉના 'સામાન્ય' બુદ્ધિવાળા માસ્તર સારા લાગવા માંડ્યા. સર્વ સામાન્ય માણસોને કઈ કઈ મુશ્કેલી નડે એમનો એમને પોતાના અનુભવ પરથી પૂરો ખ્યાલ હતો; અને અમને જણાતી કોઈ પણ મુશ્કેલી એ અમને ફરી ફરી ધીરજથી સમજાવતા.

એવી જ રીતે આજકાલ મને હવે 'ઉદાર' એ શબ્દની પણ એવી જ બીક લાગવા માંડી છે. ફલાણો ફલાણો પોતાના મિત્રો પાછળ છુટ્ટે હાથે પૈસા ખરચે છે. એવું હું ક્યાંય સાંભળું તો પહેલાં મને એનું કૌતક લાગતું; પણ આજકાલ હવે બીક લાગે છે. આવા ઘણા ઉદાર લોકો મેં જોયાં છે. અને કેટલાકનો તો અનુભવ પણ થયો છે. પોતાના પૈસાની પરવા ન રાખનારે માણસને બીજાના પૈસાની પણ બિલકુલ કદર હોતી નથી. પોતાના પૈસા બેદરકારીથી ઉડાવનારો માણસ બીજાના પૈસા એટલી જ બલકે એનાથી યે વધારે બેદરકારીથી ઉડાવે; અથવા ટૂંકામાં કહીએ તો જેમની પાછળ એ પૈસા ઉડાવે છે તે અ કે બ ભલે એને ઉદાર યા મહોદાર કહીને એની આગળપાછળ ફર્યા કરતા હોય; પણ જેમના પૈસા એ ઉડાવતો હોય છે, એટલે કે જેમને એ બનાવતો હોય છે તે ક, ખ, ગ, ઘ, માણસો તો એને ગાળો જ દેતા હોય છે ! એટલે જ, ફલાણો ફલાણો પોતાના પૈસા બીજા પાસેથી લેણા હોય તો પણ કદી માગતો નથી એવું મને કોઈ કૌતુકથી કહેવા માંડે, તો હું તરત જવાબ આપુ છું કે 'બરાબર છે, એને કદી કોઈનું દેણું આપવાનું હોતું નથી, એટલે એ પોતાના પૈસા માગે શા માટે ?'

પોતાના પૈસા સીધી રીતે માગી લેનારો ઘણુંખરું બીજાના પૈસા સીધી રીતે આપી દેતો હોય છે. ઉદારતાનો ઢોંગ કરી પોતાના પૈસા ન માગનારાએ ઘણું કરીને પોતાની ઉદારતાની મૂડી વ્યાજે મૂકેલી હોય છે. અને વ્યાજ સાથે તે પાછી આવશે એવી એ અપેક્ષા કરતો હોય છે. કોઈ એક કંપનીના બે ભાગીદારોની વાત હું જાણું છું. એમાંનો એક ઘણો હિસાબી વૃત્તિવાળો અને બીજો હાથનો છુટ્ટો, એમ જાણીતા હતા. નોકરોને જે છુટ્ટે હાથે બક્ષિસ આપતો તેના પર નોકરચાકર બેહદ ખુશ હતા ને બીજાને એ કંજૂસ કહેતા. આગળ જતાં ધંધો બેસી ગયો અને કંપની બંધ પડવાનો વખત આવ્યો. એ વખતે નોકરો જ્યારે ચડી ગયેલા પગાર માગવા આવ્યા, ત્યારે પેલો ઉદાર હૃદયી ભાગીદાર સાત્ત્વિક ગુસ્સાથી એમના પર તાડુક્યો, 'આટલો વખત મારા પૈસાનો છૂટથી લાભ લીધો હતો, અને હવે પગાર માટે બેસી રહ્યા છો ? શરમ નથી આવતી ?' બીજો ભાગીદાર શાંતિથી ઘેર ગયો, અને બૈરીનાં ઘરેણાં વેચી નાખી એણે નોકરોના પગાર ચૂકતે કર્યા.

સ્વાર્થ ત્યાગ કરવો હોય તો પણ ભલે ને 'ત્યાગ' કરવાને માટે પણ 'સ્વાર્થ' તો જોઈએ જ ને ? નહિતર 'ત્યાગ' થાય એકનો અને 'અર્થ' જાય બીજાનો ! જેવી રીતે આજુબાજુ કોઈ ચોર કે ખીસાકાતરુ હોય ત્યારે ચેતવણી આપવામાં આવે છે, તેવી જ રીતે આવા ઉદાર માણસો વિષે હું મારા મિત્રોને હંમેશા કહું છું, 'સાંભળજો હોં, - એ ઉદાર છે !'

('કુમાર' સળંગ અંક ૨૮૭માંથી)


કલાવાર્તા


સ્વ. કલાકાર
મહેન્દ્ર પટેલનાં ચિત્રો



સ્વ. મહેન્દ્ર પટેલ અમદાવાદની સ્કૂલ ઑફ આર્કિટેક્ચરમાં ડ્રૉઈંગ ઍન્ડ પેઈન્ટિંગના વર્ગો લેતા એ સાથે એમણે ચિત્રસર્જનમાં પણ આગવી પ્રગતિ સાધી હતી. ૧૯૬૯માં એમણે ડિપ્લોમા મેળવ્યો એ પહેલાં ૧૯૬૮માં એમણે ગુજરાત રાજ્ય કલા-પ્રદર્શનમાં પારિતોષિક મેળવ્યું હતું. ૧૯૬૯માં મધ્યપ્રદેશમાં કવિ કાલિદાસ સમારોહમાં પણ પારિતોષિક પ્રાપ્ત કરેલું. ૧૯૭૨ અને ૧૯૮૦માં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને પણ એમની કલાને નવાજી હતી. ૧૯૮૦માં જાપાનમાં યોજાએલા કન્ટેમ્પરરી એશિયન આર્ટ શોમાં પણ ભાગ લીધેલો, જ્યાં એમનું 'ટેમ્પ્ટેશન' નામક ચિત્ર પ્રદર્શિત થયું હતું. ૧૯૮૨માં દિલ્હીમાં લલિતકલા અદાકમીએ પણ એમને રાષ્ટ્રિય પુરસ્કાર આપ્યો હતો. આ વર્ષે જાપાનમાં 'સેલૉં દ તોકિયો'માં યોજેએલા આંતરરાષ્ટ્રિય પ્રદર્શનમાં પણ એમની કૃતિ રજૂ થઈ હતી. પરંતુ કમનસીબે આ અરસામાં જ એમનું અવસાન થયું. જાપાનમાં તેની જાણ થતાં ત્યાંના કલાચાહકોએ દુઃખ અને દિલસોજી વ્યક્ત કરવા સાથે એમના પરિવારને મોકલવા માટે ફાળો એકત્ર કરી એમની કલાને બિરદાવી હતી.


અમદાવાદ અને મુંબઈના ગ્રૂપ શોમાં પણ એમની કૃતિઓ પ્રદર્શિત થઈ હતી. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તથા મૉડર્ન આર્ટ ગૅલેરી - દિલ્હીમાં અને કેટલાક ખાનગી સંગ્રહોમાં એમની કૃતિઓ સંઘરાઈ છે.





રાજસ્થાનમાં વનસ્થલીની કલાશાળા... એમણે ફ્રેસ્કો પેઈન્ટિંગનો અભ્યાસ પણ કરેલો. ઑઈલ તેમજ વૉટર કલર્સ, પેસ્ટલ, ગ્રાફિક્સ, પેનસીલ તેમજ શાહી જેવાં વિવિધ ચિત્રમાધ્યમોમાં એમણે આગવી સિદ્ધિ મેળવી હતી. સામાન્યતયા એમની ચિત્રકૃતિઓમાં વિશેષતઃ લીલો રંગ તથા થોરિયાં, મત્સ્યાકારો, દાઢીવાળાં પાત્રો, વૃક્ષડાળમાંથી ફૂટી નીકળતા માનવચહેરા વગેરે જેવાં અર્ધઅમૂર્ત આલેખનોની એક સ્વપ્નસૃષ્ટિ જેવી હવા સરજાતી જોવા મળે છે. ભારતીય લઘુચિત્રોનો પણ એમને અભ્યાસ હતો અને કદાચ એથી એમના આલેખનમાં આકારોની ચોકસાઈ જોવા મળે છે. અહીં એમની કેટલીક કૃતિઓ આપી છે, જે એમની આગવી ચિત્રણાની સાક્ષી પૂરે છે.

બંસીલાલ દલાલ



આ અંકના મુખ ચિત્રના અનુસંધાને

અકબર અને એના વારસ મુઘલ બાદશાહોના સમયમાં હિંદુસ્તાનમાં વિકાસ પામેલી મુઘલ લઘુચિત્રોની કળા એ મૂળ તો જુદી જુદી કલાશૈલીના સંમિશ્રણમાંથી નિપજેલી કલાશૈલી છે. એનો મુખ્ય સ્રોત ઈરાની લઘુચિત્રોમાંથી આવ્યો છે. ઈરાનથી આવેલા ઉસ્તાદ ચિત્રકારોએ અકબરના દરબારી ચિત્રકારોને પ્રથમ તેનો પરિચય કરાવ્યો અને તાલીમ આપી હતી. પણ આ દરબારી ચિત્રકારોમાં મોટા ભાગના તો મૂળ આ દેશના જ હતા અને એમની કળા ઉપર અહીંની કલાપરંપરાનો પ્રભાવ પણ હતો જ. આ ઉપરાંત, અકબરના સમયમાં હિંદુસ્તાનમાં આવેલા યુરોપના જેસ્યૂઈટ મિશનરીઓએ પોતાની સાથે આણેલાં ચિત્રોના અભ્યાસની પણ અસર તેમાં ભળી હતી. આમ મુઘલ ચિત્રશૈલીના વિકાસ અને સિદ્ધિમાં ઓછાવધતા પ્રમાણમાં વિધવિધ કલા-સ્રોતોમાંથી અપનાવેલાં કલાતત્ત્વોના સંમિશ્રણથી મુઘલ શૈલીની આગવી લાક્ષણિકતાઓ પ્રકટ થઈને તેની ચરમ ટોચે પહોંચી હતી. વળી, શાહી શોખ અને ફરમાનથી એ સમયમાં રચાએલા વિવિધ વિષયના ગ્રંથોની સાથે ચીતરાએલાં ચિત્રોમાં વિષયોનું વૈવિધ્ય પણ એવું જ રહ્યું છે. છબી ચિત્રોથી માંડીને રાજદરબાર, શિકાર, યુદ્ધ, કથાપ્રસંગો વગેરેની સાથે પક્ષીપ્રાણી ને પુષ્પોનાં પણ ખાસ ચિત્રો મુઘલ લઘુચિત્રોમાં જોવા મળે છે. વિવિધ પક્ષીપ્રાણીઓને એકબીજા સાથે લડાવીને મેળવાતા મનોરંજનથી પ્રેરણા પામીને પણ અનેક ચિત્રો થયાં છે તેમજ શાસકના શોખને ખાતર પણ ઘણાં પક્ષી-પ્રાણીઓ ચિત્રિત થયાં છે, એટલું જ નહિ, આવાં ચિત્રો એ મુઘલ લઘુચિત્રોની એક લાક્ષણિકતા બની ગયાં છે.

જો કે પ્રાણીઓનાં ચિત્રાલેખન તો છેક આદિકાળમાં માનવી ગુફામાં વસતો થયો ત્યારથી કરતો આવ્યો છે. અલબત્ત, ત્યારે એનો હેતુ માત્ર ચિત્રાલેખનનો નહોતો પણ કદાચ પ્રાણી સ્વરૂપ દેવની કૃપા પામવાનો કે એવો હતો. એ પછી મોહેં જો દરોમાંથી મળેલી કેટલીક મુદ્રાઓમાં તેમજ તે પછી ઈ.સ. પૂર્વે ત્રીજી સદીના મૌર્યકાલીન શિલ્પ અને સિક્કાઓમાં પ્રાણીઓનું આલેખન છે. જહાંગીરે રાશિચિત્રોવાળા સિક્કા પણ પડાવેલા જેમાં મેષ, વૃષભ, મીન વગેરે પ્રાણીઓ અંકિત હતાં. બુદ્ધની જાતકકથાઓમાં પણ પ્રાણીઓના ઉલ્લેખ અને તે પરથી રચાએલી કલાકૃતિઓમાં પ્રાણીઓ જોવા મળે છે. અજંતાનાં ભીંતચિત્રોમાં પણ પ્રાણીઓ જોવા મળે છે, અને તેમાં વૃષભોના દ્વંદ્વનું એક ચિત્ર તો વિખ્યાત છે. અને ત્યાર પછી તો આવાં જુદાં જુદાં પક્ષીપ્રાણીનાં દ્વંદ્વનાં અનેક ચિત્રો થતાં રહ્યાં છે. મુઘલ લઘુચિત્રોમાં તે વિશેષ જોવા મળે છે. આવું જ જહાંગીરના સમયની મુઘલ કલમનું એક ચિત્ર આ અંકના મુખચિત્ર તરીકે આપ્યું છે.

સાહિત્યસંપર્ક

નોબલ પુરસ્કાર વિજેતા વૉલકૉટ



આ વર્ષે સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક વેસ્ટ ઇન્ડીઝના કેરિબીઅન કવિ-નાટ્યકાર ડેરેક વૉલકૉટને પ્રાપ્ત થાય છે. વેસ્ટ ઇન્ડીઝમાં આ બીજું અને સાહિત્યે માટનું પ્રથમ જ પારિતોષિક છે. આ પૂર્વ ૧૯૭૯માં અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક સર ડબ્લ્યુ. આર્થર લૂઈને એનાયત થએલું. આ પારિતોષિકના સમાચાર અમેરિકામાં બૉસ્ટન ખાતે એમને મળ્યા ત્યારે એમના આશ્ચર્યનો પાર નહોતો. તેઓ વેસ્ટ ઇન્ડીઝના ટ્રીનીડાડ ટાપુની ઉત્તરે આવેલા સાવ નાનકડા એવા લુસીઆ ટાપુના વતની છે. એમનામાં ડચ, આફ્રિકન અને અંગ્રેજી એમ ત્રિવિધ સંસ્કારોનો સમન્વય થએલો છે. એમનાં માતા શિક્ષિકા હતા અને બાળપણમાં એમના મુખેથી વૉલકૉટે શેક્સ્પીઅરને સાંભળ્યા હતા, ત્યારથી વૉલકૉટમાં ઊંચા સર્જક થવાનાં બી વવાયાં. અલબત્ત, એનું પ્રતિફલન ઘણું મોડું થયું. ૧૯૩૦માં જન્મેલા આ સર્જકે પોતાની ૧૮ વર્ષની ઉમરે '૨૫ કાવ્યો' નામનો પ્રથમ કાવ્યસંગ્રહ માતા પાસેથી તે વખતે ઘણા જ કહી શકાય તેવા ૨૦૦ ડૉલર લઈને પ્રકટ કર્યો હતો, અને એ નાણાં પાછાં વાળવાં ઘર ઘર ફરીને એમણે કાવ્ય-સંગ્રહ વેચ્યો હતો. ત્યાર પછી તો તેઓ અમેરિકા ગયા. ત્યાં જાણીતા કવિ રૉબર્ટ લૉવેલ સાથે મૈત્રી થતાં ૧૯૬૪માં તેમનો પરિચય જાણીતી પ્રકાશન સંસ્થા ફરાર સ્ટ્રૉસ એન્ડ ગીરોક્સ સાથે થયો અને એક પછી એક પુસ્તકો પ્રકટ થવાં લાગ્યાં. લગભગ ૧૨ જેટલાં એમનાં પુસ્તકો પ્રકટ થયાં છે અને એમાં ૧૫૦ પૃષ્ઠનું લાંબુ કાવ્ય 'અનધર લાઈફ' આત્મકથાત્મક છે, જ્યારે ગ્રીક મહાકવિ હોમરનાં બે મહાકાવ્યો 'ઈલિયડ' અને 'ઑડિસિ'ની શૈલીએ લખાએલું લગભગ ૩૨૩ પૃષ્ઠનું એમનું કાવ્ય 'ઑમેરોસ' નોબેલ પારિતોષિક માટે પસંદ કરાયું છે. પોતાના વતનની સંસ્કૃતિની સુવાસથી એ ભરપૂર છે. બે નાવિકોની આ ભ્રમણકથાના તાણાવાણાની ગૂંથણી ઘણી સંકુલ છે, પણ એટલી કલાતત્ત્વથી સભર અને જીવનમૂલ્યથી સમૃદ્ધ છે. છેલ્લાં આઠેક વર્ષથી વૉલકૉટ અમેરિકામાંના પોતના પ્રિય પ્રદેશ બૉસ્ટનની યુનિવર્સિટીમાં શિક્ષક છે. અલબત્ત, અવારનવાર તે પોતાના વતનની માટી સૂંઘી આવે છે, જેમાંથી એમને સર્જનપ્રેરણા સાંપડે છે અને આથી જ એમની રચનાઓમાં અન્ય પરિવેશ વચ્ચે પણ માતૃભૂમિની સંસ્કારસમૃદ્ધિ અભરે ભરી હોય છે.

સાહિત્યિક સંજ્ઞાઓ

દિગીશ મહેતા

Wit (વિટ્ : નર્મ)

જરા ઉપરછલી રીતે જોઈએ તો અંગ્રેજી શબ્દ 'વિટ્' સહજ સમજાય એવો છે. આ શબ્દ પરથી જ 'વિટિ' (Witty) શબ્દ આવ્યો છે, જેનો અર્થ નર્મ મર્મનો શોખીન રમૂજ, મજાકભર્યો, કંઈક રીતે ટોળટીખળ તરફ ઢળેલો કે ઢળેલું એવો થાય. પછી એવો રમૂજી 'રિમાર્ક' હોય એટલે કે ઉદ્‌ગાર હોય, કે એવું 'વિટિ' સંભાષણ હોય કે કોઈ 'વિટિ' માણસ હોય. આમ, 'જોક' એટલે કે હાસ્યપ્રદ કિસ્સો, એની નજીક જતી આ સંજ્ઞા છે અને એ રીતે 'હ્યુમર', 'આયરની', 'સટાયર' એ સંજ્ઞા-સંકુલમાંની એક છે, જે બધામાં નર્મમર્મની કોઈક છટા સંડોવાયલી હોય છે.

પણ સામાન્ય વ્યવહારમાં વપરાતો આ શબ્દ સાહિત્યિક સંદર્ભમાં એક અગત્યની વિવેચનાત્મક વિભાવના બની રહે છે. સાહિત્યિક કૃતિમાં જ્યારે આવા નર્મમર્મ, એટલે કે 'વિટ્'નો સંસ્પર્શ હોય ત્યારે તેવી કૃતિ વિશિષ્ટ રીતે આસ્વાદપ્રેરક બની રહે છે. એવી કૃતિ સર્જક, વાચક, વિવેચક એમ બધા પાસે અમુક ચોક્કસ વિલક્ષણ પ્રતિભાવ માગી લે છે. સામાન્યતયા આ પ્રતિભાવ લાગણી નહીં, પણ બુદ્ધિપ્રધાન હોવાનો. તેમાં હાસ્ય નિષ્પન્ન થવાનું, કેમકે કોઈને કોઈ રીતે 'વિટ્' એ 'જોક' મજાક, ઠઠ્ઠા સાથે જોડાયેલું રહેવાનું પણ હાસ્ય પોતે એક પ્રતિભાવ તરીકે સારું એવું વિવિધ અને સાથે સંકુલ એવું આવિષ્કરણ છે. હસવું, કોઈ પણ વાત કે ઘટના કે કથન પર હસવું, એ આમ સહજ છે અને આમ બીજી રીતે જોઈએ તો તે જરા પણ સહજ નથી. વાસ્તવમાં એ બહુ અ-સામાન્ય સંવેદનતંત્ર, વિચારતંત્ર, પ્રતિભાવ પ્રકાર માગી લે છે. એમાં ય માર્મિક હસવું, જે 'વિટ્'નું લક્ષણ છે, તે તો એક ખાસ એવી પ્રકૃતિ એવું દર્શન માગી લે છે.

વીસમી સદીમાં 'વિટ્'ને અગ્રિમ સ્થાન અપાવનાર વિવેચકોમાં ટી.એસ. એલિયટનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. આ સદીના બીજા દાયકા દરમિયાન જ્યારે તે 'પ્રુફ્રોક' કે 'ધ વેસ્ટ લૅન્ડ' જેવી તેમની કૃતિઓ રચતા હતા તે સમયે, તે સાથે, પોતાના વિવેચન લેખોમાં આ 'વિટ્' તરીકે ઓળખાતી સાહિત્યિક છટાને સમજવા, સમજાવવામાં ખાસ જ પ્રવૃત્ત હતા. તેમણે આ 'વિટ્' એટલે કે વિશિષ્ટ રીતે મર્માળી અભિવ્યક્તિનો મુખ્ય રણકો વળી તેમના પુરોગામી, સત્તરમી સદીના ડન અને માર્વેલ જેવા અંગ્રેજી કવિઓમાં જોયો હતો. આમ મર્માળી રીતે અનુભવને જોવો, સહવો, નિરૂપવો, કંઈક હળવાશથી પણ સંવેદનશીલતાથી ઉત્કટતાથી - એ જહોન ડન જેવા અંગ્રેજી કવિની કલાની ચરમ શિખા હોળવાનું તેમણે એક સહૃદય તરીકે અનુભવ્યું હતું. જહોન ડન કે એન્ડ્ર્યુ માર્વેલ જેવો કવિ જો હસતાં, રમતાં પ્રેમ કે મૃત્યુ જેવી આખરી વાતોને જીવી, જીરવી, જાણી, નિરૂપી શકે તો કવિના કસબનું રહસ્ય શું ? એલિયટના એક વિખ્યાત કથન પ્રમાણે સત્તરમી સદીના એ કવિઓ આમ જો તટસ્થ, નિરપેક્ષ, સમતોલ રહી જીવનના અનુભવોની ભીષણતા, સંકુલતા, વિપુલતાને ઝીલી શકે છે, તેનું કારણ છે તેમની સુગ્રથિત સંવેદના, તે રીતનું તેમનું સંવેદનતંત્ર. સત્તરમી સદી પછી કંઈક એવું બની ગયું કે એ સુગ્રથિત સંવેદનતંત્ર તૂટી ગયું અને એ સાથે સાહિત્યમાંથી પેલી 'વિટ્' તરીકે ઓળખાતી છટાએ વિદાય લીધી. આમ, 'વિટ્' એ માત્ર સાહિત્યિક કે વિવેચનને લગતી સંજ્ઞા મટી

જઈ ખુદ સંસ્કૃતિ એટલે કે સિવિલાઈઝેશનનો પર્યાય બની રહી.

અંગ્રેજી સંદર્ભમાં આમ 'વિટ્' શબ્દના વ્યાપક અર્થવલયો છે. 'વિટ્'ના પર્યાયરૂપ નર્મ મર્મ કે રમૂજવૃત્તિ, કે વિનોદ કે, ટોળટપ્પા જેવા અભિવ્યક્તિ-વિશેષનું ભારતીય કે ગુજરાતી ભાષા કે સાહિત્યસંદર્ભમાં એવું કોઈ મહત્ત્વ જોવા મળતું નથી. આ એક સંસ્કૃતિમાં પડેલો ભેદ છે. ભારતીય કે એશિયાઈ સંસ્કૃતિ સંદર્ભો હજી હવે ધીમેધીમે ખૂલતા આવે છે. કદાચ એ સંદર્ભોમાં નર્મમર્મનું મહત્ત્વ કોઈ અલગ રીતે સ્વીકારાયું હશે, જેનું હજુ એટલું પ્રસ્થાપન થયું નથી. પણ અહીં સુધી આવતાં રસ્તો હવે કલ્ચરના અભ્યાસ તરફ લંબાય છે.

આમ 'વિટ્' એક છેડે સપાટીના સ્તરે વ્યક્ત થાય છે, જ્યાં એ મુખ્યતયા શાબ્દિક છે, અને શબ્દચાપલ્ય, વિશિષ્ટ રીતની શબ્દરમત, શબ્દ-વ્યાપારમાં દેખાય છે. બીજે છેડે 'વિટ્' શબ્દ લગભગ મધ્યકાલીન કહી શકાય તેટલા જૂના સમયોના વાતાવરણમાં ડૂબેલો છે. આ સંદર્ભમાં 'વિટ્' એ માણસમાત્રમાં પડેલી સામાન્ય સમજ, સૂઝ, સૂચવે છે. માણસને મળેલી પંચેન્દ્રીયમાં લાંગરેલી આ સામાન્ય સમજ એ એક મહામૂલી ચીજ છે અને તેને દોરતી પ્રજ્ઞાનો જ એક આવિષ્કાર છે. આ છેડે 'વિટ્' એ ધર્મશાસ્ત્રમાં ચર્ચાના પ્રશ્નોમાં સંડોવાયલો એક પ્રજ્ઞા-વિશેષ છે. માણસને મળેલા અંતઃકરણનો પર્યાય છે, જે એક વિશિષ્ટ ઉક્તિમાં પડઘાય છે. એ ઉક્તિ છે : એગનબાઈટ ઑફ ઇન-વિટ્; એનો સાદો, સીધો અર્થ થાય અંતઃકરણનું સ્ફૂરણ, ઇન-વિટ્નું...

'વિટ્' સંજ્ઞાનો અંગ્રેજી સંદર્ભમાં સત્તરમી સદીના જ્હોન ડન, એન્ડ્રયુ માર્વેલ જેવાની કવિતાના સંદર્ભમાં ખાસ પ્રયોગ કરવામાં આવે છે. એ કવિઓના ધાર્મિક-આધ્યાત્મિક વસ્તુને લીધે તેમને મેટફિઝીકલ કવિઓ અને તેમના વિશિષ્ટ ધ્વનિને મેટફિઝીકલ વિટ્ તરીકે ઓળખાવવામાં આવે છે. ગુજરાતી સંદર્ભમાં જોઈએ તો મીરાં કે અખાનાં કાવ્યો માં પણ આ જ પ્રકારના રણકારને 'વિટ્' તરીકે જોઈ શકાય. □

¤

અવલોકન

પ્રસાદ બ્રહ્મભટ્ટ

ફીણ- મોજાં : હર્ષદ ચંદારાણા (રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ ૩૮૦ ૦૧૫; ૧૯૯૧, ડિમાઈ પૃ. ૧૪૨, મૂલ્ય રૂપિયા પચાસ).

હર્ષદ ચંદારાણાના પ્રથમ કાવ્યસંગ્રહ 'ફીણ-મોજાં' પર ઊંડી નજર નાખનારને પ્રતીતિ થાય છે કે આ પ્રણયમુગ્ધ કવિને જળની પ્રકૃતિની અપાર માયા છે. સંગ્રહની પ્રથમ ચાર કૃતિઓનું શીર્ષક છે. 'નદી-કાંઠે' એક જ વિષય લઈ રચાયેલી આ ચાર ગઝલોમાં કવિએ નદીનાં અનેક રૂપ ઝીલવા મથામણ કરી છે. ત્રીજી ગઝલમાં કવિનો ઉત્કટ જળપ્રેમ આવી રીતે વ્યકત થયો છે :

'હું માગું આવતા જન્મે મળે જળનો મને અવતાર'

નદી-કાંઠે કૂણા હાથે ભર્યા ખોબે પિવાયો છું. (પૃ. ૨૯) પ્રથમ પંક્તિમાં કવિનો જળપ્રેમ જોવા મળે છે, પણ બીજી પંક્તિમાં આવતો 'કૂણા હાથ'નો સંદર્ભ તેમના માનવીય પ્રેમનો સંકેત કરી રહે છે. હર્ષદની કવિતામાં પ્રેમ અને પ્રકૃતિની ઉપસ્થિતિ તો છે, જે ક્યાંક ક્યાંક સહોપસ્થિતિ પણ છે. આ બંને તત્ત્વો કવિના અસ્તિત્વ સાથે એકાકાર થઈ ગયાં છે. સંગ્રહમાં 'નદી-કાંઠે' જેવું જ એક બીજું ચાર કાવ્યોનું ગુચ્છ સાંપડે છે : 'પડદામાં'. આ રચનાઓમાં પ્રણયનું સંગોપિત વિશ્વ પડદાના પ્રતીક દ્વારા કાવ્યાભિવ્યક્તિ પામ્યું છે. જળની વાત કરતાં કવિએ આવતા જન્મમાં જળ બનવાની ઝંખના વ્યક્ત કરી છે એ આપણે ઉપર જોયું. અહીં તો કવિ એક પડદાને ખોલવા માટે બેહિસાબ પડદામાં પેસે છે અને આખરે સ્વયં પડદો જ બની રહે છે :

આખરે હું બની ગયો પડદો
જોઈ તારો નિવાસ પડદામાં (પૃ. ૬૫)

'ફીણ-મોજાં'ની કાવ્યસૃષ્ટિમાં નદી, સરોવર, દરિયો, પર્વત, પુષ્પ, વૃક્ષ, ઝરણનો પરિવેશ છે. પણ એના કેન્દ્રમાં છે કોઈની મીઠી મધુર સ્મૃતિ. સંગ્રહમાં ગીત, અછાંદસ વગેરે રચનાઓ હોવા છતાં આધિક્ય ગઝલનું છે. અને ગઝલનો મૂળ અર્થ તો છે પ્રિયતમ સાથેની વાતચીત. સંગ્રહની અનેક કૃતિઓમાં કવિએ તીવ્રતાપૂર્વક આ વાતચીત કરી છે. કવિને મન પ્રેમનું શું મૂલ્ય છે એ સંગ્રહના આરંભે મૂકેલ એક શે'રમાં વ્યંજિત થઈ જાય છે :

હાથ સરકે છે હાથમાંથી તો
વિશ્વ આખાનું કેન્દ્ર સરકે છે. (પૃ. ૨૬)

વિશ્વની યોજનામાં પ્રેમની મહત્તા પ્રસ્થાપિત કરવા અનેક ગ્રંથો રચાયા છે. પણ હર્ષદે આ નાનકડા શે'રમાં જે સહજ સૂક્ષ્મતાથી તેની બળકટ કલાત્મક અભિવ્યક્તિ સાધી છે એ દાદ માગી લે તેવી છે. કવિને મન પ્રિયતમાની શેરી એ જ છે સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્ર. એનું મૂલ્ય તેને મન યાત્રાધામની શેરી એ જ છે.'તારી શે'રી'ના આરંભિક શે'રમાં જ તે કહે છે.

જાતરા હોય છે તારી શેરી જવું
અન્યથા ચાલવું માત્ર છે થાકવું

'ફીણ-મોજાં'ના આ પ્રણયમગ્ન પ્રેમીને જોતાં મને કાન્તના 'ઉદ્ગાર' કાવ્યનો પ્રેમી યાદ આવી જાય છે. આ પ્રેમીઓને મન પ્રેમ સિવાય બીજા કશાનું મૂલ્ય નથી. તેમને પ્રિયતમાનું સાન્નિધ્ય વસંતનો અહેસાસ કરાવે છે અને પ્રિયવિરહ પાનખરનો સુદૂર વસતી પ્રિયાનો લૉન્ગડિસ્ટન્સ કોલ આવતાં જ અચાનક 'એરકન્ડીશન્ડ રૂમમાં' 'હેલો' કહેતી વસંત પ્રવેશી હોય એવી અનુભૂતિ કરાવી કરી રહે છે. પણ કોલ પૂરો થતાંની સાથે 'ફરીથી પાનખર' અનુભવાય છે. પરંતુ પ્રિયાનું સામીપ્ય સાંપડે છે ત્યારે ? અંધકારમાં કવિ 'રેશમી' ઉત્સવ અનુભવે છે :

એટલે લાગે બધી વસ્તુ સુંવાળી ને સભર
જીવ પાસે ફરફર્યો છે કોઈ પાલવ રેશમી (પૃ. ૭૮)

કવિની (અર્થાત્ કાવ્યનાયકની) પ્રિયતમા માત્ર વાયવ્ય નથી, કવિએ તેને રૂઆબદાર નામ પણ આપ્યું છે - પ્રિન્સેસ. કવિની પ્રિયતમા પ્રિન્સેસથી ઊતરતી થોડી હોય ? પ્રિન્સ અને પ્રિન્સેસ સાથે હોય એવા પ્રસંગોને ઝડપ્યા વિના કેમેરામેન રહેતા હશે ? પણ આ તો કવિ અને તેની પ્રેમિકા છે. તેથી અહીં કેમેરામેન પણ સામાન્ય નથી સ્વયં 'ગુલમહોર' છે. કેમેરામેન ગુલમહોર હોય તો કેમેરા તો ફૂલનો જ હોય ને ?

મારી બાજુમાં તું હો એવા પ્રસંગો ઝડપવા
ફૂલના કેમેરા લઈ નીચા વળે છે ગુલમહોર

આ દૃશ્ય પણ કચકડામાં કંડારવા જેવું જ છે ને ! કવિ સ્વયં કુશળ ફોટોગ્રાફર છે. એ ટાઈટલ તથા સેપરેટર્સનાં કલાત્મક ફોટોગ્રાફ્સ પરથી તો સમજાય છે, કાવ્યોમાં પણ તેમણે અનેક ચિત્રો શબ્દ દ્વારા કંડાર્યાં છે. 'રાજસ્થાન/બે મુલાકાત'માં બે ચિત્રો અંકિત થયાં છે. (૧) ૧૫ માર્ચ, '૮૯ના રોજ ઝડપેલું અને બીજું ૨૫ જુલાઈ '૮૯નું. રાજસ્થાનનાં આ બંને ચિત્રોમાં કવિયિત્રી મીરાંના સંદર્ભો ન આવે તો જ નવાઈ. ઉનાળામાં રાજસ્થાનની મુલાકાત લેનારને સૌથી પહેલી અનુભૂતિ થાય તાપની. એ અનુભૂતિ થતાં કવિને પ્રશ્ન થાય છે :

તાપ -
મીરાંએ દીધેલો શાપ ?

છેલ્લે મૂકેલો પ્રશ્નાર્થ અર્થની વ્યંજનાને વિસરવાનો અવકાશ પૂરો પાડે છે. શુષ્ક પથરીલા રાજસ્થાનમાં યે વૃક્ષો તો લીલાં જ છે, તેથી તેને માટે કવિ કલ્પના કરે છે :

જાણે/તપસ્વીએ ઉગાડેલી/લીલી જટાઓ
કાંસકો ફેરવ્યા વિનાના/ વાળ જેવી (પૃ. ૧૩૨)

રાજસ્થાન યોદ્ધાઓની વીરભૂમિ છે. તેમ તપસ્વીઓની તપોભૂમિ પણ છે જ તેનો સંકેત અહીં કવિએ કુશળતાપૂર્વક કરી દીધો છે. કવિની બીજી મુલાકાત વર્ષાઋતુમાં છે. આ ઋતુમાં મન મૂકીને વરસતો વરસાદ કવિને મીરાંનાં પદ લાવનાર કાસદ લાગે છે. અને વરસનું જળ ? કવિ શ્રદ્ધાપૂર્વક કહે છે :

તપનું ફળ
વરસતું જળ. (પૃ. ૧૩૪)

કવિનો જળપ્રેમ અહીં પણ અનુભવાય છે. વર્ષાનાં જળની અનેક છટાઓ કવિએ લીલયા ઉપસાવી છે. હર્ષદનું આ રાજસ્થાનનું ચિત્ર રઘુવીર કે ગુલામ મોહમ્મદ શેખનાં રાજસ્થાન વિષયક ચિત્રોથી સાવ ભિન્ન છે એ જોઈ શકાશે.

સંગ્રહનું અંતિમ કાવ્ય છે : 'લીલીછમ વેલી, અમરેલી.' રમેશ પારેખની જેમ હર્ષદ ચંદારાણા પણ અમરેલીના કવિ છે. એની પ્રતીતિ આ કાવ્ય વાંચતાં થયા વિના રહેતી નથી. કવિએ અત્યંત ભાવપૂર્વક પોતાના વતનનું ચિત્ર અહીં દોર્યું છે. આરંભમાં અમરેલીની ઋતુ લીલીછમ વેલીરૂપે કાવ્યાત્મક કલ્પના કર્યા પછી કવિ તેના વર્તમાન અને ભૂતકાળને સ્મરે છે. ભૂતકાળ સાથે સંકળાયો છે ગઢ. આ ગઢની બારી હવે ખૂલ-બંધ થતી નથી. હવે હંમેશા સ્તબ્ધ ને ખુલ્લી હોય છે. ફોટોગ્રાફર કવિને ખુલ્લી ફ્રેમ લાગે છે. અને તેમાં ઊભેલી દેખાય છે (અદૃશ્ય) તરસ-કુંવરી. કવિ આ તરસકુંવરીને શોધે છે. વતનની મધુર સ્મૃતિ કવિને સૌન્દર્યધામ ગોવામાં પણ બોલવાડાવે છે :

ફીણ, મોજાં, સૂર્ય, રેતી નાળિયેરી
આંખ સામે તો ય મારાં ગામ-શેરી (પૃ. ૧૪૧)

આ પંક્તિઓમાં જાણે કવિના મુખ્ય કાવ્ય વિષયોની સૂચિ પણ મળી રહે છે ! આ બધાં તત્ત્વો કવિના અસ્તિત્વમાં ઓગળી ગયાં છે. એમાંય રમેશ પારેખને જે મઘમઘ જૂઈ-ચમેલી લાગે છે તે અમરેલી તો ?

લોહીમાં અવિભાજય ભળેલી -
અમરેલી
વહે છે નસેનસમાં (પ. ૧૪૨)

વતનપ્રેમનાં કાવ્યો ગુજરાતી સાહિત્યમાં થોડાંક જ છે. એ ગુચ્છમાં આ કાવ્યને અવશ્ય મૂકી શકાય અને ગુજરાતી ગઝલના પ્રતિનિધિ સંગ્રહમાં નિ:સંકોચ મૂકી શકાય એવી થોડીક ગઝલો પણ ગુલછડી જેવું સ્વપ્ન રાખતા આપણા ઋતુમુગ્ધ કવિએ આપી છે. હર્ષદ માત્ર ગઝલકાર નથી પણ મુખ્યત્વે ગઝલકાર છે, એવી છાપ આ સંગ્રહ ઉપસાવે છે. એક ગઝલસંગ્રહમાં જો પાંચસાત ઉત્તમ ગઝલો સાંપડે અને મમળાવ્યા કરવાનું મન થાય એવા વીસ-પચીસ શે'ર મળે તો તેને સફળ સંગ્રહ કહેવો પડે. ફીણ-મોજાં આ માપદંડથી સફળ સંગ્રહ છે એમાં શક નહીં. ☐

— શબ્દકથા —

ઢાંકણી

— હસમુખ વ્યાસ —

આજે જયારે ઘરવપરાશમાં સ્ટીલના વાસણોનો બહોળો ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે 'ઢાંકણી' જેવું માટીનું વાસણ લગભગ ભુલાઈ જવા પામ્યું છે. પણ એ પ્રાચીન સમયથી આપણે ત્યાં વપરાતું. સિંધુ સંસ્કૃતિમાં આના ઘણા નમૂનાઓ હાથ લાગ્યા છે. 'ઢંકણી' શબ્દના મૂળમાં દેશી 'ઢંકણી' શબ્દ હોવાનું હેમચંદ્રે નોંધ્યું છે. (જુવો, 'દેશીનામ સંગ્રહ' ચતુર્થ વર્ગ શ્લો. ૩૯૨) 'ઢાંકણી' મૂળ તો વાસણને ઢાંકવા માટે ઉપયોગમાં લેવાતું પાત્ર હોય. આ શબ્દના મૂળમાં પ્રા. 'ઢક્ક' (ઢાંકે છે) ધાતુ હોવાનું પણ નોંધાયું છે. તો. સં. 'સ્થગ'ઢાંકવું પરથી 'સ્થગની' વ્યુત્પન્ન થયાનું 'ભગવદ્‌ગોમંડળ' (સં). નોંધે છે, (પૃ. ૩૭૨) સાથે ગુજરાતી જોડણી કોશ આના મૂળમાં સં. 'ઢક્કન' હોવાનું નોંધે છે. (પૃ. ૩૯૬) આમ, સં. સ્થગની પ્રા. ઢકકણી - ઢંકણી - ઢાંકણી વ્યુત્પન્ન થઈ શકે છે. 'ઢાંકણી' શબ્દ ઉપરથી 'ઢાંકોઢૂબો' 'ઢાંકેલું ઢબુરેલું' જેવાં શબ્દ અને 'ઢાંકણીમાં પાણી લઈ બૂડી મરવા' જેવો શબ્દપ્રયોગ પણ પ્રચલિત થયેલ છે. આચાર્ય હેમચંદ્રે તેમના દેશી શબ્દસંગ્રહ'માં આ શબ્દના ઉદાહરણવાળી પ્રસ્તુત ગાથા નોંધી છે.

'ઢુંખરિય ! ઢંકુણગૃહે અસ્યા મા વ્રજ ઢક્કયં
દ્રષ્ટુમ
ઢંકુણખાંદિત: ઢંકણિહત: નિસ્સરઢંસયં લબ્ધ્વા.'

અર્થાત્

વિશેષ પ્રકારની વીણાવાળા હે ! માંકડના ઘરમાં તું તેણીનું તિલક જોવા ન જા. જઈશ તો માંકણોથી ખવાઈ ગયેલી તું અયશ મેળવી ઢાંકણીથી માર ખાઈ બહાર નીકળીશ. ☐

જાણીએ જોડણી

નિયમ ૨૬ : બોલવામાં ક્‌ખ, ટ્‌ઠ, ડ્‌ઢ ત્‌થ, દ્‌ધ અને બ્‌ભ અક્ષરો કે તેનાં સ્વરૂપ સંયુક્ત હોય તેવા તદ્‌ભાવ શબ્દોમાં અનુક્રમે ખ્ખ, ઠ્ઠ, ઢ્ઢ થ્થ, ધ્ધ અને ભ્ભ યા તેનાં સ્વરૂપો લખવાં, અર્થાત્ બીજો વર્ણ બેવડાવવો.

દાખલા : ઉચ્ચાર આવો જણાય તો યે લેખન તો આમ જ,

ચોક્ખું	ચોખ્ખું
દક્ખણ	દખ્ખણ
ચિટ્ઠી	ચિઠ્ઠી
ટટ્ઠર	ડઠ્ઠર
ભટ્ઠી	ભઠ્ઠી
બુટ્ઠું	બુઠ્ઠું
બુડ્ઢો	બુઢ્ઢો
જત્થો	જથ્થો
પત્થર	પથ્થર

અદ્ધ્ર	અધ્ધર
ગદ્ધો	ગધ્ધો
સબ્ભર	સભ્ભર વગેરે.

નોંધ : (ક) જોડણીકોશે આ નિયમ આ શબ્દોમાં આપ્યો છે. 'અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય એવા તદ્‌ભવ શબ્દોમાં મહાપ્રાણનું દ્વિત્વ કરવું' એના અપવાદ સિવાય દરેક વર્ગના અલ્પપ્રાણ (પહેલા, ત્રીજા વર્ણ) અને મહાપ્રાણ (બીજા ચોથા, વર્ણ) ભેગા ઉચ્ચારાય ત્યાં લખતી વેળા મહાપ્રાણ બેવડાવવાનો આ નિયમ થોડા શબ્દો, આપણે દર્શાવેલ અલ્પપ્રાણ-મહાપ્રાણનાં છ જોડકાં, માટે જ છે. જોડણીકોશના નિયમ મુજબ ભત્થું ખોટું ગણાય પણ ઇઠ્ઠા-ઇટ્ઠા, ભથ્થું-ભત્તું માન્ય છે અને ઝભ્ભોની જેમ ઝબ્બો પણ ખરું છે. નક્કી જગ્ગા, ટટ્ટી, ટટ્ટુ, બત્તી, ડબ્બી જેવા શબ્દોમાં અલ્પપ્રાણનું દ્વિત્વ છે ને તે રીતે ઉચ્ચારાય છે ત્યારે મહાપ્રાણનો સવાલ રહેતો નથી. ચોકઠું જેવા શબ્દમાં અલ્પપ્રાણ મહાપ્રાણ સાથે છે પણ તે એક જ વર્ગના (પાસેપાસેના) નથી. અચ્છેર, અચ્છું જેવામાં પાસે પાસેના અલ્પપ્રાણ-મહાપ્રાણ હોવા છતાં મહાપ્રાણનું દ્વિત્વ થતું નથી ગ્ઘ, જ્ઝ, પ્ફ પણ પાસેપાસેના અલ્પપ્રાણ-મહાપ્રાણ છે પરંતુ તેના વિનિયોગવાળા શબ્દો ખાસ નથી.

(ખ) સંસ્કૃત તત્સમ શબ્દોમાં દ્ધ વર્ણ સાથે ઉચ્ચારાતા હોય ત્યાં આ નિયમ લાગુ પડતો નથી. જેમ કે, બુદ્ધિ, રિદ્ધિ, વૃદ્ધિ, શુદ્ધિ, સિદ્ધિ, સિદ્ધાંત.

(ગ) હિંદી શબ્દોમાં પણ સંસ્કૃતિની જેમ અલ્પપ્રાણ - મહાપ્રાણ સાથે રહે છે, પરંતુ ગુજરાતીકરણ પામતા હિંદી શબ્દોમાં મહાપ્રાણ બેવડાય છે. જેમકે, હિંદી મક્ખીચૂસ, પત્થર, વિટ્ઠલ ગુજરાતીમાં મખ્ખીચૂસ, પથ્થર, વિઠ્ઠલ બને છે.

નિયમ ૨૭ : કેટલાક શબ્દોમાં બીજા વ્યંજન હની પૂર્વે, પ્રથમ વ્યંજન સાથેનો, 'અ' ક્યારેક ઉચ્ચારતો નથી કે ઓછો ઉચ્ચારાય છે છતાં હને આગળના વ્યંજન સાથે જોડવાને બદલે તેની પૂર્વે પ્રથમ વ્યંજનમાં 'અ' ઉમેરીને લખવામાં આવે છે.

દાખલા : બોલાય આમ, પણ લખાય આમ :

ક્‌હે	કહે
ર્‌હે	રહે
ચ્‌હેરો	ચહેરો
ડ્‌હોળું	ડહોળું
દ્‌હાડે	દહાડે
ન્‌હેર	નહેર
ન્‌હોતું	નહોતું
પ્‌હાડ	પહાડ
પ્‌હેર	પહેર
પ્‌હોળું	પહોળું
પ્‌હોંચ	પહોંચ
બ્‌હાનું	બહાનું
બ્‌હાર	બહાર
બ્‌હેન	બહેન
બ્‌હેરું	બહેરું
મ્‌હેણું	મહેણું
મ્‌હોર	મહોર
મ્‌હોલ્લો	મહોલ્લો
ર્‌હેંટ	રહેંટ
લ્‌હાવો	લહાવો
લ્‌હેર(ખી)	લહેર (ખી)
વ્‌હાણું	વહાણું
વ્‌હાલ	વહાલ
વ્‌હેરવું	વહેરવું
શ્‌હેર	શહેર
સ્‌હારો	સહારો
સ્‌હેજ	સહેજ
સ્‌હેલું	સહેલું
ક્‌હેવત	કહેવત
ડ્‌હાપણ	ડહાપણ
ત્‌હેનાત	તહેનાત
ત્‌હેવાર	તહેવાર
ત્‌હોમત	તહોમત
દ્‌હેશત	દહેશત
પ્‌હેરણ	પહેરણ
મ્‌હાવત	મહાવત
મ્‌હાવરો	મહાવરો
મ્‌હેફિલ	મહેફિલ
મ્‌હેસાણા	મહેસાણા
મ્‌હેસૂલ	મહેસૂલ
મ્‌હોરાવવું	મહોરાવવું
ર્‌હેણાક	રહેણાક
લ્‌હેજત	લહેજત
વ્‌હેવાર	વહેવાર
વ્‌હેંચણી	વહેંચણી
પ્‌હેલવાન	પહેલવાન
મ્‌હેરબાન	મહેરબાન
મ્‌હેરામણ	મહેરામણ
સ્‌હેલગાહ	સહેલગાહ
પ્‌હાણીપત્રક	પહાણીપત્રક
બ્‌હારવટિયો	બહારવટિયો વગેરે.

નોંધ : (ક) ડહોળું, દહાડે, બહાનું, વહોરા, મહેસાણા, આરસપહાણની જગાએ કેટલાક હનો લોપ કરી ડોળું, દાડે, બાનું, વોરા, મેસાણા, આરસપાણ એવાં રૂપ આપે છે તે બરાબર નથી. 'ન મામા કરતાં કહેણો મામો શું ખોટો ?' એ કહેવતમાં 'કહેણો'નું 'કાણો' થઈ જાય તેયે બરાબર નથી. પ્રાદેશિક બોલી સિવાયના ગદ્યમાં એક જ માન્ય રૂપ ઇચ્છનીય છે. વહોરા માટે વ્હોરા, વોરા, હોરા, વોહરા પણ વપરાય છે. ધ્વનિશાસ્ત્રની રીતે આ બધાં રૂપ ખરાં હોઈ શકે પરંતુ આમાં તો આ અને આ પછીના એમ બંને નિયમોની ઉપરવટ જવાયું છે. એટલે આ અંગે કોઈ એક જ રૂપ સ્વીકારવા અથવા વિવિધ રૂપો વચ્ચેની ભિન્નતા જાહેર થાય તે આવશ્યક ગણાય.


(ખ) બહેનને બદલે બેન લખનાર હવે પછીના નિયમ ૨૮ને અનુસરે છે. આમાં જોકે ક્યારેક ઉચ્ચાર પણ બહેનને બદલે બેન જ થતો જોવા મળે છે. છતાં એક શબ્દપ્રયોગ સારુ બે ભિન્ન-વિરોધી નિયમોનો વૈકલ્પિક ઉપયોગ ઇચ્છનીય નથી. લોપચિહ્નવાળું બે'ન ચાલે, બેન નહીં. વ્હાલીનું વહાલી કરાય, વાલી કરીએ તો અર્થ બદલાઈ જાય. વ્હેલનું વહેલ થાય, હેલ કે વેલ નહીં.

(ગ) 'નેહરુ'માં હ્ પૂર્વે અ નથી, એ છે તેથી તેનું 'નહેરુ' ન કરાય. એ રીતે દેહરાદૂનનું દહેરાદૂન ન કરાય અને વેપાર (-રી) માટે વહેપાર (-રી) પણ ન થાય. હા, વ્યાપાર (-રી) સંસ્કૃત તત્સમ શબ્દો તરીકે ખરાં છે. વેચવું - વહેંચવું ના અર્થ ભિન્ન છે.

(ઘ) વ્હીલ, વ્હીલર, વ્હિટની, વ્હિટમેન, વ્હાઈટ વ. અંગ્રેજી શબ્દો છે. મ્હસકર મરાઠી શબ્દ છે.

(ડ) મહેરબાન સાહેબના સંક્ષેપરૂપ તરીકે 'મે.' સાહેબ વપરાય છે, તે બરાબર નથી. મહેરબાનનું સંક્ષિપ્તરૂપ મ. જ થાય, 'મે.' નહીં.

- રામજીભાઈ પટેલ



માચાથી ધરતીનો છેડલો ના છૂટે,
માનવીની માયાના બંધ ના વછૂટે;
માચાથી ધરતીનો છેડલો ના છૂટે.

બાલમુકુન્દ દવે

('કુન્તલ'માંથી)

એક કર્મનિષ્ઠ ગાંધીવાદી લોકસેવકની વિદાય



કર્મનિષ્ઠ ગાંધીવાદી લોકસેવક અને ગુજરાત રાજ્યના આરોગ્ય, પરિવારકલ્યાણ અને કુટિરઉદ્યોગના મંત્રી બાબુભાઈ વાસણવાળા ગુજરાતભરમાં એક સંનિષ્ઠ સામાજિક કાર્યકર તરીકે ખ્યાત છે. ગઈ તા. ૭ ઑક્ટોબરે એમનું અવસાન થતાં એમના જેવા માણસની ખોટ ગુજરાતે કદાચ હંમેશ માટે ભોગવવી પડશે. ગઈ ૨૦ સપ્ટેમ્બરે હૃદયરોગની સારવાર માટે એમને મદ્રાસની ઍપોલો હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં બાયપાસ સર્જરી પછી છેલ્લા ત્રણેક દિવસમાં એમની તબિયત બગડી અને ફેફસાં તથા કીડનીની કામગીરીમાં મુશ્કેલી પેદા થઈ અને બુધવાર તા. ૭ના રોજ બપોરે ૧-૧૦ વાગ્યે એમણે દેહત્યાગ કર્યો.

ઈ. ૧૯૨૫ની ૨૫ ફેબ્રુઆરીએ અમદાવાદમાં એમનો જન્મ. મેટ્રિક સુધી એમણે અભ્યાસ કરેલો અને ૧૯ વર્ષની વયથી એમણે સ્વાતંત્ર્યની લડતમાં સક્રિય ભાગ લેવા માંડેલો. રાવજીકાકા સાથે તેઓ સમાજશુદ્ધિના કાર્યમાં જોડાયા હતા. ઠાકોરભાઈ દેસાઈના એ ખાસ શિષ્ય સમા હોઈ એમની પ્રેરણાથી એમણે કૉંગ્રેસની વિચારધારાના યોગ્ય પ્રસારણ માટે અધ્યયન મંડળ શરૂ કરેલું. અને '૬૫થી છેક સુધી એ મંડળના તેઓ પ્રમુખ રહેલા. ૧૯૬૨થી તેઓ ભારત સેવક સમાજના પણ પ્રમુખ હતા. ૧૯૭૫માં તેઓ ચૂંટણી જીત્યા ત્યાર પછી સતત ચાર વાર તેઓ ચૂંટાતા રહ્યા હતા. દર શનિવારે લોકસંપર્ક અર્થે તેઓ પોતાના મત-વિસ્તારમાં ફરીને લોકોની મુશ્કેલીઓની જાણકારી મેળવી તેના નિકાલ માટે શક્ય તે પ્રયાસ કરી છૂટવાની એમની આગવી ખાસિયત હતી. આ રીતે રાજ્યની વિધાનસભામાં તેઓ એક પીઢ અનુભવી કાર્યકર હતા. કટોકટીના કાળમાં 'મીસા' હેઠળ એમને પકડવામાં પણ આવેલા.

૧૯૯૦માં ચીમનભાઈ પટેલના મંત્રીમંડળમાં આરોગ્ય, કુટુંબકલ્યાણ અને કુટિરઉદ્યોગના મંત્રી બનાવવામાં આવ્યા. નેચરોપથી અને આયુર્વેદની ઉપચાર પદ્ધતિના તેઓ હિમાયતી હતા. પણ આધુનિક ચિકિત્સા પદ્ધતિને સ્વીકારીને એમણે રાજ્યની દરેક સિવિલ હૉસ્પિટલને અદ્યતન સાધનોથી સુસજ્જ કરી હતી. નજીવા દરે બાયપાસ સર્જરીની અદ્યતન સુવિધા પણ એમણે કરી હતી. આ જ રીતે કુટિરઉદ્યોગ અને મહિલાઉત્કર્ષના ક્ષેત્રે પણ એમનું મોટું યોગદાન હતું. હડકવાની રસી માટે થતી હજારો ઘેટાંની કતલને એમણે બંધ કરાવી નવી રસીના વપરાશને એમણે અમલમાં મુકાવી હતી. જૈન સમાજે આ બદલ એમનું સન્માન પણ કરેલું. ખાદી અને દારૂબંધીના તેઓ ચુસ્ત હિમાયતી હતા. રહેણીકરણીમાં અત્યંત સાદગીમાં રહેનાર તેમણે દારૂબંધી માટે શહેરના દરેક દારૂના અડ્ડાની પાકી માહિતી પૂરી પાડીને અને જાતે પોલીસની સાથે ફરીને તે બતાવીને સરકાર તેમજ શહેરના પોલીસતંત્રને આ દિશામાં કાર્યરત થવાની ફરજ પડી હતી. અમદાવાદની નેશનલ કો.ઑપરેટીવ બેંકના પણ તેઓ પ્રમુખ હતા.

રાજકીય કાવાદાવા ને ખટપટોથી સદાય અળગા રહી એમણે સદાય લોકકલ્યાણની ભાવનાને પોતાને હૈયે ધારી રાખી હતી. પોતાની વગનો કોઈ ગેરલાભ ન લે તે માટે પણ તેઓ સદા જાગૃત રહેતા. ૬૭ વર્ષના પોતાના આયુ દરમિયાન સદાય પોતાની ઉચ્ચ નૈતિકતા જાળવી રાખીને સમગ્ર ગુજરાતમાં જે લોકચાહના મેળવી હતી તે કદી ભૂલી શકાય તેમ નથી. આજે જવલ્લે જ જોવા મળે એવી એમની નિર્દંભ સાદગી, લોકહિતાર્થે હાથ ધરેલાં કાર્યો પ્રત્યેની સન્નિષ્ઠતા, નીતિમત્તા અને લોકોના અંતઃકરણપૂર્વકની ચાહના ફરી ક્યારે જોવા મળે તે કહી શકાય તેમ નથી જ. □

કેનોપનિષદ

तस्मिंस्त्वयि किं वीर्यमित्गपीद् सर्वं दहेयं यदिदं पृथिव्यामिति ॥५॥

तस्मै तृणं निदधावेतद दहेति तदुपप्रेयाय सर्वजवेन तन्न शशाक दग्धुं ।
स तत एव निववृते नैतदशकं विज्ञातुं यदेतद यक्षमिति ॥६॥

अथ वायुमब्रुबन् वायवेतदं विजानीहि किमेतद यक्षमिति तथेति ॥७॥

तदभ्यद्रवत् तमभ्यवदत् कोडसीति वायुर्वा अहमस्मीत्यब्रबीन्मातरिश्चा वा अहमस्मीति ॥८॥

तस्मिंस्त्वयि किं वीर्यमित्यपीदं सर्वमाददीय यदिदं पृथिव्यामिति ॥९॥

तस्मै तृणं निदधावेदादत्स्वेति तदुपप्रेयाय सर्वजवेन तन्न शशाकादातुं
स तत ऐव निववृते नैतदशकं विज्ञातुं यदेतद् यक्षमिति ॥१०॥

अथेन्द्रमब्रुवन् मधवन्नेतद् विजानीहि किमेतद् यक्षमिति तथेति तदभ्यद्रवत् तस्मात् तिरोदधे ॥११॥

स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम बहुशोममानामुमा हैमवतीं ता होवाच किमेतद् यक्षमिति ॥१२॥

॥ इति तृतीय खण्डः ॥

શક્તિ શી છે કહે ત્હારી ?
- દહું નિઃશેષ આ બધું
જાણો, પૃથ્વી પરે જે આ જણાતું, સઘળું હતું. ૫
નાખીરે તરણું એક એની આગળ (બ્રહ્મ) તે
કહે તું બાળશે આને.
- પ્રવેગે તે ગયો ત્યંહી
પરન્તુ ના શક્યો બાળી, ત્યારે પાછો વળી કહે,
(દેવોને) ના શક્યો જાણી હું, આ છે યક્ષ કોણ તે. ૬
કહેતા વાયુને હાવાં: વાયુ હે, કોણ યક્ષ આ ?
જાણી તે લાવશો સ્પષ્ટ.
- તેમ હો, વાયુએ કહ્યું. ૭
કને એની રહ્યો દોડી, જોઈને બ્રહ્મ પૂછતા,
કોણ છો તું ?
- કહે વાયુ; માતરિશ્વા હું, વાયુ હું. ૮

કેવું સામર્થ્ય છે ત્હારું ?
- સર્વ આ કૈ ઉખેડું હું,
જે હો પૃથ્વી પરે આ તે સંધુયે એમ તે કહે. ૯

નાખીને તરણું એની ભણી, આને ઉપાડ તું,
કહેતા બ્રહ્મ.
- ત્યાં પૂર્ણ નિજી વેગે ધસ્યો છતાં
ઉપાડી ના શક્યો એને. તેથી પાછો વળી, કહે
હું ન જાણી શક્યો, દેવ, કોણ છે યક્ષ આ અહીં. ૧૦

કહે સૌ ઈન્દ્રને હાવાં: મઘવન્ આપ આટલું
જાણી લાવો ખરે સાચે કોણ છે યક્ષ આ મહા.
તથાસ્તુ કહી તે વેગે એની સન્નિધિમાં જતાં,
અન્તર્ધાન થયા બ્રહ્મ. ૧૧

આવી તે નભમાં નારી ઉમા હૈમવતી, મહા
લાવણ્યે ઓપતી, એને પૂછે આ યક્ષ કોણ છે ? ૧૨

રાજેન્દ્ર શાહ

ઉપવાસનું ઔચિત્ય

વૈદ્ય અરુણ પંડ્યા

કુદરતી ઉપચાર, શિવામ્બુ વગેરે વિવિધ ઉપચાર પધ્ધતિઓ માટે અમુક સમયે અખબાર, પુસ્તિકા આદિ દ્વારા સવિશેષે પ્રચાર ચાલે છે અને તેને કારણે લોકોમાં પ્રથમ કુતૂહલ થાય અને પછી તેનો અતિરેક થવા માંડી ઘેલછામાં બદલાય છે. ઉપવાસ અંગે પણ આવું જ કાંઈક બનતું જોવા મળે છે.

આયુર્વેદમાં દરેક વ્યક્તિને પ્રકૃતિ, નૈસર્ગિક બલ, દેશ, કાળ આદિને અનુલક્ષીને આહાર-સેવનનો નિર્દેશ કરેલો છે. શરીરના પ્રાણરૂપ અગ્નિનો આધાર પણ આહાર જ છે. અગ્નિ પ્રથમ આહારને પચાવે છે. આહારના અભાવમાં તે અવશિષ્ટ દોષોને પચાવે છે, અને છેલ્લે પ્રાણ રૂપ ધાતુઓનું દહન કરે છે, જે અંતે દેહની ક્ષીણતામાં પરિણમે છે.

ઉપવાસ એ લંઘનનો પ્રકાર છે. શરીરમાં લઘુતા ઉત્પન્ન કરે તે લંઘન. લઘુ ભોજન એ પણ લંઘન જ છે. ઉપવાસમાં લઘુ ભોજન અને અનશન બંને આવી શકે; અવસ્થા અને આવશ્યકતા મુજબ વ્યક્તિએ તેનું સેવન કરવું જોઈએ. પણ સામાન્યપણે ઉપવાસ એટલે અનશન જ સમજવામાં આવે છે. આથી વ્યક્તિ પોતાનું પ્રાકૃતિક બલ, અવસ્થા આદિનો વિચાર કર્યા વગર વધુ પડતા ઉપવાસ કરવા પ્રેરાય છે, તે દેહબલ અને ધાતુઓને ક્ષીણ કરનાર તથા અગ્નિને વિષમ કરનાર હોઈ હાનિકર સિધ્ધ થાય છે. વૃધ્ધાવસ્થામાં પણ ઉપવાસ નિષિધ્ધ છે.

વસંતમા કફપ્રકોપ, વર્ષમાં અગ્નિની મંદતા તથા શરદમાં પિત્તપ્રકોપ, ઋતુવૈષમ્ય હોવાથી ઉપવાસ સેવવા યોગ્ય છે. જ્યારે ગ્રીષ્મ, હેમંત તથા શિશિર ઋતુમાં, ઋતુને અનુકૂળ યોગ્ય આહાર લેવો જ જોઈએ.

સૂર્યસેનનાં બે પત્રો

(ગયા અંકમાં ક્રાન્તિવીર સૂર્ય સેનનું ચરિત્ર પ્રગટ કરાયું છે તેના સંદર્ભમાં સૂર્ય સેને જેલમાંથી ફાંસીના આગલે દિવસે લખેલા આ પત્રો અહીં પ્રકટ કરીએ છીએ.)

પ્રેમાળ મોટાભાઈ,

મારાં ભક્તિપૂર્ણ પ્રણામ સ્વીકારશો. ઘણા દિવસોથી તમારો કોઈ પત્ર મળ્યો નથી. ખેર, મારા દિવસો પૂરા થયા છે ! મારા પ્રિયતમ દેવતાએ મને થોડા દિવસો માટે આ મર્ત્ય જગતમાં મોકલ્યો હતો; તેમના નિર્ધારિત દિવસો પૂરા થયા છે તેથી તેઓ ફરી મને તેમની ગોદમાં પાછો લઈ રહ્યા છે. આનું મને સહેજે દુઃખ નથી, ઊલટાનો આનંદ છે. તમારે પણ ભગવાનની આ યોજના પર ખેદ કરવાનું કોઈ કારણ નથી. મારા દેવતાએ મને આહ્વાન કર્યું છે, હું તેમના આહ્વાનનો પ્રતિસાદ આપવા જઈ રહ્યો છું. મને આશીર્વાદ આપો કે હું દેવતાનું સાન્નિધ્ય પામી શકું. વૃધ્ધત્વથી જીર્ણ થઈ, શ્રાન્ત, ક્લાન્ત, પંગુ શરીર તથા મન લઈ તેમને ચરણે જવા કરતાં તરોતાજા અવસ્થામાં તેમની પાસે જવું ઘણું સારું એવી લાંબા સમયની મારી ધારણા હતી અને આજે પણ છે. તેથી આજે જ્યારે તેમનો સાદ સંભળાયો ત્યારે મને સારું જ લાગ્યું. જીવનમાં હું બરાબર સારી રીતે દેવતાની પૂજા કરી શક્યો નથી, કેટલીક ત્રુટી, કેટલીક અધૂરપ રહી ગઈ છે, તેમના ચરણોમાં જઈ પૂજાનું સમાપન કરીશ એવી આશા રાખીને જાઉં છું.

મોટાભાઈ, તમારાં અગાધ સ્નેહમમતાનો હું સહેજ પણ બદલો વાળી શક્યો નથી. ઊલટાનું મેં તમને હમેશાં દુઃખી કર્યા છે. વડીલોના પ્રેમનું ઋણ હું સહેજે પણ ચૂકવી શક્યો નથી. ઋણનો બોજ લઈને જ હું જાઉં છું. તમે મને આટલો બધો પ્રેમ કર્યો છે, મારે માટે તમે આટલા બધા વ્યાકુળ થયા છો, મારા જીવનને બચાવવા માટે તમે તમારા ગજા ઉપરાંત પ્રયત્ન કર્યો છે, ધનની કમીથી રસ્તા પર ઊભા રહ્યા છો, તે સિવાય નિષ્ફળતાનો નિર્મમ આઘાત તમને કેવી મર્માન્તિક યાતના આપી રહ્યો છે એ બધું વિચારી મારું મન ખિન્ન થઈ ઊઠે છે. હું આનંદ પામી રહ્યો છું, પણ તમે ભીષણ દુઃખ પામી રહ્યા છો. એનો વિચાર આવતાં મારા આનંદમાં પણ તમારે માટે મને દુઃખ થાય છે. દાદા, ભગવાન મંગલમય છે. તેમની યોજનામાં માંગલ્ય જ સમાવિષ્ટ છે. આ સત્ય પામી શાંત થવાનો પ્રયાસ કરો. બધાને સાન્ત્વના આપો. વડીલોને મારા પ્રણામ અને નાના સઘળાંને મારાં સ્નેહાશિષ પાઠવશો. ભાભીને મેં ગઈ ૨૧/૧૧/૩૩ના રોજ એક પત્ર લખ્યો છે. મારે માટે દુઃખી થશો નહીં, મને સંતુષ્ટ મને વિદાય આપો. જતી વખતે કવિસમ્રાટ રવીન્દ્રનાથની પંક્તિઓ યાદ આવે છે :

"મ્લાન દિવસનું છેલ્લું કુસુમ લઈ
આ કિનારેથી નવજીવનના કિનારે
જઉં છું મારી યાત્રા પૂરી કરી."

એ જ આપનો સ્નેહાધિન

શ્રી સૂર્યકુમાર સેન

શ્રી ચરણેષુ,

સ્નેહમયી મોટીબહેન, મારાં ભક્તિપૂર્ણ પ્રણામ સ્વીકારો. ભાભી અને અન્ય વડીલોને મારાં ભક્તિપૂર્ણ પ્રણામ પાઠવશો. કમલ, અજિત, ગોપાલ, રાખાલ, મણિ, રાણી, બાદલ અને અન્ય સઘળાં નાનેરાંઓને મારા સ્નેહાશિષ પાઠવશો. નાનાં ભાભીને મારાં સ્નેહાશિષ પાઠવશો. આપણા ઘરના પૂજારી વૃદ્ધ બ્રાહ્મણદાને મારાં ભક્તિપૂર્ણ પ્રણામ પાઠવશો. આપણા ગામના બધા ગુરુજનોને મારા પ્રણામ અને નાના સહુને મારાં આશિષ આપશો. આપણા આત્મીય સ્વજનો પૈકી જે મારા વડીલ છે તે સહુને મારાં પ્રણામ અને નાના સહુને મારા સ્નેહાશિષ પાઠવશો. બધા પાસેથી હું હંમેશ માટે વિદાય લઉં છું. મેજદિ, તમને આજે કયા શબ્દોમાં સાન્ત્વના આપવી એ હું જાણતો નથી. તમને સાન્ત્વના આપવાની શક્તિ મારી પાસે નથી. તમારા જેવા અપરિચીત સ્નેહી પૂર્ણ હૃદયને આ અવસ્થામાં સાન્ત્વના આપી શકે એવું કોઈ જગતમાં છે કે નહીં તે હું જાણતો નથી. ભગવાન પાસેથી જાતે જ સાન્ત્વના શોધી શકશો તો શાંતિ પામશો. આજના આ નિર્મમ આઘાતે તમારા સ્નેહપ્રવણ હૃદયને ભાંગી ભુક્કો કરી નાંખ્યું છે એ હું જાણું છું પરંતુ સાન્ત્વના આપવાની, આઘાત સહન કરવાની ભાષા મને મળતી નથી. મેજદિ, દુઃખી થશો નહીં. ભગવાનની યોજનાનો સંતુષ્ટ ચિત્તે સ્વીકાર કરવાનો પ્રયત્ન કરો. હું જઈ રહ્યો છું તેનું મને સ્હેજ પણ દુઃખ નથી, તમારા દુઃખનો ખ્યાલ આવતાં મન કરુણ થઈ ઊઠે છે. મેજદિ, સંસારમાં કોઈ અમર નથી. બધાએ મરવાનું છે તેથી માત્ર દુઃખ કરવાથી ફાયદો શો ? તમારી પાસે મેં સેંકડો અપરાધ કર્યા છે, મને માફ કરો. ભગવાન મંગલમય છે. એ વાત પર વિશ્વાસ કરો; તમને અવશ્ય શાંતિ સાંપડશે.

એ જ તમારો સ્નેહાધીન

સૂર્ય

શ્રેષ્ઠ ખાદ્ય

આયુર્વેદે વર્ષોના અનુભવ પછી કેટલીક ચીજોને ખાવાલાયક શ્રેષ્ઠ ગણાવી છે તે આ પ્રમાણે છે :

(૧) અનાજ - રાતા શાલિ ચોખા
(૨) કઠોળલ - મગ
(૩) ફળો - પાકી કેરી
(૪) શાક - પરવળ
(૫) ભાજી - ડોડી (ખરખોડી)
(૬) પાન - નાગરવેલનું પાન
(૭) કંદમૂળ - આદુ
(૮) તેલ - તલનું
(૯) મીઠું - સિંધાલૂણ
(૧૦) ગોળ - માટલાનો
(૧૧) પાણી - આકાશનું ઝીલેલું પાણી કે ઊંડા કૂવાનું પાણી
(૧૨) ઔષધ - હરડે
(૧૩) દાતણ - કરંજનું દાતણ
(૧૪) દૂધ - ગાયનું દૂધ
(૧૫) ઘી-માખણ-ગાયનાં દૂધનાં

સંખ્યા - નામ

એક	૧
દશ	૧૦
સો, શત	૧૦૦
હજાર, સહસ્ત્ર	૧૦૦૦
દશહજાર, અયુત	૧૦૦૦૦
લાખ, લક્ષ	૧૦૦૦૦૦
દશલાખ, પ્રયુત	૧૦૦૦૦૦૦
કરોડ, કોટી	૧૦૦૦૦૦૦૦
દશ કરોડ, અર્બુદ	૧૦૦૦૦૦૦૦૦
અબજ, અબ્જ	૧૦૦૦૦૦૦૦૦૦
દશ અબજ, ખર્વ	૧૦૦૦૦૦૦૦૦૦૦
નિખર્વ	૧૦૦૦૦૦૦૦૦૦૦૦
દશ નિખર્વ, મહાપદ્મ	૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦
શંકુ	૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦

જાગીને જોઉં તો-

જાગીને જોઉં તો જગત દીસે નહીં,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

પંચ મહાભૂત પરિબ્રહ્મ વિશે ઊપન્યાં,
અણુઅણુમાંહીં રહ્યાં રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં,
થડ થકી ડાળ તે નહિ રે અળગી.

વેદ તો એમ વદે, શ્રુતિ- સ્મૃતિ શાખ દે,
કનકકુંડળ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડ્યા પછી નામરૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે.

જીવ ને શિવ તો આપ ઇચ્છાથી થયા,
રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે નરસૈંયો એ તે જ તું તે જ તું,
એને સમર્યાથી કંઈ સંત સીધ્યા.

નરસિંહ મહેતા

ચંદા વેરી વાદળાં, જળ વેરી શેવાળ;
પુરુષવેરી ઊંઘ છે, માછલી વેરી જાળ.

ચીનના તત્ત્વવેત્તા કન્ફ્યુશિયસના જીવનનો આ પ્રસંગ છે. એક વાર એક સ્ત્રીએ તેમની પાસે જઈને ફરિયાદ કરી કે આ ગામમાં દોઢેક વર્ષ પહેલાં એક વાઘ મારા પિતાને ખાઈ ગયો, ત્યાર પછી થોડા સમય બાદ વાઘ મારા ભાઈને અને વળી થોડા સમયને આંતરે મારા પતિને અને મારા એકના એક દીકરાને ખાઈ ગયો છે.

કન્ફ્યુશિયસે પૂછ્યું; 'તો પછી આ માણસખાઉ વાઘવાળો વિસ્તાર છોડીને તું બીજે રહેવા શા માટે નથી જતી ?'

બાઈ કહે : 'અહીં એક વાતની નિરાંત છે કે કોઈ જુલમી અમલદાર અહીં નથી.'

¤

તિબેટનો ઉચ્ચપ્રદેશ દુનિયામાં ઊંચામાં ઊંચો છે. સરાસરી તે ૪૮૭૫ મી. (૧૬,૦૦૦ ફુટ) ઊંચો અને ૨,૦૦,૦૦૦ ચો. કિ.મી. (૭૭,૦૦૦ ચો.મા.)માં વિસ્તરેલો છે.

¤

પેટમાં દુખતું હોય ત્યારે મેથી, સુવા અને સિંધવ સમભાગે લઈ પાણી સાથે લેવાથી ફાયદો થશે.

¤

સાતનો મહિમા : વિશ્વામિત્ર, કશ્યપ, અત્રિ, ભરદ્વાજ, ગૌતમ, જમદગ્નિ અને વશિષ્ઠ (અરુંધતિ સાથે) એ સપ્તર્ષિમંડળ. ષડ્જ, રિષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ એમ સપ્તસ્વર. ભૂ:, ભુવ:, સ્વ:, મહ:, જન:, તપ: અને સત્યમ્ એ સપ્તસ્વર્ગ. તલ, અતલ, વિતલ, સુતલ ,પાતાલ, રસાતલ અને તલાતલ એ સપ્ત પાતાળ.

¤

કહેવત : 'ઊલમાંથી નીકળ્યા ને ચૂલમાં પડ્યા.' એક પ્રકારના દુ:ખમાંથી મુક્તિ મેળવવા જતાં બીજા પ્રકારના દુ:ખમાં જઈ પડવાના અર્થમાં આ કહેવત વપરાય છે. આને મળતી અન્ય કહેવતો છે: 'ઘરની ઊઠી વનમાં ગઈ તો વનમાં લાગી લાહ્ય.', 'અલા ગઈ અને બલા આવી.', 'ભૂત મરે ને પલિત જાગે', 'અવાડામાંથી નીકળીને કૂવામાં પડ્યા.'

¤

કેટલાંક પંખીઓનાં ઈંડાં વિશે જાણવા જેવું એ છે કે તેતર સૌથી વધુ ઈંડાં મૂકે છે, કોયલ ઈંડાં માટે કદી માળો બાંધતી નથી અને પેંગ્વિન ઊભાં ઊભાં જ ઈંડાં સેવે છે.

¤

સાંકડા મુખવાળા પાત્રમાં અંદર ડાઘ પડી ગયા હોય અને તેમાં બ્રશ ના જઈ શકતું હોય ત્યારે તેવા પાત્રમાં સાબુનાં પાણીની સાથે મરી કે વટાણાના કદની કાંકરી ભરી પાત્રને ઉપરતળે જોરજોરથી હલાવવાથી એ ડાઘ દૂર થશે.

¤

ઈન્ડોનેશિયા એ દુનિયાનો મોટામાં મોટો દ્વીપસમૂહ છે. ૫,૬૦૦ કિ.મી. (૩૫૦૦ માઈલ) લાંબા બીજ ચંદ્રકારે ફેલાએલા આ દ્વીપસમૂહમાં ૧૩,૦૦૦ કરતાં યે વધુ નાનામોટા ટાપુઓ આવેલા છે.

¤

જૂના ધર્મમાં નાસ્તિક તેને કહેવાતો હતો કે જે ઈશ્વરમાં શ્રદ્ધા નહોતો રાખતો; પણ નવો ધર્મ તેને નાસ્તિક ગણે છે જેને સ્વયંમાં શ્રદ્ધા નથી.

વિવેકાનંદ

દુનિયાની સૌથી પ્રાચીન નહેર ઈરાકમાં મંડાલી પાસે હતી. પુરાતત્ત્વવિદોને ખોદકામ કરતાં કરતાં એ ઇ.સ. ૧૯૬૮માં મળી આવી હતી અને મનાય છે કે તે ઇ. પૂર્વે ૪૦૦૦માં તૈયાર થઈ હશે.

¤

ફળોના મુરબ્બામાં સહેજ સૂંઠ નાખવાથી તે લાંબા સમય સુધી વાપરી શકાશે.

¤

કલાકણિકા : છે તો એક નાનકડી તાસક, પણ પૂજાનાં ફૂલ એકઠાં કરવામાં તેનો ઉપયોગ થતો હોઈ તેના પર રામાયણના પ્રસંગની કોતરણી સાથેનું શોભન કરીને તંજાવુરના કારીગરોએ તેને ધાર્મિકતાનો ઓપ આપીને સજાવી છે.

¤

